GJRJ010034582018

| | |
|---|---|
| દાખલ તારીખ | ૦૪/૦૫/૨૦૧૮ |
| રજીસ્ટર તારીખ | ૦૪/૦૫/૨૦૧૮ |
| નિકાલ તારીખ | ૦૪/૦૮/૨૦૨૬ |

| સમય અવધી | વર્ષ | માસ | દિવસ |
|---|---|---|---|
| | ૦૮ | ૦૩ | ૦૦ |

**ફોર્મ–એ**

**રાજકોટ જિલ્લાના ત્રીજા અધિક જિલ્લા તથા સત્ર ન્યાયાધીશશ્રી સમક્ષ,**

**મુ. રાજકોટ**

( રાજકોટ શહેર ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન ગુ. ર. નં. ફર્સ્ટ–૧૮૦/૨૦૧૭)

ભારતીય દંડ સંહિતાની કલમ –

૩૦૨, ૩૦૭, ૧૧૪ તથા જી.પી.એક્ટની કલમ–૧૩૫(૧)

**સેશન્સ કેસ નં. ૬૮/૨૦૧૮**
**આંક–૧૩૫**

**ફરિયાદી:–** **શ્રી સરકાર**

ફરિયાદપક્ષ : વિદ્વાન સ્પે.પી.પી.શ્રી આર.વી.કલોલા

**–// વિરુધ્ધ //–**

**આરોપીઓ/ઓ:– ૧.** **અજયસિંહ પ્રધ્યુમનસિંહ વાળા,**
ઉ.વ.૨૬, ધંધો–,
રહે. બજરંગવાડી પાસે,
પુનિતનગર શેરી નં.૨, નવલશેરી,
"નાગબાઈ કૃપા", શીતલપાર્ક રોડ,
જામનગર રોડ, રાજકોટ.

**૨. ધનરાજસિંહ ઉર્ફે ઠેડો બલવીરસિંહ જાડેજા,**
ઉ.વ.૨૧, ધંધો–,
રહે. આશાપુરાનગર શેરી નં.૨,
શ્રી રામ કુટીરની બાજુમાં,
કોઠારીચારોડ, રાજકોટ.

આરોપીઓ તરફે : વિ.વકીલશ્રી એમ.જે.આચાર્ય

**ફોર્મ–બી**

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | ૨૯/૧૨/૨૦૧૭ |
| એફ.આઈ.આર.ની તારીખ | ૨૯/૧૨/૨૦૧૭ |
| ચાર્જશીટની તારીખ | ૨૬/૦૩/૨૦૧૮ |
| ચાર્જ ફરમાવ્યાની તારીખ | ૨૮/૦૫/૨૦૧૯ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૧૯/૦૮/૨૦૧૯ |
| ચુકાદો અનામત રાખ્યાની તારીખ | ૨૮/૦૭/૨૦૨૬ |
| **ચુકાદો આપ્યા તારીખ** | **૦૪/૦૮/૨૦૨૬** |
| સજાનો હુકમ સાંભળાવ્યાની તારીખ, જો હોય તો | **૦૪/૦૮/૨૦૨૬** |

**આરોપીઓની વિગત**

| આરોપીઓ નો ક્રમ | આરોપીઓનુ નામ | અટક કર્યાની તારીખ | જામીન પર છુટયાની તારીખ | ગુનાની વિગત | શું આરોપીઓ નિર્દોષ કે સજા થયેલ તેની વિગત | સજાની વિગત | ટ્રાયલ દરમ્યાન કાચા કામે ભોગવેલ સજાનો સમયગાળો (Cr.P.C. Se. ૪૨૮ મુજબ) |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | **અજયસિંહ પ્રધ્યુમનસિંહ વાળા** | ૦૧/૦૧/૧૮ | -- | **ભારતીય દંડ સંહિતાની કલમ – ૩૦૨, ૩૦૭, ૧૧૪ તથા જી.પી. એક્ટની કલમ–૧૩૫(૧)** | દોષિત | આખરી હુકમ મુજબ | યુ.ટી.પી. |
| ૨. | **ધનરાજસિંહ ઉર્ફે ઠેડો બલવીરસિંહ જાડેજા** | ૦૧/૦૧/૧૮ | ૨૧/૦૭/૧૮ | | દોષિત | આખરી હુકમ મુજબ | ૦૬ માસ, ૨૧ દિવસ |

**-:: જજમેન્ટ ::-**

**(૦૧)** આ કામના આરોપીઓ સામે હાલનો સેશન્સ કેસ નં. ૬૮/૨૦૧૮ દાખલ થયેલ છે જેની ટ્રાયલ આરોપીઓ વિરૂધ્ધ **આઈ.પી.સી. કલમ- ૩૦૨, ૩૦૭, ૧૧૪ તથા જી.પી.એક્ટની કલમ-૧૩૫(૧)** મુજબના ગુના સબબની હાથ ધરવામાં આવેલ છે.

## ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત ::

**(૦૨)** ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, તા.૨૯/૧૨/૨૦૧૭ ના રોજ બપોરના બે વાગ્યાના અરસામાં આ કામના ફરિયાદી તથા તેમના મિત્ર સમર્થસિંહ ઝાલા બન્ને જણા ફરિયાદીનું બુલેટ મોટરસાઈકલ લઈને બજરંગવાડીથી ભોમેશ્વર તરફ જતા હતા તે વખતે ફરિયાદીના માતા અરૂણાબા જાડેજાનો ફોન ફરિયાદીને આવેલ અને તેમને જણાવેલ કે, જયરાજસિંહનો ફોન હતો અને તેનો એક્સીડેન્ટ એરપોર્ટની દિવાલ પાછળ, પુનીતનગરની ગોળાઈ પાસે થયેલ છે તેથી તું ત્યાં જઈ તારુ બુલેટ તેને દઈ આવ. જેથી ફરિયાદી તેમજ તેમનો મિત્ર સમર્થસિંહ ઝાલા પુનીતનગરની ગોળાઈ પાસે આવતા ત્યાં ફરિયાદીનો મોટોભાઈ જયરાજસિંહ તેમજ ત્યાં હાજર અજયસિંહ વાળા બન્ને એકબીજાની સામે હાથ લાંબો કરી ઝઘડો કરતા હતા તેથી ફરિયાદીએ ત્યાં જઈ અજયસિંહ પાસે જઈને શું છે? તેમ પુછતા અજયસિંહ વાળાએ પોતાના પેન્ટના નેફામાંથી એક છરી કાઢેલ અને ફરિયાદી તરફ તેને મારી નાખવા માટે આગળ વધતા ફરિયાદીના મોટાભાઈ જયરાજસિંહ છરી જોઈ જતા તે વચ્ચે આવી ગયેલ અને આ વખતે ફરિયાદીની સાથેના સમર્થસિંહ બુલેટની ઘોડી ચડાવી તેમને છોડાવવા વચ્ચે આવતા હતા તે વખતે અજયસિંહ વાળાએ તેની પાસે રહેલી છરી ફરિયાદીના મોટાભાઈ જયરાજસિંહને છાતીની નીચે પડખાના ડાબી બાજુના ભાગે એક જીવલેણ ઘા મારી દીધેલ અને ફરિયાદીને પણ મારી નાખવા માટે છરી મારવા જતા ફરિયાદીએ બન્ને હાથે છરી પકડી લીધેલ. તે વખતે ફરિયાદીના બન્ને હાથ તથા ડાબા પગના સાથળના પાછળના ભાગે આ અજયસિંહે તેમને છરી વતી ઈજાઓ કરેલ અને સાહેદ સમર્થસિંહ વચ્ચે પડતા અજયસિંહ સાથેના ધનરાજસિંહ ઉર્ફે ઠેડો બલવીરસિંહ જાડેજાએ સમર્થસિંહ ઝાલા ઉપર પથ્થર ઉગામેલ અને સમર્થસિંહની પાછળ દોડેલ અને તે વખતે રોડ ઉપર આવતા

જતા માણસો ઉભા રહી જતા બન્ને આરોપીઓઓ મોટરસાઈકલ મુકી નાસી ગયેલ અને ત્યારબાદ ફરિયાદી તથા સાહેદને જામનગર રોડ ઉપર કડીવાર હોસ્પિટલ લઈ ગયેલા પરંતુ તે બંધ હોય તેથી ૧૦૮ માં ફરિયાદી તેમજ તેમના ભાઈને સરકારી હોસ્પિટલ લઈ ગયેલ જ્યાં ફરજ પરના ડોક્ટરે ફરિયાદીના ભાઈ જયરાજસિંહને મરણ ગયેલા જાહેર કરેલ અને ફરિયાદીએ હોસ્પિટલમાં સારવાર લીધેલી. આમ, ફરિયાદીના ભાઈ જયરાજસિંહને પુનીતનગરમાં રહેતા અજયસિંહ વાળા સાથે વાહન અથડાયેલ હોય તે બાબતે અજયસિંહ વાળા તેમજ તેની સાથેના માણસોએ પ્રથમ ફરિયાદીના ભાઈની સાથે ઝઘડો કરી બાદ ફરિયાદીની હાજરીમાં આરોપીઓ અજયસિંહે ફરિયાદી ઉપર તેમજ ફરિયાદીના મોટાભાઈ જયરાજસિંહ ઉપર છરી વડે જીવલેણ હુમલો કરી ફરિયાદી તેમજ તેમના મોટાભાઈ જયરાજસિંહને ગંભીર ઈજાઓ કરેલ હોય અને અને તે ઈજાઓના કારણે ફરિયાદીના મોટાભાઈ જયરાજસિંહ મરણ ગયેલ હોય તેથી હાલના આરોપીઓઓ વિરૂદ્ધ ઉપરોક્ત બનાવ અંગેની ફરિયાદ ફરિયાદીએ નોંધાવતા જે રાજકોટ શહેર ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં ગુ.ર.નં. ફર્સ્ટ–૧૮૦/૨૦૧૭ અન્વયે ઈ.પી.કોડ કલમ–૩૦૨, ૩૦૭, ૧૧૪ તથા જી.પી.એક્ટની કલમ–૧૩૫(૧) મુજબનો સજાને પાત્ર ગુનો દાખલ થયેલ.

## <u>તહોમતનામુ તથા આરોપીઓની પ્લી :–</u>

**(૦૩)** સદર કેસ દાખલ થતા આ કામે આરોપીઓને સમન્સ, વોરંટ કરતા આરોપીઓ અદાલતમાં હાજર થતા આરોપીઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના પેપર્સ વિના મુલ્યે પુરા પાડવામાં આવેલ હોવાની ખાત્રી થતા, આ કામે આરોપીઓ વિરૂદ્ધ આ ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવી શકાય તેટલા પુરતા પુરાવાઓ હોવાથી આરોપીઓ વિરૂદ્ધ ઉપરોક્ત ગુનાઓ અન્વયે કોર્ટ દ્વારા આંક–૦૨ થી તહોમતનામુ ફરમાવેલ જે તહોમતનામુ આરોપીઓને વાંચી સંભળાવી આરોપીઓનું આંક–૩ તેમજ ૪ થી નિવેદન લેવામાં આવેલ જેમાં આરોપીઓએ તહોમતનામા મુજબના ગુનાનો ઈન્કાર કરેલ અને ટ્રાયલની માંગણી કરેલ જેથી આરોપીઓ સામે તહોમતનામા મુજબના ગુના સબબની ટ્રાયલ હાથ ધરવામાં આવેલ છે અને આગળની કાર્યવાહી કરવામાં આવેલ છે.

**(૦૪)** આ કામમાં પ્રોસીક્યુશન તરફે આરોપીઓએ વિરૂદ્ધનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના પુરાવાઓ રજુ કરેલા છે.

**ફોર્મ–સી**
**ફરિયાદ પક્ષનો મૌખિક પુરાવો**

| ફરી. પક્ષે સાહેદ (PW) નં. | **આંક** | **સાહેદનું નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|---|
| ૦૧ | **૧૭** | ચેતનભાઈ નાથાલાલ જોશીની જુબાની | બનાવવાળી જગ્યાના પંચનામાના પંચ |
| ૦૨ | **૨૨** | મુકુંદભાઈ જયંતભાઈ ટાંકની જુબાની | મરણજનારની લાશના ઈન્કવેસ્ટ પંચનામાના પંચ |
| ૦૩ | **૨૬** | પ્રજ્ઞેશભાઈ શશીકાંતભાઈ સોલંકીની જુબાની | મરણજનારના કપડા કબજે કર્યાના પંચનામાના પંચ |
| ૦૪ | **૩૧** | જીગરભાઈ ભાસ્કરભાઈ જોશીની જુબાની | ઈજાપામનાર તેમજ સાહેદે બનાવ વખતે પહેરેલા કપડા કબજે કર્યાના પંચનામાના પંચ |
| ૦૫ | **૩૫** | અસીલ સલીમભાઈ મગસીની જુબાની | મુદ્દામાલ મોટરસાઈકલ કબજે કર્યાના પંચનામાના પંચ |
| ૦૬ | **૩૯** | રમેશભાઈ ભાનુભાઈ તેરૈયાની જુબાની | આરોપી ધનરાજે બનાવ વખતે પહેરેલા |

| | | | |
|---|---|---|---|
| | | | કપડા કબજે કર્યાના પંચનામાના પંચ |
| ૦૭ | **૭૩** | મયુરસિંહ ચંદ્રસિંહ જાડેજાની જુબાની | આરોપીઓને અટક કર્યાના પંચનામાના પંચ |
| ૦૮ | **૭૭** | નિલરાજભાઈ શાંતુભાઈ ખાચરની જુબાની | ડિસ્કવરી પંચનામાના પંચ |
| ૦૯ | **૯૧** | જયંતિલાલ બોરીદાસ ખોરસાણીયાની જુબાની | ઓળખ પરેડનું પંચનામુ કરનાર– મામલતદાર |
| ૧૦ | **૯૩** | સમર્થસિંહ રઘુવીરસિંહ ઝાલાની જુબાની | બનાવ વખતે ફરિયાદ સાથે રહેનાર સાહેદ |
| ૧૧ | **૧૦૧** | ડો.અલ્પાબેન જગદીશભાઈ જેઠવાની જુબાની | મરણજનાર ની લાશનું પી.એમ. કરનાર ડોક્ટર |
| ૧૨ | **૧૧૧** | ઋતુરાજસિંહ ભુપતસિંહ જાડેજાની જુબાની | બનાવની ફરિયાદ આપનાર ફરિયાદી |
| ૧૩ | **૧૧૫** | ડો.વિનોદરાય સુખાભાઈ ચાવડાની જુબાની | ઈજા પામનારની સારવાર કરનાર ડોક્ટર |
| ૧૪ | **૧૨૦** | હમીરભાઈ રાજશીભાઈ ભાટુની જુબાની | તપાસ કરનાર અમલદાર– પી.આઈ. |

## દસ્તાવેજી પુરાવાઓ

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૦૧ | **૧૮** | થી મુદ્દામાલ આર્ટીકલ–એ માંથી નીકળેલ કાપલી |
| ૦૨ | **૧૯** | થી મુદ્દામાલ આર્ટીકલ–બી માંથી નીકળેલ કાપલી |
| ૦૩ | **૨૦** | થી બનાવવાળી જગ્યાનું પંચનામુ |
| ૦૪ | **૨૩** | થી ઈન્કવેસ્ટ પંચનામુ |
| ૦૫ | **૨૭** | થી મરણજનારે બનાવ વખતે પહેરેલા કપડા કબજે કર્યાનું પંચનામુ |
| ૦૬ | **૨૮** | મરણજનારના કપડા કબજે કર્યાના પંચનામાના પંચ |
| ૦૭ | **૩૪** | થી ઈજાપામનારે બનાવ વખતે પહેરેલા કપડા કબજે કર્યાનું પંચનામુ |
| ૦૮ | **૩૨** | થી મુદ્દામાલ આર્ટીકલ નં.૪, માર્ક–ડી વાળા કાપડના પેકેટમાંથી નીકળેલ ચબરખી |
| ૦૯ | **૩૩** | થી મુદ્દામાલ આર્ટીકલ નં.૪, માર્ક–ઈ વાળા કાપડના પેકેટમાંથી નીકળેલ ચબરખી |
| ૧૦ | **૩૪** | થી ઈજાપામનાર તેમજ સાહેદના બનાવ વખતે પહેરેલા કપડા કબજે કર્યાનું પંચનામુ |
| ૧૧ | **૩૬** | થી મુદ્દામાલ મોટરસાઈકલ કબજે કર્યાનું પંચનામુ |
| ૧૨ | **૪૦** | થી આરોપી ધનરાજે બનાવ વખતે પહેરેલા કપડા કબજે કર્યાનું પંચનામુ |
| ૧૩ | **૭૪** | થી આરોપીઓને અટક કર્યાનું પંચનામુ |
| ૧૪ | **૭૮** | થી ડિસ્કવરી પંચનામુ |
| ૧૫ | **૭૯** | થી મુદ્દામાલ પાવતી નં. ૦૯/૧૮ ના મુદ્દામાલ આર્ટીકલ નં.૧ માંથી નીકળેલ એક સફેદ કાપલી |
| ૧૬ | **૮૦** | થી મુદ્દામાલ પાવતી નં. ૦૯/૧૮ ના મુદ્દામાલ આર્ટીકલ નં.૨ માંથી નીકળેલ એક સફેદ કાપલી |
| ૧૭ | **૮૮** | થી ઓળખપરેડનું પંચનામુ |
| ૧૮ | **૧૦૨** | થી પી.એમ. કરવા માટેની યાદી |
| ૧૯ | **૧૦૩** | થી મરણજનારની પી.એમ. નોટ |
| ૨૦ | **૧૦૪** | થી મરણોત્તર રીપોર્ટ |
| ૨૧ | **૧૦૫** | થી કોઝ ઓફ ડેથ સર્ટીફીકેટ |
| ૨૨ | **૧૧૨** | થી ફરિયાદ |
| ૨૩ | **૧૧૬** | થી ઈજાપામનારનું સારવાર સર્ટીફીકેટ |
| ૨૪ | **૧૨૧** | થી ફરિયાદ લઈ ગુનો નોંધવા અંગેનો ફોરવર્ડીંગ લેટર |

| | | |
|---|---|---|
| ૨૫ | **૧૨૨** | થી ભારે ગુનાનો સ્પેશીયલ રીપોર્ટ |
| ૨૬ | **૧૨૩** | થી તપાસ સોંપણીનો રીપોર્ટ |
| ૨૭ | **૧૨૪** | થી મરણજનાર જયરાજસિંહ ભુપતસિંહ જાડેજાની લાશ સોંપ્યાની પહોંચ |
| ૨૮ | **૧૨૫** | થી એફ.એસ.એલ.નો સ્થળ પરીક્ષણ અહેવાલ |
| ૨૯ | **૧૨૬** | થી ત.ક.અમલદાર દ્વારા એક્ઝી.મેજીસ્ટ્રેટશ્રીને ઓળખપરેડ કરવા અંગે સમય ફાળવવા માટે કરાયેલી યાદી |
| ૩૦ | **૧૨૭** | થી સાહેદોને ઓળખ પરેડ માટે હાજર રહેવા અંગેની યાદી |
| ૩૧ | **૧૨૮ થી ૧૩૧** | થી આરોપીઓની મેડીકલ ચકાસણી કરવા અંગે કરેલ યાદી |
| ૩૨ | **૧૩૨** | થી જયરાજસિંહ ભુપતસિંહનું બ્લડ સેમ્પલ લેવા માટે કરેલ યાદી |
| ૩૩ | **૧૩૩** | થી ઋતુરાજસિંહ ભુપતસિંહનું બ્લડ સેમ્પલ લેવા માટે કરેલ યાદી |
| ૩૪ | **૧૩૪** | થી અજયસિંહ પ્રધ્યુમનસિંહનું બ્લડ સેમ્પલ લેવા માટે કરેલ યાદી |
| ૩૫ | **૧૩૫** | થી ધનરાજસિંહ બલવીરસિંહનું બ્લડ સેમ્પલ લેવા માટે કરેલ યાદી |
| ૩૬ | **૧૩૬** | થી ઋતુરાજસિંહ ભુપતસિંહનું મેડીકલ સર્ટીફીકેટ મળવા મેડીકલ એફીસરશ્રીને કરેલ યાદી |
| ૩૭ | **૧૩૭** | થી ધનરાજસિંહ બલવીરસિંહનું મેડીકલ સર્ટીફીકેટ |
| ૩૮ | **૧૩૮** | થી અજયસિંહ પ્રધ્યુમનસિંહનું અસલ મેડીકલ સર્ટીફીકેટ |
| ૩૯ | **૧૩૯** | થી અજયસિંહ પ્રધ્યુમનસિંહનું અસલ મેડીકલ સર્ટીફીકેટ |
| ૪૦ | **૧૪૦** | થી ધનરાજસિંહ બલવીરસિંહનું મેડીકલ સર્ટીફીકેટ |
| ૪૧ | **૧૪૧** | થી મુદ્દામાલ રવાનગી નોંધ, સત્તાનું પ્રમાણપત્ર અને સીલના નમુના સાથે જોડી કરાયેલી યાદી |
| ૪૨ | **૧૪૨** | થી મુદ્દામાલ મળી ગયા અંગેની એફ.એસ.એલ.ની પહોંચ |
| ૪૩ | **૧૪૩** | થી એફ.એસ.એલ. વિભાગનો રીપોર્ટ ફોરવર્ડીંગ પત્ર |
| ૪૪ | **૧૪૪** | થી સ્ટેશન ડાયરી એન્ટ્રી નં. ૦૯/૧૭, ૧૦/૧૭, ૧૫/૧૭ ના ઉતારા |
| ૪૫ | **૧૪૫** | થી બનાવવાળી જગ્યાનો નકશો તથા તેની સાથે કરેલ યાદી |

| | | |
|---|---|---|
| ૪૬ | **૧૪૬** | થી સી.આર.પી.સી. ૧૫૪ નો ઉતારો |
| ૪૭ | **૧૪૭** | થી હથિયારબંધીના જાહેરનામાની નકલ |
| ૪૮ | **૧૪૮ થી ૧૫૦** | થી અલગ અલગ મોબાઈલ નંબરોની કોલ ડીટેઈલ મળવા અંગે કરાયેલી યાદીઓ |

**(૦૫)** આ કામે ફરિયાદપક્ષ તરફથી **આંક-૧૨૩** થી કલોઝીંગ પુરસીસ રજુ કરી ફરિયાદપક્ષનો પુરાવો પુરાવો થયાનું જાહેર કરવામાં આવેલ છે.

**<u>આરોપીઓનું વિશેષ નિવેદન :-</u>**

**(૦૬)** આ કામે ફરિયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૩૧૩ (બી.એન.એસ.એસ. કલમ-૩૫૧) મુજબ આરોપીઓનું પ્રશ્નોત્તરી સ્વરૂપે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં તેને તેની વિરૂદ્ધનો પુરાવો વાંચી સંભળાવી, સમજાવતા આરોપીઓએ ફરિયાદપક્ષના કેસની હકીકતનો ઈન્કાર કરેલ છે અને પોતે નિર્દોષ હોવાની અને પોતાની સામે ખોટો કેસ કરેલ હોવાની હકીકતો જણાવેલ છે. વિશેષમાં આરોપીઓએ જાતે સોગંદ ઉપર પુરાવો આપેલ નથી કે પોતાના બચાવમાં કોઈ સાહેદો તપાસેલા નથી.

**(૦૭)** આ કામે ફરિયાદપક્ષે વિ. સ્પે.પી.પી.શ્રી આર.વી.કલોલાની જયારે આરોપીઓ તરફે વિ.વકીલશ્રી એમ.જે.આચાર્યની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે. મુળ ફરિયાદી તરફે આંક-૧૨૭ થી લેખિત દલીલો રજુ થયેલ છે જે વંચાણે તેમજ ધ્યાવે લેવામાં આવેલ છે.

**(૭.૧)** ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીએ એવી દલીલ કરેલ છે કે, ફરિયાદ પક્ષે ગુનાના દરેક તબક્કાને સ્વતંત્ર પંચ સાહેદોની જુબાનીઓ અને તે સાથેના પંચનામાઓ દ્વારા એકબીજા સાથે સાંકળીને કેસની પ્રથમદર્શનીય કડી પુરવાર કરી આપેલ છે. ફરિયાદ પક્ષના સાહેદ નં.૧ એ બનાવના સ્થળનું પંચનામું, સ્થળ ઉપરથી મળી આવેલા લોહીના નમૂનાઓ તથા ગુનામાં સંડોવાયેલ એક્ટીવા અંગેની કબજા કાર્યવાહીને સમર્થન આપી ગુનાનું સ્થળ અને મુખ્ય સાધન પુરવાર કરેલ છે. સાહેદ નં.૨ નાએ મૃતદેહનું ઈન્કવેસ્ટ

પંચનામું, મૃતદેહ ઉપર આવેલ ઈજાઓ તથા લોહીથી ખરડાયેલા કપડાંની કબજા કાર્યવાહીને સમર્થન આપી મૃત્યુનું કારણ અને તેની રીતને સ્થાપિત કરેલ છે. સાહેદ નં.૩ તથા સાહેદ નં.૪ એ અનુક્રમે મૃતક અને ઈજાગ્રસ્તો ઋતુરાજસિંહ તથા સમર્થસિંહના લોહીવાળા કપડાં કબ્જે કરવાના પંચનામાઓને સમર્થન આપી ગુનામાં વપરાયેલ હથિયારથી થયેલ હુમલાની કડીને મજબૂત બનાવેલ છે. સાહેદ નં.૫ એ આરોપી ધનરાજસિંહ સાથે સંકળાયેલ હીરો હોન્ડા સ્પ્લેન્ડર મોટરસાયકલ કબ્જે કરવાનું પંચનામું પુરવાર કરી આરોપીઓની હાજરી અને નાસી જવાની રીતને સાબીત કરેલ છે. સાહેદ નં.૬ નાએ આરોપી ધનરાજસિંહ દ્વારા પોતાના પહેરેલ લોહીવાળા કપડાં સ્વેચ્છાએ રજૂ કરીને કાયદેસર કબ્જે અપાયા હોવાનું સમર્થન આપી આરોપીની સંડોવણીને સીધી રીતે જોડેલ છે. સાહેદ નં.૭ એ બાતમીના આધારે આરોપીઓ અજયસિંહ તથા ધનરાજસિંહને ટ્રાવેલ્સ બસમાંથી પકડી પાડવાની કાર્યવાહી અને અટક પંચનામું પુરવાર કરી આરોપીઓની ફરારી અને ત્યારબાદની અટકાયતની કડી સ્થાપિત કરેલ છે. જ્યારે સૌથી મહત્વનો પુરાવો સાહેદ નં.૮ નો છે. આ સાહેદે આરોપી અજયસિંહના ડિસ્કવરી પંચનામાને સમર્થન આપી, તેના બતાવ્યા મુજબના સ્થળેથી લોહીના ડાઘાવાળા કપડાં તથા હત્યામાં વપરાયેલ છરી કબ્જે થયા હોવાનું અને કોર્ટમાં તેની ઓળખ કરી હોવાનું જણાવેલ છે. આ ડિસ્કવરી પંચનામું પુરાવા અધિનિયમની કલમ–૨૭ હેઠળ આરોપીની સંડોવણી સાબીત કરવાનો સૌથી મજબૂત આધાર છે. વધુમાં દલીલ કરેલ છે કે ઉપરોક્ત તમામ ૮ પંચ સાહેદો સ્વતંત્ર અને સ્થાનિક વ્યક્તિઓ છે. બચાવ પક્ષ દ્વારા ઉલટતપાસમાં એવા તેઓ પોલીસના કહેવાથી પંચ બન્યા હતા અથવા તૈયાર પંચનામાઓ પર સહી કરાવી હતી તેવી હકીકત રેકર્ડ પર લાવવાની કોશીશ કરેલ છે પરંતુ એકપણ સાહેદે ઉલટતપાસમાં આ બાબતનો સ્વીકાર કરેલો નથી. આથી તમામ પંચનામાઓ કાયદેસર અને વિશ્વસનીય છે. ઉલટતપાસમાં સાહેદોએ સ્થળનું અંતર, સમય, કપડાંનું વર્ણન જેવી ગૌણ બાબતોમાં જે નાના–મોટા વિરોધાભાસો જણાવેલા છે તે સ્વાભાવિક છે. નામ. સુપ્રીમ કોર્ટના સ્થાપિત સિદ્ધાંત મુજબ ગૌણ વિરોધાભાસોને આધારે સમગ્ર પંચ સાહેદોની જુબાનીને નકારી શકાય નહીં. આવા વિરોધાભાસો ગુનાના મૂળ તથ્યો એટલે કે સ્થળ, મૃતદેહ, હથિયાર, કપડાં અને આરોપીઓની સંડોવણીને ની હકીકતનું ખંડન

કરી શકતા નથી. આથી ફરિયાદ પક્ષના પંચ સાહેદોના પુરાવાથી ગુનાનું સ્થળ, ગુનાની રીત, મૃત્યુનું કારણ, ગુનામાં વપરાયેલ હથિયાર, આરોપીઓ દ્વારા પહેરાયેલા લોહીવાળા કપડાં, નાસી છૂટવા માટે વપરાયેલ વાહન અને છેલ્લે આરોપી અજયસિંહના નિર્દેશથી થયેલ ડિસ્કવરીની સમગ્ર કડી પ્રાથમિક રીતે અને કાયદેસર રીતે સ્થાપિત થાય છે. આ તમામ સંજોગોના સમગ્રલક્ષી મુલ્યાંકન પરથી એ નિર્વિવાદપણે જણાય છે કે આરોપીઓ વિરુદ્ધનો કેસ પ્રથમદર્શનીય રીતે પુરવાર થાય છે અને આરોપીઓ સામે આરોપ ઘડવા માટે પૂરતો આધાર સામગ્રી રેકર્ડ પર ઉપલબ્ધ છે. પ્રોસિક્યુશનનો કેસ પ્રત્યક્ષ સાહેદો અને મેડીકલ પુરાવાથી સંપૂર્ણ સાબીત થાય છે. સાહેદ નં.૧૨ રુતુરાજસિંહે પોતાની જુબાનીમાં જણાવેલ છે કે આરોપી અજયસિંહે છરી વડે તેના ભાઈ જયરાજસિંહને છાતીમાં જીવલેણ ઘા મારી મોત નિપજાવેલ અને પોતાને પણ ઈજા કરી. સાહેદ નં.૧૦ સમર્થસિંહે આ ઘટનાને સમર્થન આપી આરોપી અને મુદામાલ છરી તથા કપડા ઓળખી બતાવેલા છે. પી.એમ. કરનાર સાહેદ નં.૧૧ ડો.અલ્પાબેને જણાવેલ છે કે પેટમાં વાગેલ છરીના ઘા થી વધુ પડતું લોહી વહી જવાથી મૃત્યુ થયેલ છે અને આ ઈજા મુદામાલ છરીથી જ થઈ શકે તેવા પ્રકારની હતી. ઈજાગ્રસ્તની સારવાર કરનાર સાહેદ નં.૧૩ ડો.વિનોદરાયે પણ છરીની ઈજાની હકીકતને સમર્થન આપેલ છે. તેજ રીતે સાહેદ નં.૯ ના એ ઓળખ પરેડની કાયદેસરતા સાબીત કરી અને તપાસ અધિકારી સાહેદ નં.૧૪ ના એ નિષ્પક્ષ તપાસ કરી તમામ મુદામાલ કબજે કરી એફ.એસ.એલ. માં મોકલેલ છે. આથી તમામ પુરાવા એકબીજાને સમર્થન આપે છે અને બચાવપક્ષનો અકસ્માતનો બચાવ ખોટો પડે છે.

વધુમાં વિ.સરકારી વકિલશ્રી દ્વારા એવી દલીલ કરવામાં આવેલ છે કે બનાવના સ્થળે બુલેટ કે અન્ય વાહનો ક્યાં હતા, કયા સ્થાને ઉભા હતા અથવા હતા કે નહોતા આ મુદ્દાનો વર્તમાન કેસના મુખ્ય વિવાદ સાથે કોઈ સીધો સંબંધ નથી. આરોપીઓ દ્વારા કરવામાં આવેલ હુમલો, તેનાથી થયેલ ઈજાઓ તથા મૃત્યુના કારણ અંગે ઉપલબ્ધ મૌખિક, મેડીકલ અને અન્ય પુરાવાઓ સામે વાહનોની સ્થિતિ જેવી બાબત ગૌણ સ્વરૂપની છે. તેથી માત્ર આ પ્રકારની ગૌણ બાબતોના આધારે ફરિયાદ પક્ષનો સમગ્ર કેસ અવિંશ્વસનીય ઠરાવી શકાય નહી. તેજ રીતે બચાવ પક્ષે ૧૦૮ એમ્બ્યુલન્સના ડ્રાઇવરની જુબાની લેવામાં આવી નથી તે બાબતનો પણ આધાર લીધો છે.

પરંતુ ૧૦૮ એમ્બ્યુલન્સનો ડ્રાઈવર માત્ર ઈજાગ્રસ્તને હોસ્પિટલ સુધી પહોંચાડવાની કામગીરી સાથે સંકળાયેલ વ્યક્તિ છે. તે બનાવનો પ્રત્યક્ષદર્શી નથી કે હુમલા અંગે કોઈ મહત્વપૂર્ણ માહિતી ધરાવતો સાહેદ નથી. તેથી તેની જુબાની ન લેવામાં આવવાથી ફરિયાદ પક્ષના કેસને કોઈ પ્રતિકૂળ અસર થતી નથી. વધુમાં બચાવ પક્ષે સી.સી.ટી.વી. ફૂટેજ રજૂ કરવામાં આવ્યું નથી તેવી દલીલ પણ કરી છે. જોકે સમગ્ર તપાસ, પંચનામાઓ, તપાસ અધિકારીઓની જુબાની તથા અન્ય કોઈપણ પુરાવામાં એવું દર્શાવવામાં આવેલ નથી કે બનાવના કોઈ સી.સી.ટી.વી. ફૂટેજ ઉપલબ્ધ હતા અથવા તપાસ દરમ્યાન તે મેળવવામાં આવેલ હતા. જ્યારે ફરિયાદ પક્ષનો કેસ સી.સી.ટી.વી. ફૂટેજ ઉપર આધારિત જ નથી ત્યારે માત્ર સી.સી.ટી.વી. રજૂ થયેલ નથી એટલા માત્રથી ફરિયાદ પક્ષનો કેસ નબળો પડી જાય એવું કહી શકાય નહીં. વધુમાં બચાવ પક્ષે વધુમાં એવી દલીલ કરી છે કે આ બનાવ અચાનક ઉશ્કેરાટ (Sudden Provocation)નું પરિણામ છે. પરંતુ ઉપલબ્ધ પુરાવા મુજબ આરોપીએ ધારદાર છરી જેવા જીવલેણ હથિયારનો ઉપયોગ કરીને ગંભીર ઈજાઓ પહોંચાડી છે, જેના પરિણામે એક વ્યક્તિનું મૃત્યુ તથા અન્ય વ્યક્તિને ગંભીર ઈજા થઈ છે. જો ખરેખર અચાનક ઉશ્કેરાટમાં બનાવ બન્યો હોત તો આરોપી પાસે અગાઉથી પ્રાણઘાતક છરી કેવી રીતે હાજર હતી તે અંગે કોઈ સંતોષકારક ખુલાસો બચાવપક્ષ કરી શકેલ નથી. તેથી આ કેસમાં સડન પ્રોવોકેશનનો બચાવ સ્વીકાર્ય જણાતો નથી. આમ, ફરિયાદ પક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ મૌખિક, દસ્તાવેજી તથા સાયન્ટીફીક પુરાવાઓના મુલ્યાંકન પરથી આરોપીઓ વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૨ તથા ૩૦૭ હેઠળના આરોપો શંકાથી પર સાબીત થતા જણાય છે. બચાવ પક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલી દલીલો ફરિયાદ પક્ષના પુરાવામાં કોઈ વાજબી શંકા ઊભી કરવામાં સફળ થતી નથી. પરિણામે આરોપીઓને શંકાનો લાભ આપવાનો કોઈ આધાર જણાતો નથી. આ તમામ પુરાવો ધ્યાને લેતા ફરિયાદપક્ષ આરોપીઓ વિરૂદ્ધનો કેસ નિઃશંકપણે પુરવાર કરી શકેલ છે તે સંજોગોમાં આરોપીઓ સામે ગુનો પુરવાર થતો હોય આરોપીઓને હાલના ગુનામાં તકસીરવાન ઠરાવવા ભારપૂર્વક રજુઆત કરેલ છે.

**(૭.૨)** મુળ ફરિયાદી તરફે તેમના વિ.વકિલશ્રી આર.આર.પરમાર દ્વારા આંક–૧૨૭ થી લેખિત દલીલો રજુ રાખેલ છે જે વંચાણે તેમજ ધ્યાને લેવામાં આવેલ છે. સદરહુ લેખિત દલીલોમાં મુખ્યત્વે એવી રજુઆત કરવામાં આવેલ છે કે, આ કામે મેડીકલ પુરાવો જોવામાં આવે તો સાહેદ નં.૧૧ ડો. અલ્પાબેન જગદીશભાઈ જેઠવાની જુબાની સરતપાસ તેમજ ઉલટતપાસ, પી.એમ. રીપોર્ટ તથા ઉલટતપાસથી પણ સ્પષ્ટ દર્શાય છે કે ગુજરનારને આરોપી દ્વારા મારવામાં આવેલ છરીથી ગંભીર જીવલેણ તથા મોત નીપજાવી શકે તેવી ઈજાના કારણે ગુજરનારનું મૃત્યુ થયેલ છે. તદુપરાંત આ સાહેદને બચાવપક્ષે એવું કોઈ સજેશન પણ કરેલ નથી કે તેમણે ખોટી જુબાની આપેલ છે અથવા તો પોલીસ કેસને મદદરૂપ થતી જુબાની આપેલ છે તેવું સજેશન પણ કરવામાં આવેલ નથી. આમ આ સાહેદની જુબાનીથી તેમની નિષ્પક્ષ કાર્યવાહી પણ નીર્વિવાદિત રહે છે. તેજ રીતે સાહેદ નં.૧૩ ડો. વિનોદરાય સુખાભાઈ ચાવડાની આંક–૧૧૫ ની જુબાની જોતા તથા નજરે જોનારાઓની જુબાની જોતા આરોપી અજયસિંહે ગુજરનારને છરી વતી માર મારી ત્યાંથી ન અટકતા ફરીયાદી/ઈજાપામનાર ઋતુરાજસિંહને પણ મારી નાખવા આગળ ધશી જઈ તેની ઉપર પણ છરી હુલાવેલ પરંતુ ઋતુરાજસિંહે છરી પકડી લેતા તેને હાથમાં ઈજાઓ થયેલ અને તેમ છતા આરોપી તેમના પગમાં પણ ઈજા કરવામાં સફળ રહેલ. આમ આરોપીનો એક થી વધુ ખુન કરવાનો ઈરાદો ઉપરોક્ત હકીકતોથી સંપુર્ણપણે સાબીત થાય છે. સાહેદ નં.૧૦ સમર્થસિંહ ઝાલાનો આંક–૯૩ નો પુરાવો જોતા આ સાહેદે સચોટ રીતે સમગ્ર બનાવ અને હકીકતોનું વર્ણન પોતાની જુબાનીમાં કરેલ છે અને ફરીયાદી/ઈજા પામનાર ઋતુરાજસિંહની ફરીયાદ તથા જુબાની તેમજ સ્થાનિક જગ્યાનું પંચનામું, સાહેદોના કપડા કબ્જે કર્યાનું પંચનામું, ઓળખ પરેડનું પંચનામું વિગેરે તમામ પુરાવાઓનું આ સાહેદની જુબાનીમાં એકબીજાને સમર્થનકારી બની રહેલ છે, જેનાથી ફરીયાદપક્ષે સદર હત્યા તથા હત્યાની કોશીશનો કેસ આઈ.પી.સી. ૩૦૨, ૩૦૭ નિઃશંકપણે સાબીત કરેલ હોવાનું જણાઈ આવે છે. આ સાહેદની ઉલટતપાસ જોતા કોઈ ગંભીર વિરોધાભાસ કે ત્રુટીઓ જણાઈ આવતી ન હોવાનું સ્પષ્ટપણે ફલીત થાય છે અને આ સાહેદની જુબાની ફરિયાદપક્ષના કેસને સમર્થનકારી હોવાનું જણાઈ આવે છે અને ફરિયાદપક્ષના કેસનો એક સબળ પુરાવો છે. તેજ રીતે સાહેદ નં.૧૨

ઋતુરાજસિંહ ભુપતસિંહ જાડેજાનો આંક–૧૧૧ નો પુરાવો જોતા આ સાહેદે પોતાની જુબાનીમાં ફરિયાદપક્ષના કેસની હકીકતને સંપૂર્ણ સમર્થન આપેલ છે. આ સાહેદે પોતાની સરસતપાસમાં આરોપીઓ, મુદ્દામાલ કપડા, પોતાની ફરિયામાં રહેલ તેમની સહી, હથિયાર વિગેરે ઓળખી બાતવેલ હતુ અને તેમણે ફરિયાદમાં જે અજાણ્યો માણસ હતો અને જે બતાવવામાં આવે તો તે ઓળખી શકે તેમ કહેલુ તે વ્યક્તિને મામલતદાર સમક્ષ ઓળખપરેડ દરમ્યાન ઓળખી બતાવેલ હતો અને તેને નામ. કોર્ટ રૂબરૂ પણ ઓળખી બતાવેલ અને તેમણે પોતાના લોહીના નમુના આપેલાની હકીકત પણ જણાવેલ. આ સાહેદની ઉલટતપાસ જોવામાં આવે તો અત્રે એ ઉલ્લેખ કરવો જરૂરી છે કે સદરહુ બનાવ ૨૦૧૭ ની સાલમાં બનેલો છે અને તે અરસામાં સી.સી.ટી.વી. કેમેરાનું ચલણ બહુજ ઓછુ હતુ તે સર્વવિદીત હકીકત છે. માટે આ સાહેદ સમર્થસિંહને તથા ત.ક.અમલદારને સી.સી.ટી.વી. અંગે પુછેલા પ્રશ્નોથી કોઈ મહત્વની બાબત સામે આવતી નથી. તેમજ આ કામના આરોપીઓએ કે તેના કોઈ સગાએ ક્યારેય પોલીસમાં આવી કોઈ અરજી આપી અને કોઈ જગ્યાના સી.સી.ટી.વી. કબજે કરવા જોઈએ તેવી કોઈ રજુઆત આજદિન સુધી કરેલનથી. વધુમાં આ સાહેદે સરતપાસમાં તમામ સત્ય હકીકતો જણાવેલ હોય તેમજ ઉલટતપાસમાં પણ તેની વિશ્વસનીયતા પર કોઈ અસર પડતી નથી. આ ઉપરાંત આ સાહેદ ઈજા પામનાર સાહેદ છે પોતાને ઈજા કરનારના બદલે અન્ય કોઈ વ્યક્તિનું નામ આપે નહીં અને ઈજા પામનાર સાહેદની જુબાની નામ. સુપ્રીમ કોર્ટના ૨૦૨૩–એ.આઈ.જે.ઈ.એલ.– એસ.સી.– ૭૦૭૧૯ ના ચુકાદા પ્રમાણે ખુબજ ઉચ્ચ સ્થાને હોવી જોઈએ તેવું નામ. સુપ્રીમ કોર્ટે અનેક ચુકાદાઓમાં પણ ઠરાવેલ છે જેથી આ ઈજાપામનાર સાહેદ કે જે ખુદ ફરિયાદી પણ છે તેમની જુબાની ફરિયાદપક્ષના કેસને સમર્થન પુરુ પાડે છે. વધુમાં સાહેદ નં.૧ ચેતનભાઈ નાથાલાલ જોશીનો આંક–૧૭ થી રજુ પુરાવો ધ્યાને લેતા જણાઈ આવે છે કે, ફરિયાદી તથા નજરે જોનાર સાહેદ દ્વારા જે બનાવવાળી જગ્યાનું તથા ગુજરનારના સ્કુટરનું જે વર્ણન કરેલ છે તે તમામ બાબતોને સમર્થન મળે છે. તદ્ઉપરાંત આંક–૧૪૩ વાળા એફ.એસ.એલ.રીપોર્ટમાં ગુજરનારનું જે "બી" ગ્રુપનું લોહી હોવાનું તેના બ્લડ સેમ્પલથી પરીક્ષણના અંતે જણાવવામાં આવેલ છે તેજ લોહી બનાવવાળી જગ્યાએથી પણ મળી આવેલ હોવાનું આસાહેદની જુબાનીથી સંપૂર્ણપણે

સાબીત થાય છે. એટલેકે આ સાહેદની જુબાનીથી પણ બનાવવાળી જગ્યા, ત્યાં પડેલ ગુજરનારનું લોહી, એક્ટીવા વિગેરે સાંયોગીક પુરાવાથી ફરિયાદપક્ષના કેસને સંપૂર્ણ સમર્થન મળેલ છે. આ સાહેદની ઉલટતપાસ જોતા આ સાહેદની વિશ્વનીયતા કોઈપણ રીતે ખંડીત થતી નથી. ઉલ્ટાનું એડમીશનરૂપી સવાલોથી ફરિયાદપક્ષના કેસને સમર્થન મળે છે. માટે આ અંગે નામ. ગુજરાત હાઈકોર્ટમાં જસ્ટીસ પારડીવાલા સાહેબનો ચુકાદો 2023(0) AIJEL–SC–70719–Balu Sudam Khalde Versus State of Maharashtra ઉલટતપાસના એડમીશન અંગે સીધોજ લાગુ પડદો હોય જે ધ્યાને લેવા અરજ છે. વધુમાં  ઈન્કવેસ્ટ પંચનામાના પંચ મુકુંદભાઈ જયંતીભાઈ ટાંક દ્વારા આંક–૨૨ થી જુબાની આપેલ છે તેમાં ઈન્કવેસ્ટ પંચનામાની હકીકતોને સંપૂર્ણ સમર્થન આપેલ છે. સદરહુ પંચનામામાં ગુજરનારને જે હથિયારથી ઈજા થયેલ છે તેને આંક–૧૦૩ વાળા પોસ્ટમોર્ટમ રીપોર્ટથી પણ સમર્થન મળેલ છે. આમ, આ સાહેદની જુબાની તથા પંચનામાથી ફરિયાદપક્ષના કેસને સંપૂર્ણ સમર્થન મળી રહેલ છે. તેજ રીતે કપડા કબજે કર્યાના પંચનામાના પંચસાહેદ પ્રજ્ઞેશભાઈ શશીકાંતભાઈ સોલંકીને આંક–૨૬ થી તપાસેલા છે આ સાહેદે પણ આંક–૨૭ વાળુ પંનચામુ સંપુર્ણપણે સાબીત કરેલ છે. તેજ રીતે સાહેદ જીગર ભાસ્કરભાઈ જોશીએ પણ પંચનામાની હકીકતોને સમર્થન આપેલ છે. આ બન્ને સાહેદો બનાવ નજરે જોનાર સાહેદોએ બનાવ બન્યો તેજ દિવસે એટલેકે તા.૨૯/૧૨/૨૦૧૭ ના રોજ તેઓએ બનાવ વખતે પહેરેલા કપડા જે ગુજરનાર જયરાજસિંહને સારવારમાં લઈ જતી વખતે લોહી વાળા થયેલા તે કપડા તે જ દિવસે રજુ કરી દીધેલ છે. સદર તમામ કપડાઓમાં ગુજરનારનું "બી" ગ્રુપનું તેમજ ઘાયલ ઋતુરાજસિંહનું "બી" ગ્રુપનું લોહી સીરોલોજી રીપોર્ટ આંક–૧૪૩ માં સાથે જણાઈ આવેલ છે. અત્રે તે પણ ઉલ્લેખ કરવો જરૂરી છે કે, સાહેદ સમર્થસિંહ તથા આરોપી અજયસિંહનું પણ લોહીનું ગ્રુપ "બી" જ છે પરંતુ સાહેદ સમર્થસિંહને હાલના બનાવમાં કોઈપણ ઈજા થયેલી ન હતી તેવું નિર્વિવાદિત છે. તેમજ તે પણ નિર્વિવાદિત છે કે આરોપી અજયસિંહને પણ સદર બનાવમાં કોઈ ઈજા થયેલી ન હતી અને તે હકીકતને આરોપી અજયસિંહનાં આંક–૧૩૮ વાળા મેડીકલ સર્ટીફીકેટથી પણ સંપુર્ણ સમર્થન મળેલ છે. આ સાહેદની ઉલટતપાસ બચાવપક્ષને કોઈપણ રીતે

મદદકર્તા નથી. તેજ રીતે બનાવમાં વાપરેલ વાહન કબજે કર્યાના પંચનામાના પંચસાહેદ તેમજ આરોપી ધનરાજના કપડા કબજે કર્યાના પંચનામાના પંચસાહેદ, આરોપીને અટક કર્યાના પંચનામાના પંચસાહેદે પંચનામાની હકીકતોને સમર્થન આપેલ છે. તેજ રીતે ડિસ્કવરી પંચનામાના પંચસાહેદે જુબાનીના પેરા–૪ માં આરોપી અજયસિંહે બનાવમાં ઉપયોગ કરેલ હથિયાર છરી શોધી કાઢી આપેલ તે છરીનું વર્ણન કરેલ છે સાથે આરોપી અજયસિંહ સદરહુ છરી બનાવમાં ઉપયોગ કરેલ હોવા અંગેની વૈજ્ઞાનિક સાબીતીરૂપે આંક–૧૪૩ વાળો સીરોલોજી રીપોર્ટ જોવામાં આવે તો તેમાં આર્ટીકલ–એચ, છરી ઉપર ગુજરનાર જયરાજસિંહનું "બી" ગ્રુપનું લોહી હોવાનું સાબીત થાય છે. તેમજ ત.ક.અમલદાર પી.આઈ. ભાટુએ પણ ડિસ્કવરી પંચનામાને સમર્થન કરેલ ચે અને આરોપીને ઓળખી બતાવેલ છે. આમ આ સાહેદની જુબાનીમાં છરી તથા કપડાની ડિસ્કવરી સાબીત થયેલ છે તેમજ ઉલટતપાસમાં પણ સાહેદની જુબાનીની વિશ્વસનીયતા બાબતે કોઈ ગંભીર બાબત સામે આવેલ નથી કે ફરિયાદપક્ષને નુકશાનકારક હોય કે બચાવપક્ષને ફાયદાકારક હોય તેવી કોઈ મહત્વની હકીકત રેકર્ડ પર આવેલ નથી. વધુમાં આ કેસની અન્ય હકીકતો જોતા આ આરોપી નં.૨ ધનરાજસિંહની ઓળખ આરોપી નં.૧ ના સાળા તરીકે ઉજાગર થઈ ગયેલ હોય ઓળખપરેડના પુરાવા વગર પણ સાબીત થાય છે. તેમછતાં ત.ક.અધિકારીશ્રીએ ચોક્કસાઈપૂર્વક નક્કી કરવા માટે ઓળખપરેડ કરાવેલહોય તેવું ત.ક.અ.ની જુબાની(ઉ.ત.) સા.નં.૧૪, આંક–૧૨૦, પેરા–૨૬ થી સ્પષ્ટ જણાય છે. વધુમાં ત.ક.અમલદારની જુબાની દરમ્યાન તેમણે કરેલ કાર્યવાહીની હકીકતો જણાવેલ છે અને આ સાહેદની જુબાનીમાં આંક–૧૨૧ થી ૧૫૦ સુધીના દસ્તાવેજો રજુ થયેલા છે. ઉપરોક્ત તમામ દસ્તાવેજો પુરાવામાં દાખલ થયેલ છે અને બચાવપક્ષે લેશમાત્ર એકપણ દસ્તાવેજ સામે વાંધો લીધેલ નથી અને તે સંજોગોમાં સ્થાનિક જગ્યાનો નકશો, એફ.એસ.એલ.નો બાયોલોજી તથા સીરોલોજીનો રીપોર્ટ વિગેરે ઉપરોક્ત તમામ દસ્તાવેજો સર્વસ્વિકૃત રીતે આરોપી વિરૂદ્ધના પુરાવાઓ બની સાબીત થાય છે. ઉપરોકત તમામ સાહેદોની જુબાનીઓ, દસ્તાવેજી પુરાવાઓ તેમજ કેસના સંજોગો કે જેમાં ખાસ કરીને આરોપી દ્વારા કેસ આઠ વર્ષ જેટલો લંબાવવો અને તેનાથી સાહેદો વિગેરે પુરાવાઓ ઉપર પડેલ અસર વિગેરે તમામ હકીકતો ધ્યાને

લેતા, આરોપી નં.૧ના એ જ્યારે ગુજરનાર જયરાજસિંહની હત્યા કર્યાનું તથા ઈજા પામનાર સાહેદ ઋતુરાજસિંહની હત્યાનો પ્રયાસ કર્યાનું તેમજ તેમાં આરોપી નં.૨ નાં એ ઈ.પી.કો.કલમ–૧૦૭ પ્રમાણેની સક્રિય મદદગારી કરેલ હોવાનું ફરીયાદપક્ષ જ્યારે નિ:શંકપણે સાબીત કરી શક્યું હોય બન્ને આરોપીઓ ને તેમની વિરુદ્ધ લાગેલ તમામ તહોમતોમાં કસુરવાર ઠેરવી કાયદામાં રહેલ જોગવાઈઓ મુજબ સખત નશ્યતે મહતમ સજા કરવા ન્યાયના વિશાળ હિતમાં ઘણી જ નમ્ર પ્રાર્થના છે.

ફરિયાદી તરફે તેમની રજુઆતના સમર્થનમાં નીચે મુજબના ચુકાદાઓ રજુ રાખી તેના પર આધાર રાખેલ છે.

1. 2023 (0) AIJEL-SC 70719- (FROM - BOMBAY HIGH COURT)- Balu Sudam Khalde Versus State Of Maharashtra
2. 2014 (0) AIJEL-HC 230700- GUJARAT HIGH COURT- Tarjubhai Narsingbhai Rathwa Versus State Of Gujarat
3. 2024 (0) AIJEL-SC 74082- (FROM PUNJAB & HARYANA HIGH COURT)- Baljinder Singh @ Ladoo And Others Versus State Of Punjab
4. 2025 (0) AIJEL-HC 250312- GUJARAT HIGH COURT- Rashmikant @ Jalio Satishbhai Parmar Versus State Of Gujarat
5. 1958 (0) AIJEL-SC 34361, (FROM - PUNJAB AND HARYANA HIGH COURT), Virsa Singh Versus State Of Punjab
6. 1959 (0) AIJEL-SC 31576- (FROM - ALLAHABAD HIGH COURT)- Tahsildar Singh Versus State Of Uttar Pradesh

(૭.૩) જ્યારે બચાવ પક્ષે વિ.વકીલશ્રી એમ.જે.આચાર્ય દ્વારા મૌખિક દલીલો કરવામાં આવેલ છે જેમાં મુખ્યત્વે એવી રજુઆત કરેલ છે કે, આ કામે આરોપીઓ વિરૂદ્ધના ગુનામાં ચાર્જશીટમાં કુલ–૪૮ સાહેદો બતાવેલા છે જેમાંથી ફરિયાદપક્ષ દ્વારા માત્ર ૧૪ સાહેદઓને તપાસવામાં આવેલા છે. આ કામે સ્થાનિક જગ્યાના પંચનામાના પંચસાહેદ ચેતનભાઈની જુબાની જોવામાં આવે તો હોસ્ટાઈલ જાહેર થયેલા નથી અને તેથી તેમણે જે જુબાની આપેલ છે તે સરકારપક્ષને પણ બંધનકર્તા રહે છે. આ સાહેદની જુબાની મુજબ બનાવ વાળી જગ્યાએથી અલગ અલગ ત્રણ જગ્યાએથી લોહીના નમુના મળેલા છે

પણ સેમ્પલ એક જ જગ્યાએથી લીધેલા છે તે હકીકત શંકાસ્પદ બની રહે છે. તે ઉપરાંત ત્રણ જગ્યાએ હુમલાનો કેસ નથી. તેમજ મળી આવેલ લોહી કોનું હતુ, કઈ રીતે ત્યાં આવ્યુ તે અંગે પ્રોસીક્યુશન તરફથી કોઈ સ્પષ્ટ ખુલાસો કરવામાં આવેલ નથી. વધુમાં બનાવ વાળી જગ્યાએ એકટીવા પડેલ હતુ તેવું જણાવે છે. ફરિયાદના કેસ મુજબ ફરિયાદી અને સાહેદ બુલેટ પર બનાવ સ્થળે ગયેલા તે બુલેટ બનાવ સ્થળે હોય તેવો આ સાહેદની જુબાનીમાં ક્યાંય ઉલ્લેખ નથી. ફરિયાદ પક્ષના કેસ મુજબ આરોપીઓ પોતાનું મોટરસાઈકલ મુકીને નાસી ગયેલા. ફરિયાદી મરણજનારને લઈને વાહનમાં દવાખાને ગયેલા પરંતુ બુલેટ ઉપર ગયેલા તેવો કેસ નથી તો બનાવવાળી જગ્યાએથી બુલેટ કેમ મળી આવેલ નથી તેનો ખુલાસો ફરિયાદપક્ષ કરી શકેલ નથી. વધુમાં મરણજનારના કપડા કબજે કર્યાના પંચનામાના પંચસાહેદને આંક–૨૬ થી તપાસેલા છે. આ સાહેદે મરણજનારના લોહીવાળા કપડા ઓળખી બતાવેલ છે પરંતુ મરણજનારને ફરિયાદપક્ષના કેસ મુજબ એક ઘા મારેલ હોવાની હકીકત જણાવેલ છે ત્યારે આ સાહેદે મરણજનારના શર્ટમાં કોઈ કાપો હોય તેવી કોઈ હકીકત જણાવેલ નથી. વધુમાં જે મોટરસાઈલ લઈને આરોપીઓ ભાગેલા તેવી જે ફરિયાદ પક્ષના કેસની હકીકત છે તે મોટરસાઈકલ કબજે કર્યાના પંચનામાના પંચસાહેદ અરસીલભાઈ સલીમભાઈ મગસીને આંક–૩૫ થી તપાસેલા છે તેઓની જુબાનીમાં આ મોટરસાઈકલ જે જયેન્દ્રસિંહ જાડેજા પાસેથી કબજે કરેલાનું જણાવેલ છે તે જયેન્દ્રસિંહ જાડેજા કોણ છે? તેને આ કેસમાં ફરિયાદપક્ષે તપાસેલા નથી. વધુમાં દલીલ કરેલ છે કે કહેવાતા બનાવમાં મુદ્દામાલ હથિયારની જે રીકવરી કરવામાં આવેલ છે તે કાયદાકિય રીતે માન્ય રાખી શકાય તેમ નથી. માત્ર હથિયાર જપ્ત કરવાથી કલમ–૨૭ લાગુ પડતી નથી, પરંતુ તેનાથી કોઈ અજાણી હકીકતનો ખુલાસો થવો જોઈએ પરંતુ ફરિયાદપક્ષ આવો કોઈ ખુલાસો રેકર્ડ પર લાવી શકેલ નથી તેમજ આ કેસમાં પંચનામા તેમજ પ્રોસીક્યુશનની પ્રક્રિયા કાયદાકિય રીતે યોગ્ય નથી અને ગ્રાહ્ય રાખવા પાત્ર નથી. વધુમાં તા. ૨૯/૦૧/૨૦૧૬ થી તા. ૦૪/૦૧/૨૦૧૭ વચ્ચે છરીની રીકવરી થઈ ગયેલ છે તો પછી ડિસ્કવરીની શું જરૂર છે? વધુમાં કબજે કરવામાં આવેલ છરીથી જ મરણજનારને ઈજાઓ થયેલ છે તે અંગે મેડીકલ તેમજ સાટન્ટીફીક પુરાવાઓમાં વિરોધાભાસ આવે છે. માત્ર પોલીસ હથિયાર શોધી કાઢે એટલે

એવું જરૂરી નથી કે તે આપોઆપ ડિસ્કવરી બની જાય. જ્યાં સુધી એ હકીકત સાબીત ન થાય કે આ એજ હથિયાર છે જેનાથી ઈજાઓ પહોંચાડવામાં આવેલ છે ત્યાં સુધી આ જપ્તીનો આરોપી સામે મજબૂત પુરાવા તરીકે ઉપયોગ થઈ શકે નહીં. વધુમાં PW–9 સાહેદ જયંતીલાલ ખોડીદાસ બોરસાણીયા ની જુબાની જોતા આ સાહેદ સાહેદ દ્ધારા આરોપીની સીધી ઓળખ પરેડ કરવા પાછળનું વર્તન શંકાસ્પદ છે અને તેનાથી બચાવ પક્ષના હકો પર તરાપ લાગે છે. આરોપી પક્ષનો આક્ષેપ છે કે પોલીસ પોતે જ આરોપીઓને સાહેદની સામે લાવી હતી, જેથી કાયદેસરની ઓળખ પરેડ નો કોઈ અર્થ રહેતો નથી. તે પૂર્વનિયોજિત હોઈ શકે. વધુમાં પંચનામા વખતે હાજર વ્યક્તિઓ ને વાહન અથવા ઘટના અંગે પૂછવામાં આવ્યું છે કે કેમ, તેમાં વિરોધાભાસ છે. પંચનામામાં ક્યાંય પણ આરોપીને ગુના સાથે સીધો સાંકળતી મજબૂત કડીઓ નથી. વધુમાં ફરિયાદપક્ષનો કેસ જોતા પણ ખુન કરવા માટે અગાઉથી કાવતુર ઘડેલુ હોય તેવો કોઈ કેસ નથી. સાહેદ હોઈ શકે તેમ હતા, તેમને પોલીસે કેમ ન તપાસ્યા તેનો પ્રોસિક્યુશન પાસે કોઈ જવાબ નથી. બનાવ પછી બુલેટ કે એક્ટિવા ક્યાં ગયું અને કોણ લઈ ગયું તે અંગે સાહેદઓના વર્તનમાં વિરોધાભાસ છે. ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવવા અંગેની વિગતો પણ રેકોર્ડ પર શંકાસ્પદ છે. આરોપીનો ભોગ બનનાર વ્યક્તિને મારવાનો કોઈ ચોક્કસ આશય કે હેતુ (મોટીવ) સાબીત થતો નથી. સાહેદોઓએ છરી અને કપડાં અંગે જે જુબાની આપી છે તે નેચરલ લાગતી નથી, પરંતુ તેમને પોલીસે જે શીખવાડ્યું હોય તે રીતે ગોઠવેલી એટલેકે ટ્યુટર્ડ જુબાની હોય તેમ જણાય છે. આમ, પોલીસની ઓળખ પરેડ કાયદેસર નથી અને સાહેદઓ ટ્યુટર વીટનેસ છે અને ગુનો કરવાનો કોઈ પૂર્વ ઈરાદો હતો તેવો કેસ નથી તેમજ ઘટનાસ્થળના વાહનો અને કપડાં/હથિયારના પુરાવાઓ શંકાસ્પદ છે. ઘટનાસ્થળે અન્ય સ્વતંત્ર સાહેદઓ હાજર હોવા છતાં પોલીસે તેમને કેમ ન તપાસ્યા, તેનો પ્રોસિક્યુશન પાસે કોઈ ખુલાસો નથી. તેથી કોર્ટે આ બાબતને ગંભીરતાથી લેવી જોઈએ. ગુનો કરવા પાછળનો જે મુખ્ય હેતુ (મોટીવ) એફ.આઈ.આર. માં બતાવાયો છે, તે અને સાહેદોની જુબાનીમાં જે હેતુ બહાર આવે છે, તે બંને તદ્દન અલગ છે. આ એક મહત્વનો વિરોધાભાસ છે. ઘટના કયા ચોક્કસ સ્થળે બની તે બાબતે પ્રોસિક્યુશનનો કેસ નબળો છે. બનાવવાળી જગ્યા જાહેર જગ્યા છે અને લોકોની અવરજવર

વાળો તેમજ  આસપાસ નજીકમાં રહેણાંક હોવા છતાં કોઈ સ્વતંત્ર સાહેદ તપાસવામાં આવ્યા નથી.  વધુમાં જો કોઈ વ્યક્તિની નજર સામે છરીબાજી જેવી ગંભીર ઘટના બનતી હોય, તો તે વ્યક્તિ ૫ મિનિટ સુધી બુલેટ પર શાંતિથી બેસી રહે અથવા લાંબો સમય કોઈ પ્રતિક્રિયા ન આપે તે બાબત માનવ સહજ સ્વભાવથી વિપરીત અને અકુદરતી છે એટલેકે સામાન્ય નથી આવા સાહેદઓ પર ભરોસો ન કરી શકાય. બનાવ નજરે જોનાર સાહેદોનું વર્તન એટલું અસામાન્ય છે કે તેઓ ખરેખર નજરે જોનાર હતા કે કેમ તે શંકાસ્પદ બને છે.  વધુમાં ૧૦૮ એમ્બ્યુલન્સને કોણે ફોન કર્યો, કયા સમયે ફોન કર્યો તેનો કોઈ ઓફિશિયલ રેકોર્ડ કે કોલ ડિટેલ્સ પ્રોસિક્યુશન રેકર્ડ પર લાવેલ નથી. આરોપીના કપડાં (બનાવ વખતની વિગત) અંગેના પંચનામા અને નિવેદનોમાં ભારે વિરોધાભાસ છે, જે દર્શાવે છે કે સાક્ષીને ઊભો કરવા માટે આ બધું પાછળથી ગોઠવવામાં આવ્યું છે. ભોગ બનનારને સારવાર માટે લઈ જનાર વાહનમાં કે કપડાં પર લોહીના ડાઘા મળવા અંગે કોઈ સ્વતંત્ર વૈજ્ઞાનિક પુરાવો નથી. વધુમાં એરપોર્ટ સર્કલ જેવા વ્યસ્ત અને સુરક્ષિત વિસ્તારમાં સી.સી.ટી.વી. કેમેરા હોય જ. પોલીસે તે સી.સી.ટી.વી. ફૂટેજ કેમ કોર્ટ સમક્ષ રજુ ન કર્યા? કારણ કે જો તે ફૂટેજ રજૂ થાય, તો પ્રોસિક્યુશનનો ખોટો કેસ સાબીત થઈ જાય.  વધુમાં  ડૉ. જ્યોત્સનાબેન (PM કરનાર ડોક્ટર) નો પુરાવો ધ્યાને લેતા તેમની જુબાની અને પંચનામાના રિપોર્ટમાં વિરોધાભાસ છે. શરીર પરની ઈજાઓ  અને પંચનામામાં દર્શાવેલી વિગતો મેડિકલ રિપોર્ટ સાથે સંપૂર્ણ રીતે બંધ બેસતી નથી. આખા કેસમાં જે બુલેટ વાહનનો ઉલ્લેખ વારંવાર આવે છે, તે ખરેખર ઘટનાસ્થળે હતું જ નહીં અને તે અંગે કોઈ પાકો પુરાવો  સરકાર પક્ષ આપી શકેલ નથી. ઈજા નં.૩/૧ અંગે પંચનામુ જોતા તે ઈજા ૩.૫ ઈંચની નથી પરંતુ ૧.૫ ઈંચ બતાવેલ છે. વધુમાં દલીલ કરેલ છે કે, રેકર્ડ અને જુબાની મુજબ ગુનામાં વપરાયેલ હથિયાર એક અણીદાર (Pointed) છરી હોવાનું કહેવાય છે, પરંતુ તેનાથી થયેલા ઘા કે ઈજાઓ (Injuries) આ હથિયાર સાથે સુસંગત નથી. મેડિકલ ઓફિસર (ડોક્ટર) ની જુબાની અથવા રિપોર્ટમાં એવી કોઈ ઈજાનો ઉલ્લેખ નથી જે અણીદાર છરીથી થઈ શકે. કેસ મુજબ છરીના ઘા માર્યા હોવાનો દાવો છે, પણ મેડિકલ રિપોર્ટમાં તેવી ઈજાઓ સાબીત થતી નથી અને આ ગંભીર ખામી અંગે પ્રોસિક્યુશન પાસે કોઈ ખુલાસો નથી. મેડિકલ ઓફિસરના

રિપોર્ટમાં ૨ ઈજાઓ દર્શાવી છે જ્યારે ઈનક્વેસ્ટ પંચનામા માં માત્ર ૧ ઈજા દેખાય છે. તેથી આ નિષ્ણાત ડોક્ટરની જુબાની કાયદાકીય રીતે ગ્રાહ્ય રાખવા પાત્ર નથી. વધુમાં ડૉક્ટરના ચાર્ટ/રિપોર્ટ અને ઈન્ક્વેસ્ટ પંચનામામાં દર્શાવેલી ઈજાની જગ્યા જેમ કે છતી પરના ઘા વગેરેમાં મોટો તફાવત જોવા મળે છે. વધુમાં પોસ્ટમોર્ટમ અથવા મેડિકલ તપાસ દરમ્યાન શરીરમાંથી કોઈ અન્ય વસ્તુ જેમ કે હથિયારનો ટુકડો વગેરે મળી નથી. સાહેદો એવું કહે છે કે ઘા વાગતા જ વ્યક્તિ જમીન પર પડી ગઈ હતી, પણ મેડિકલ પુરાવા તે ઘટનાક્રમને ટેકો આપતા નથી. વધુમાં ફરિયાદપક્ષના કેસની હકીકત મુજબ પેટ પર ઘા મારેલ છે તો જઠર ઉપર ઈજા થાય પરંતુ તેવી કોઈ ઈજા મેડીકલ ઓફીસર જણાવતા નથી. જો પોઈન્ટેડ હથિયારથી ઈજા થયેલ હોય તો પોઈન્ટેડ ઈજા કેમ ન આવી? વધુમાં આ ઈજા મુદ્દામાલ છરી થી થયેલાનું સાબીત થતુ નથી. સાહેદ ઋતુરાજસિંહની બનાવ પહેલાની, બનાવ વખતેની અને બનાવ બાદની વર્તણુક જોતા માની શકાય તેવી નથી. વધુમાં ૩૦૨ લાગુ પડતી નથી કેમ કે ફરિયાદની હકીકત જોવામાં આવે તો પણ મરણજનાર વચ્ચે આવતા તેને ઘા વાગી ગયેલ છે મરણજનારને મારવાના ઈરાદે છરીનો ઘા કરેલ નથી. બોલેરોના માલીકને તપાસેલા નથી તેથી ડો. કડીવારની ચેઈન સાબીત થતી નથી. ડો. કડીવારની હોસ્પિટલ બંધ હોય તેના કોઈ પુરાવા નથી. હર્ષદિપ, વિશ્વદિપ બનાવ વખતે હાજર હોય તેવું ક્યાંય ફરિયાદમાં નથી. આંક-૯૩ થી તપાસેલા સાહેદ મુજબ હર્ષદિપ વિશ્વદિપ બનાવ સમયે હાજર હતા તેમ છતાં તેમને તપાસેલા નથી. તેનો કોઈ ખુલાસો નથી. વધુમાં દલીલ કરેલ છે કે, ડૉક્ટર પાસે જે કાનૂની અભિપ્રાય કે પૂછપરછનો રિપોર્ટ તૈયાર કરાવવામાં આવેલો છે, તે કુદરતી નથી પરંતુ પોલીસે કેસ ગોઠવવા માટે પહેલેથી શીખવાડીને (ટ્યુટર્ડ વીટનેસ) તૈયાર કરાવેલો છે. પોલીસે જે છરી જપ્ત કરી હોવાનો દાવો કરેલો છે તેનું કદ, અને ડૉક્ટરે ભોગ બનનારના શરીર પરની ઈજાઓ જોઈને જે કદ અથવા ડાયમેન્શન (લંબાઈ-પહોળાઈ) નો અંદાજ લગાવ્યો છે, તે બંને વચ્ચે બહુ મોટો તફાવત છે. વધુમાં દલીલ કરેલ છે કે ઈન્ક્વેસ્ટ પંચનામા વખતે જે ઈજાઓ નોંધાઈ હતી અને પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં જે પાંચ ઈજાઓ દર્શાવવામાં આવેલી છે, તે બંને એકબીજાનો વિરોધ કરે છે. આ વિરોધાભાસ એટલો ગંભીર છે કે એફ.એસ.એલ. નો વૈજ્ઞાનિક અહેવાલ પણ પ્રોસિક્યુશનના

કેસમાં ફિટ બેસતો નથી. સાહેદ ઋતુરાજસિંહની જુબાની નો સંદર્ભ આપીને દલીલ કરે છે કે પ્રથમ ઈન્ક્વેસ્ટ પંચનામા વખતે જ ગુનાની તપાસ શરૂ થઈ ગઈ હોવાનું દેખાય છે. કાયદા મુજબ આવી ફરિયાદ ક્રિ.પ્રો.કોડ ની કલમ ૧૫૪ હેઠળ તુરંત નોંધાવી જોઈએ, છતાં તેમાં મોટો વિલંબ થયેલ છે. ૧૧૨ નંબરની ઈમરજન્સી સેવા કે અન્ય તથ્યો જોતાં પણ આ મોડી ફરિયાદ કાયદેસર ગણી શકાય નહીં. વધુમાં હિસ્ટ્રી શીટ અને સ્ટેશન ડાયરીનું રેકર્ડ જોતાં પોલીસની આખીય કાર્યવાહી અને તપાસ પ્રોજેક્ટેડ  હોવાની ગંભીર શંકા ઊભી થાય છે. આરોપી નંબર ૧ ની ઓળખ અંગેનો કેસ નબળો છે. આરોપી નંબર ૨  ની ઓળખ પરેડ  અને મેડિકલ સર્ટિફિકેટ માં માત્ર "ઈજા" નો ઉલ્લેખ છે, પરંતુ તે કોણે અને કઈ રીતે કરી તે સ્પષ્ટ ન હોવાથી આરોપી નં.૧ ની ઓળખ સાબીત થતી નથી. વધુમાં  દલીલ કરેલ છે કે આ કેસમાં રાજકિય દબાણ કામ કરી રહ્યું હતું. કેસની શરૂઆતમાં જ પોલીસ ડાયરી અને ઈન્ક્વેસ્ટ કાર્યવાહીમાં રાજકીય સંડોવણીના કારણે આખીય ફરિયાદ શંકાસ્પદ બની ગઈ છે.  પંચનામા અને રેકર્ડ તપાસતા ઘટનાસ્થળેથી કોઈ બુલેટ મળેલ નથી, માત્ર એક્ટિવા મળેલ હોવાનો ઉલ્લેખ છે. જ્યારે સાક્ષીઓ એવી જુબાની આપે છે કે તેઓ બુલેટ પર ગયા હતા. આરોપીના વકીલશ્રીએ પ્રશ્ન ઉઠાવેલ છે કે જો તેઓ બુલેટ પર ગયા હોય તો પંચનામામાં બુલેટ કેમ નથી? આ વિસંગતતા દર્શાવે છે કે વાહન અંગેનો પ્રોસિક્યુશનનો દાવો ખોટો છે. સાહેદ એમ કહે છે કે ઘટનાસ્થળે ૫ મિનિટ સુધી બેસી રહ્યા હતા, તો પછી માત્ર ૧ જ ઘા  કેમ મારવામાં આવ્યો? જો દુશ્મની હોય તો વધુ ઈજાઓ થવી જોઈતી હતી. સાક્ષીઓ એમ કહે છે કે તેઓ "મારનાર" ને ઓળખતા નથી, તો પછી આરોપી નં.૧ ની કોઈ કાયદેસરની ઓળખ પરેડ કેમ ન કરાવાઈ? મેડિકલ રિપોર્ટ  માં પણ મારનાર અજાણ્યો હોવાનો ઉલ્લેખ કેસને મજબૂત રીતે તોડી પાડે છે. વધુમાં શરૂઆતના કોઈ નિવેદનમાં કે સાક્ષીઓની જુબાનીમાં આરોપી નં.૨ નું નામ કે તેની હાજરીનો કોઈ ઉલ્લેખ નહોતો. તેનું નામ માત્ર શંકાના આધારે અને પાછળથી વિચાર કરીને  કેસમાં જોડી દેવામાં આવ્યું છે, જે પુરાવા કાયદાકીય રીતે ગ્રાહ્ય રાખવાપાત્ર બનતી નથી. વધુમાં સાહેદ ડો. વી.એસ.ગઢવીની આંક-૧૧૫ ની જુબાની જોતા સાક્ષી ઋતુરાજસિંહના શરીરે કોઈ ફ્રેક્ચર  નથી, તેમ છતાં આઈ.પી.સી. ની કલમ ૩૦૭  નો ગુનો કઈ રીતે લાગુ કર્યો તે શંકાસ્પદ છે. ડૉક્ટરની જુબાની અને મેડિકલ રેકર્ડ

સરખાવતા જણાય છે કે શરીરે જે ઈજાઓ છે તે પોતે જ પોતાની જાતને પહોંચાડી શકે તેવા પ્રકારની છે અને તેથી આઈ.પી.સી. કલમ–૩૦૭ પુરવાર થતી નથી. મેડિકલ સર્ટિફિકેટ માં ઈજા ગંભીર કે જીવલેણ હોવાની કોઈ નોંધ નથી. વળી, ઘટનાસ્થળેથી લોહીના ડાઘા કઈ દિશામાં ગયા તે અંગે આઇ.ઓ. એ કોઈ ચોક્કસ તપાસ કરેલ નથી. આ ઉપરોક્ત તમામ હકીકતો મુજબ ફરિયાદપક્ષ આરોપીઓ સામે ગુનો શંકાથી પર સાબીત કરવામાં નિષ્ફળ ગયું હોવાથી આરોપીઓને દોષિત ઠરાવવાનો કોઈ કાયદેસર આધાર રહેતો નથી અને તે સંજોગોમાં આરોપીઓને સંપૂર્ણ રીતે નિર્દોષ ઠરાવી છોડી મૂકવા ભારપૂર્વક દલીલ કરેલ છે.

આરોપીપક્ષ તરફે તેમની દલીલના સમર્થનમાં નીચે મુજબના ચુકાદાઓ રજુ રાખી તેના ઉપર આધાર રાખેલ છે.

1. 2022 LawSuit(SC) 938, KHEMA @ KHEM CHANDRA ETC V/S STATE OF UTTAR PRADESH
2. 2023 LawSuit(SC) 1280, CHANDRASEKHAR PATEL V/S. SURESH & ORS.
3. 2024 LawSuit(SC) 375, SURESH @ UNNI @ VADI SURESH V/S. STATE OF KERALA
4. 2024 LawSuit(SC) 675, ALLARAKHA HABIB MEMON ETC. V/S. STATE OF GUJARAT
5. 2025 LawSuit(SC) 1058, NARAYAN YADAV V/S. STATE OF CHHATISGADH

(૦૮) આ કામે કેસના આખરી ન્યાય નિર્ણય અર્થે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**:: મુદ્દા ::**

**મુદ્દા નં.૧:–** શું ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામે મરણજનાર જયરાજસિંહ જાડેજાનું મૃત્યુ કુદરતી મૃત્યુ નહિ પણ સાપરાધ મનુષ્યવધ (હોમીસાઈડલ ડેથ) હતો?

**મુદ્દા નં.૨:–** શું ફરીયાદપક્ષ નિઃશંકપણે સાબીત કરે છે કે, તા.૨૯/૧૨/૨૦૧૭ ના રોજ કલાક ૧૪–૦૦ વાગ્યાના અરસામાં એરપોર્ટ દિવાલ પાછળ, પુનીતનગરની ગોળાઈ

પાસે રાજખોટ ખાતે આ કામના મરણજનાર જયરાજસિંહ જાડેજાના કબજાનું એક્ટીવા મોટરસાઈકલ નં. GJ–03–EJ–3737 વાળુ આ કામના આરોપી નં. ૨ ધનરાજસિંહ જાડેજાના હોન્ડા મોટરસાઈકલ સાથે અથડાતા આ કામના બન્ને આરોપીઓએ એકસંપ કરી ફરિયાદી, સાહેદ તેમજ મરણજનારની સાથે ઝઘડો કરી ફરિયાદી તેમજ સાહેદને મારી નાખવાના ઈરાદે છરી વડે જીવલેણ હુમલો કરી અને જયરાજસિંહ જાડેજાને આરોપી નં.૧ અજયસિંહ વાળાએ છરી વડે પગમાં સાથળની પાછળના ભાગે જીવલેણ ઘા મારી જયરાજસિંહ જાડેજાનું મોત નીપજાવી અને ત્યારે સાહેદ સમર્થસિંહ વચ્ચે પડતા આરોપી નં. ૨ ધનરાજસિંહ જાડેજાએ પથ્થર ઉગામી બન્ને આરોપીઓએ ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી **ઈ.પી.કોડ કલમ–૩૦૨, ૩૦૭ તથા ૧૧૪** મુજબનો સજાને પાત્ર ગુનો કરેલ છે?

**મુદ્દા નં.૩:–** શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, ઉપરોક્ત તારીખે, સમયે અને સ્થળે રાજકોટના પોલીસ કમિશનરશ્રીનું હથિયારબંધીનું જાહેરનામુ અમલમાં હોવા છતાં આ કામના આરોપીઓઓએ જાહેરમાં પ્રાણઘાતક હથિયાર છરી ધારણ કરી તેનો ઉપયોગ મરણજનારને મહાવ્યથા પહોંચાડી તેનું મોત નીપજાવવામાં કરી હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી **જી.પી.એક્ટની કલમ–૧૩૫(૧)** મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

**મુદ્દા નં.૪:–** શું હુકમ ?

**(૦૯)** આ કેસમાં ઉપરોક્ત મુદ્દાઓ અંગેના મારા ન્યાયિક નિર્ણયો આ કામે કેસના આખરી ન્યાય નિર્ણય અર્થે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**મુદ્દા નં.૧:–** હકારમાં.

**મુદ્દા નં.૨:–** હકારમાં

**મુદ્દા નં.૩:–** હકારમાં

**મુદ્દા નં.૪:–** આખરી હુકમ મુજબ

**(૧૦)** ઉપરોક્ત નિર્ણયો અંગેના મારા કારણો નીચે મુજબ છે.

**::– કા ર ણો ::–**

**(૧૧)** ફરિયાદપક્ષ દ્વારા મુદ્દા નં.૧ થી ૪ ની હકીકતો સાબીત કરવા માટે ફરિયાદ પક્ષ તરફે કુલ–૧૪ સાહેદોને સોગંદ ઉપર તપાસેલા છે તેમજ કુલ–૪૮ દસ્તાવેજી પુરાવા રજુ રાખેલા છે.

**<u>મુદ્દા નં.૧ ની ચર્ચા::–</u>**

**(૧૨)** આ કામના આરોપીઓ સામે ફરમાવવામાં આવેલ તહોમતનામામાં જણાવ્યા મુજબના આક્ષેપો ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરી શકેલ છે કે કેમ? તેનો નિર્ણય કરવા માટે સૌપ્રથમ મરણજનાર જયરાજસિંહ જાડેજાનું મૃત્યુ કુદરતી મૃત્યુ નહિ પરંતુ, સાપરાધ મનુષ્યવધ (હોમીસાઈડલ ડેથ) હતો તેનો નિર્ણય કરવા માટે મરણજનારની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ કે જે **આંક–૨૩** થી રજુ થયેલ છે તે તેમજ મરણજનારની લાશનું પી.એમ. કરનાર મેડીકલ ઓફીસરશ્રીનો પુરાવો તેમજ તેઓએ તેમની જુબાની દરમ્યાન રજુ કરેલ મરણજનારની પી.એમ. નોટ તે અગત્યનો પુરાવો ગણી શકાય.

ઉપરોકત હકીકત પુરવાર કરવા માટે આ કામે ફરીયાદ પક્ષે મરણજનાર જયરાજસિંહ જાડેજાની લાશનું પી.એમ. કરનાર PW–11 ડો. અલ્પાબેન જગદીશભાઈ જેઠવાને આંક–૧૦૧ થી સોગંદ પર તપાસેલા છે. તેમના દ્વારા પોતાની જુબાનીમાં પોસ્ટમોર્ટમ નોટ આંક–૧૦૩ થી અને મૃત્યુનું કારણ દર્શાવતું સર્ટિફિકેટ આંક–૧૦૫ થી રજુ કરેલ છે. વધુમાં આ સાહેદ ડોકટરની જુબાની મુજબ મરણજનારના પેટની ડાબી બાજુએ ૮મી પાંસળીથી નીચે ૩.૫૨ સે.મી. નો ત્રાંસો ઓવલ શેપનો ભોકાયેલો ઊંડો ઘા તથા વાંસાના ભાગે ૧.૫૧ સે.મી. ત્રિકોણાકાર છોલાયેલો ઘા મળી આવેલ હતા. આંતરિક તપાસમાં

પેરીટોનિયમમાં ૫ સે.મી. નો કપાયેલો ઘા, હોજરીમાં ઉપરથી નીચે ૫ સે.મી. ભોકાયેલો ઘા તેમજ લીવરના ડાબા લોબમાં ૪ x ૧ સે.મી. કપાયેલો ઘા જોવા મળેલ છે. પેટના પોલાણમાં આશરે ૨ લીટર લોહીવાળું પ્રવાહી મળી આવેલ હતું. આ તમામ ઈજાઓ મરણ પહેલાંની હોવાનું તબીબે સ્પષ્ટપણે જણાવેલ છે. વધુમાં આ સાહેદે આંક-૧૦૨ વાળી યાદી મુજબ તેમને બતાવવામાં આવેલ મુદ્દામાલ આર્ટીકલ નં. ૪-H વાળી છરી ચકાસીને અભિપ્રાય આપેલ છે કે પી.એમ. રીપોર્ટની કોલમ નં. ૧૭ માં દર્શાવેલ ભોકાયેલી ઈજા આ પ્રકારના ધારદાર હથિયારથી થઈ શકે છે. છરીનો ફણો આશરે ૫-૬ ઇંચ લંબાઈનો હોવાનું પણ ડોકટરે પોતાની જુબાનીમાં જણાવેલ છે, જે મરણજનારના આંતરિક અવયવો સુધી પહોંચી શકે તેટલી લંબાઈ ધરાવે છે. વધુમાં ડોકટરે આંક-૧૦૫ વાળા સર્ટિફિકેટમાં સ્પષ્ટ અભિપ્રાય આપેલ છે કે "મૃત્યુ પેટ પર મારેલી ઈજાને કારણે વધુ લોહી વહેતા હૃદય અને શ્વસન ક્રિયા બંધ થવાથી થયેલ." તેમણે વધુમાં જણાવેલ છે કે આ ઈજા કુદરતના સામાન્ય ક્રમમાં મૃત્યુ નિપજાવવા માટે પુરતી હતી. લીવર, હોજરી અને પેરીટોનિયમ જેવા મહત્વના અવયવો કપાઈ જવાથી તથા ૨ લીટર જેટલું લોહી વહી જવાથી હેમરેજિક શોક લાગવો એ મેડિકલી સ્થાપિત હકીકત છે. વધુમાં પેટની ડાબી બાજુએ ઊંડો ભોકાયેલો ઘા તથા વાંસા પરનો ત્રિકોણાકાર ઘા એવી જગ્યાએ અને એવી પ્રકૃતિના છે કે તે જાતે પાડી શકાય નહીં કે આકસ્મિક રીતે પડવાથી લાગી શકે નહીં. શર્ટ ડાબી બાજુથી ફાટી ગયેલ અને લોહીથી ખરડાયેલ હોવાની હકીકત પણ બાહ્ય હુમલાનું સમર્થન કરે છે. ડોકટરે સ્પષ્ટ જણાવેલ છે કે આ ઈજાઓ મરણ પહેલાંની છે અને બાહ્ય બળપ્રયોગથી જ શક્ય છે.ઉપરોક્ત મેડિકલ પુરાવાનું સંપૂર્ણ મુલ્યાંકન કરતાં સ્પષ્ટ થાય છે કે મરણજનાર જયરાજસિંહનું મૃત્યુ કુદરતી બીમારીથી કે અકસ્માતથી કે આત્મહત્યાથી થયેલ નથી. ઊંડો ભોકાયેલો ઘા, મહત્વના આંતરિક અવયવોનું કપાઈ જવું, મોટા પ્રમાણમાં આંતરિક રક્તસ્ત્રાવના આ તમામ હકીકતો પુરવાર કરે છે કે મરણજનારનું મૃત્યુ અન્ય વ્યક્તિ દ્વારા ધારદાર હથિયારથી કરવામાં આવેલ હુમલાને કારણે જ નીપજેલ છે. તે સંજોગોમાં નામ. સુપ્રીમ કોર્ટના પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંત મુજબ જ્યારે મેડિકલ પુરાવો સ્પષ્ટપણે દર્શાવતો હોય કે મૃત્યુ

હિંસક હુમલાને કારણે થયેલ છે અને ઈજાઓ આકસ્મિક કે જાતે કરેલી હોઈ શકે નહીં, ત્યારે મૃત્યુ હોમિસાઈડલ ગણાય. વધુમાં ફરિયાદપક્ષે તપાસેલ PW-1 ચેતનભાઈ જોશી આંક-૧૭, PW-2 મુકુંદ ટાંક આંક-૨૨ તથા PW-3 પ્રજ્ઞેશભાઈ સોલંકી આંક-૨૬ ની જુબાનીઓ વંચાણે લેતા જણાઈ આવે છે કે, PW-1 ની હાજરીમાં બનાવ સ્થળેથી થાંભલા પાસેથી લોહીના ધાબા તથા ઘાસના સેમ્પલ સીલબંધ કરી લેવામાં આવેલા હતા, જે પંચે મુદ્દામાલ આર્ટીકલ-2 અને 3 તરીકે ઓળખી બતાવેલા છે તેજ રીતે PW-2 એ ઈન્કવેસ્ટ પંચનામા આંક-૨૩ વખતે મરણજનારની ડાબી બાજુ પડખામાં દોઢ-બે ઇંચનો ભોકાયેલો ઘા તથા વાંસાના ભાગે લોહીના ડાઘા નજરે જોયેલા હતા. PW-3 એ મરણજનારના લોહીવાળા કપડા શર્ટની ડાબી બાજુએ તથા પેન્ટના ડાબા પાઇચામાં લોહીના ડાઘા જોયા હતા અને મુદ્દામાલ આર્ટીકલ-1 MARK-C તરીકે ઓળખી બતાવેલા. વધુમાં સ્થળ પર લોહીના ધાબા, શરીરે ઊંડો ભોકાયેલો ઘા અને લોહીથી ખરડાયેલા કપડા આ ત્રણેય હકીકતો દર્શાવે છે કે, મરણજનાર જયરાજસિંહ ઉપર ઘાતક હુમલો થયેલ હતો. કુદરતી કે આકસ્મિક મૃત્યુમાં આ પ્રકારે લોહી વહેવું, કપડા ફાટવા કે ભોકાયેલો ઘા સંભવી શકે નહીં. વધુમાં PW-4 જીગરભાઈ જોશી આંક-૩૧, PW-5 અરસીલ મગસી આંક-૩૫ તથા PW-6 રમેશભાઈ તેરૈયા આંક-૩૯ ની જુબાનીઓ પણ મૃત્યુ હોમિસાઈડલ હોવાનું સમર્થન કરે છે. PW-4 ની હાજરીમાં ઈજાગ્રસ્ત સાહેદ ઋતુરાજસિંહ જાડેજાના બન્ને હાથોમાં તથા ડાબા પગના સાથળે પાટા બાંધેલા હતા અને તેના લોહીવાળા કપડા, બ્લુ ટી-શર્ટની બાંયમાં લોહી, કાળા જીન્સ પેન્ટમાં કાપો તથા લોહી, સ્વેટર પર લોહી, સીલપેક કરવામાં આવેલા. સાહેદ સમર્થસિંહના ક્રિમ શર્ટની ડાબી બાંયમાં તથા જીન્સના ડાબા પાઇચામાં પણ લોહી મળી આવેલ. આમ, એકથી વધુ વ્યક્તિઓને ઈજા થવી તથા કપડા લોહીથી ખરડાવા અને કપાવા એ સ્પષ્ટપણે દર્શાવે છે કે બનાવ સ્થળે ધારદાર હથિયારથી હિંસક મારામારી થયેલ હતી. PW-5 ને પોલીસે "ખૂન થઈ ગયેલ છે તે બાબતના કેસમાં" પંચ રહેવા બોલાવેલ અને બનાવમાં વપરાયેલ હીરો હોન્ડા સ્પ્લેન્ડર બાઈક પણ કબજે લેવાયેલ જેના પર સ્કેચના નિશાન હતા. આરોપી ધનરાજભાઈના કપડા

પણ PW–6 ની હાજરીમાં સીલપેક કરાયા હતા. આમ, બનાવ સ્થળે મારામારી થવી, એકથી વધુ વ્યક્તિ ઈજાગ્રસ્ત થવી, લોહીવાળા કપડા મળવા તથા વાહન પર સ્કેચના નિશાન હોવા આ તમામ સંજોગો પુરવાર કરે છે કે મરણજનારનું મૃત્યુ આકસ્મિક કે આત્મહત્યા નહીં પરંતુ હુમલાખોરો દ્ધારા કરવામાં આવેલ ઘાતક હુમલાને પરિણામે જ થયેલ છે. આમ, મરણજનારનું પી.એમ. કરનાર ડોક્ટર અને પંચસાહેદોના નિવેદનો સાથે પરસ્પર સમર્થનકારી જણાઈ આવેલ છે. આ તમામ પુરાવાનું મુલ્યાંકન એકસાથે કરવાથી સ્પષ્ટ થાય છે કે, **મરણજનાર જયરાજસિંહ જાડેજાનું મૃત્યુ કુદરતી કે આકસ્મિક મૃત્યુ નહિં પરંતુ, સાપરાધ મનુષ્યવધ હતો તેવું માનવાને કારણ રહે છે, જેથી મુદા નં.૧ નો નિર્ણય "હકારમાં" આપુ છું.**

**<u>મુદ્દા નં.૨ તથા ૩ ની ચર્ચા::–</u>**

**(૧૩)** આ મુદ્દાના સંદર્ભમાં ફરીયાદપક્ષના પુરાવાની ચર્ચા કરતા પહેલા એ હકીકત નોંધનીય છે કે, આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨ મુજબનો ગુનો કરેલાનું તહોમત છે. ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨ મુજબના ગુનાને કામે આરોપીઓ સામે કેસ ચલાવતી વખતે સર્વપ્રથમ ફરિયાદ પક્ષે એ હકીકત પુરવાર કરવી પડે કે (૧) સાપરાધ મનુષ્યવધ થવા પામ્યો છે (૨) તે આરોપીઓએ કોઈ કૃત્ય કર્યુ હોય (૩) જેના કારણસર ભોગ બનનારનું મૃત્યુ નીપજયું હોય (અહીં કૃત્યની વ્યાખ્યામાં કાર્યલોપનો પણ સમાવેશ થાય છે.) (૪) તે કૃત્ય આરોપીઓએ મૃત્યુ નિપજાવવાના ઈરાદાથી અથવા એવા જ્ઞાન સાથે કે જે શારીરિક ઈજા પહોંચાડવામાં આવી છે તેનાથી મૃત્યુ નીપજવાનો સંભવ છે, અને તે શારીરિક ઈજા પહોંચાડવાના ઈરાદાથી કૃત્ય કર્યુ હોય (૫) કૃત્ય કરનાર આરોપીઓએ જે ઈજા પહોંચાડવા ધારી હોય તે કુદરતના સામાન્ય ક્રમમાં મૃત્યુ નીપજાવવા પુરતી છે.

ત્યારબાદ અદાલતે રેકર્ડ ઉપરનો પુરાવો જોઈ ધ્યાને લેવુ જોઈએ કે, (૬) આરોપીઓ ધ્વારા કરવામાં આવેલ કૃત્ય ઈ.પી.કો. કલમ–૩૦૦ માં આપવામાં આવેલા પાંચ પૈકી કોઈપણ અપવાદમાં પડે છે કે કેમ ? તે સિવાય જો આરોપીઓએ કોઈ ચોકકસ અપવાદનો બચાવ લીધો હોય તો

તે ધ્યાને લેવાનું રહે છે (૭) જો આરોપીઓનું કૃત્ય કલમ–૩૦૦ માં દર્શાવેલ કોઈ અપવાદમાં ન પડતુ હોય તો સાપરાધ મનુષ્યવધ ખૂન ગણાય અને આરોપીઓને ઈ.પી.કો. કલમ ૩૦૨ અન્વયે સજા કરી શકાય. (૮) જો આરોપીઓનું કૃત્ય કલમ–૩૦૦ માં દર્શાવેલ કોઈ અપવાદમાં પડતુ હોય તો આરોપીઓને સાપરાધ મનુષ્યવધ ખૂન ગણાય નહિ તેવા ગુના માટે ઈ.પી.કો. કલમ ૩૦૪ ની જોગવાઈ મુજબ સજા કરી શકાય.

અત્રે એ પણ નોંધવાનું જરૂરી જણાય છે કે, આરોપીઓનું કૃત્ય કલમ–૩૦૦ માં આપવામાં આવેલ કોઈ અપવાદમાં કે સામાન્ય અપવાદમાં પડે છે તે પુરવાર કરવાની જવાબદારી આરોપીઓ ઉપર રહે છે. આરોપીઓ સામેનો ગુનો પુરવાર કરવાની સમગ્ર જવાબદારી નિઃશંકપણે તમામ શંકાથી પર પુરવાર કરવાની ફરિયાદ પક્ષ ઉપર રહે છે. આ બોજો કયારેય ખસતો નથી કે હળવો થતો નથી. આરોપીઓનો કેસ કોઈ અપવાદમાં પડતો નથી, તે હકીકત ફરિયાદપક્ષે નકારાત્મક રીતે પુરવાર કરવાની રહેતી નથી, પરંતુ જો ફરિયાદ પક્ષ આરોપીઓ સામે સાપરાધ મનુષ્યવધ ખૂન ગણાય તેનો પુરાવો નિઃશંકપણે સાભિત કરી શકે ત્યારે અપવાદના સંજોગો ન હતા તેવુ અનુમાન કરવાનું અદાલતને રહે છે અને આ અનુમાનનું ખંડન કરવાની જવાબદારી બચાવ પક્ષની છે, અને તે પુરાવાનો પ્રકાર ફરિયાદ પક્ષ જેટલી નિ:શંકપણે પુરવાર કરવાની માત્રાની અપેક્ષા કરતા ઓછી રહે છે. બચાવ પક્ષે માત્ર સંભાવના અને શક્યતા દર્શાવી ફરિયાદ પક્ષના કેસ સામે પ્રશ્નાર્થ ઉભો કરવાનો છે, એટલે કે બચાવ પક્ષે ફરિયાદ પક્ષનો કેસ ખોટો છે તેવું નહિ પરંતુ સાચો છે કે કેમ તે બાબતે પ્રશ્નો ઉપસ્થિત કરવાના હોય છે. આરોપીઓ ઉપર જે અપવાદ પુરવારનો બોજો છે તે સંભવીતતાના સિધ્ધાંત ઉપર છે. બચાવ પક્ષે તે બાબતે લેખિત કે મૌખિક પુરાવો આપવો તેવો કોઈ નિયમ નથી પરંતુ રેકર્ડ પરની કેસની સ્વીકારી લેવાયેલ હકીકત તેમજ નિર્વિવાદ હકીકતો જે ફરિયાદ પક્ષના પુરાવામાં આવે છે તેના ઉપરથી પણ અપવાદના સંજોગો પુરવાર કરી શકાય છે.

**(૧૩.૧)** વધુમાં એ હકીકત પણ નોંધનીય છે કે, ફોજદારી કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો ખાસ કરીને નામદાર જુદી–જુદી વડી અદાલતો અને નામદાર સુપ્રિમ કોર્ટના જુદા–જુદા ચુકાદા અન્વયે ફરીયાદ પક્ષનો કેસ

સંપુર્ણપણે એટલે કે નિ:શંક પણે અને સચોટ પવો પુરવાર કરવો જોઈએ. નામદાર સુપ્રિમ કોર્ટના તાજેતરના જુદા–જુદા ચુકાદાઓ મુજબ અદાલતે ઘઉંમાંથી કાકરા નહીં પરંતુ કાકરામાંથી ઘઉં શોધવાના હોય છે એટલે કે, નામદાર સુપ્રિમ કોર્ટના ઘ્યાન ઉપર આવેલ છે કે, ફરિયાદ પક્ષના કેસમાં કયારેક નબળાઈ, ખોટ અથવા તો અધૂરાપક્ષુ જણાતું હોય છે, પરંતુ તેને કારણે અથવા તો ફરીયાદ પક્ષના તપાસ કરનાર અમલદારની બેદરકારીના કારણે ફરીયાદ પક્ષનો કેસ સંપુર્ણપણે ફેંકી દઈ શકાય નહી કારણ કે **સત્ય એ સત્ય જ રહે છે**. એટલું જ નહી પરંતુ ફરીયાદ પક્ષના કેસની તપાસ કરનાર અમલદારથી ખોટી રીતે તહોમતદારને કોઈ પણ ગુનામા સંડોવી દીધેલ હોય તો સ્વાભાવિક રીતે અદાલતે સંપુર્ણ રીતે જાગૃત રહીને નિર્દોષ વ્યકિતને રાજા ન થઈ જાય અને તેજ રીતે તહોમતદાર રાજામાથી કે ગુનામાંથી છટકી ન જાય તે બાબત પણ નમ્રતાપૂર્વક ફોજદારી અદાલતે જોવાની હોય છે. તેવી જ રીતે ફરીયાદપક્ષના કેસમાં ઘણા બધા સાહેદઓને તપાસ્યા છે કે કેમ ? એટલે કે ફરીયાદ પક્ષના સાહેદઓનો જથ્થો (quantity) જોવાનો હોતો નથી, પરંતુ ફરીયાદ પાના જે–જે સાહેદઓની જુબાની થઈ હોય તેની લાયકાત (quality) જોવાની હોય છે એટલે કે પુરાવાનુ મુલ્યાંકન એ રીતે કરવાનું હોય છે કે જેથી કરીને સત્ય હકીકત બહાર આવે અને "**વીકટીમોલોજી**" એટલે કે ભોગ બનનારને સાચો ન્યાય મળી શકે અને ફોજદારી કાયદા અન્વયેના સિધ્ધાંત જળવાઈ રહે તેમજ આરોપીઓને કોઈ પૂર્વગ્રહ ન થાય, તે તમામ પાસાઓ અદાલતે તપાસવાના હોય છે.

નામદાર સુપ્રિમ કોર્ટના તાજેતરના ચુકાદાઓ પ્રમાણે માત્ર એક સાહેદનો પુરાવો જો કુદરતી, વાસ્તવિક, માનવા લાયક, ભરોસાપાત્ર અને વિશ્વાસ લાયક જણાઈ આવતો હોય તો તેવા એક માત્ર સાહેદની જુબાની માનીને પણ આરોપીઓને ગુના સાથે સાંકળી શકાય. તેવી જ રીતે ફરીયાદ પક્ષે ૪૦–૫૦ સાહેદો તપાસેલા હોય પરંતુ આવા સાહેદોનો પુરાવો માનવા લાયક, કુદરતી, ભરોસાપાત્ર તેમજ વિશ્વાસપાત્ર જણાઈ આવતો ન હોય તો આવા ૪૦–૫૦ સાહેદોની જુબાની પણ ન માનીને તહોમતદારને નિર્દોષ ઠરાવી શકાય છે. ટુંકમા દરેક કેસના સંજોગો અને હકીકતો અલગ–અલગ હોય છે. અદાલતે દરેક કેસની હકીકતો, સંજોગો અને રેકર્ડ પરનો પુરાવો

વ્યાને લઈ તેવા પુરાવાનું ખુબજ બારીકાઈથી વિશ્લેષણ કરી કેસનો ગુણ–દોષ ઉપર નિર્ણય કરવાનો રહે છે.

કાયદાના ઉપરોક્ત પ્રસ્થાપિત થયેલ સિદ્ધાંતો ધ્યાને લઈ ફરિયાદપક્ષ દ્વારા હાલના કામમાં જે પુરાવો રજુ કરવામાં આવેલ છે, તે પુરવાનાની ચર્ચા કરવી આવશ્યક જણાય છે.

**(૧૩.૨)** ઉપરોક્ત મુદ્દા નં.૨ નો નિર્ણય ધ્યાને લેતા સવાલ એ ઉપસ્થિત થાય છે કે, મરણજનારનું મૃત્યુ એ હોમીસાઈડલ ડેથ હતુ તો મરણજનારના શરીર પર થયેલ આવી ઈજાઓ કોણે, કયારે, કેવી રીતે, શેના વડે અને શા માટે કરેલી ? તે મુદ્દાના સંદર્ભમાં નીચે મુજબના સાહેદોના પુરાવાની ચર્ચા કરવી જરૂરી માનુ છું.

**ફરિયાદપક્ષનો પુરાવો ::–**

**(૧૪)** ફરિયાદપક્ષ તરફે **P.W.– 12 ફરિયાદી ઋતુરાજસિંહ ભુપતસિંહ જાડેજાને આંક–૧૧૧ થી** સોગંદ ઉપર તપાસતા તેઓએ તેમના સોગંદ પરના પુરાવામાં એવી હકીકત જણાવેલ છે કે, તેઓ જામનગર રોડ ઉપર આવેલ બજરંગવાડી ખાતે તેમના પરિવાર સાથે રહું છું. બનાવ વખતે એટલેકે વર્ષ ૨૦૧૭ મા તેઓ તક્ષશીલા કોલેજમાં અભ્યાસ કરતા હતા. તેઓ ભાઈઓમાં મોટા છે. તેમના પિતાજી જોબવર્કનું કામ કરતા હતા. બનાવ તા. ૨૯/૧૨/૧૭ ના રોજ બનેલો. તે દિવસે બપોરે ૨ વાગ્યાના અરસામાં તેઓ અને તેમના મિત્ર સમર્થસિંહ ઝાલા બંન્ને લોકો તેમનું બુલેટ મોટરસાઈકલ લઈને બજરંગવાડીથી ભોમેશ્વર તરફ જતા હતા. તે વખતે તેમના માતા અરુણાબા જાડેજાનો મને ફોન આવેલ અને કહેલ કે જયરાજસિંહનો ફોન હતો અને તેનું એકસીડન્ટ એરપોર્ટની દીવાલ પાછળ પુનીત નગરની ગોળાઈ પાસે થયેલ છે જેથી તું ત્યાં જઈ તારુ બુલેટ તેને દઈ આવ. એમ વાત કરતા તેઓ અને તેમનો મિત્ર સમર્થસિંહ બંન્ને પુનિતનગરની ગોળાઈ પાસે પહોંચી અને જોયું તો તેમના ભાઈ જયરાજસિંહ ત્યાં આગળ હાજર અજયસિંહ વાળા સાથે બંન્ને એકબીજા સાથે હાથ લાંબા કરી ઝઘડો કરતા હતા. જેથી ત્યાં સમર્થસિંહ ઝાલાએ બુલેટ ઉભુ રાખતા તેઓ ઉતરીને અજયસિંહ વાળા પાસે જઈ શું છે? તેમ પુછતા આ વખતે અજયસિંહ વાળાએ

પોતાના પેન્ટના નેફામાંથી એક છરી કાઢેલ અને તેમની તરફ તેમને મારી નાખવા માટે આગળ આવતા તેમના ભાઇ જયરાજસિંહ છરી જોઇ જતા તે વચ્ચે આવેલ. તે વખતે તેમનો મિત્ર સમર્થસિહ બુલેટની ઘોડી ચડાવી તેમને છોડાવા વચ્ચે આવતો હતો તે વખતે અજયસિંહ વાળાએ પોતાની પાસેની છરી વડે તેમના ભાઇ જયરાજસિંહને છાતીના નીચેના પડખામાં ડાબી બાજુના ભાગે એક ઘા મારી દીધેલ અમે તેમને પણ મારી નાખવા માટે છરી મારવા જતા તેમણે તેમના બંન્ને હાથે છરી પકડી લીધેલ અને તે વખતે બંન્ને હાથે તથા ડાબા પગના સાથળના પાછળના ભાગે આ અજયસિંહએ તેમને છરી વડે ઈજા કરેલ. સાહેદે વધુમાં તેમના પુરાવામાં જણાવેલ છે કે, આ વખતે અજયસિંહ સાથે એક અજાણ્યો ઇસમ હતો જે તેમને છોડાવા વચ્ચે પડનાર મારા મિત્ર સમર્થસિંહ ઝાલા ઉપર પથ્થર ઉગામેલ અને સમર્થસિંહ પાછળ દોડેલ. આ વખતે રોડ ઉપર આવતા જતા અન્ય માણસો ઉભા રહી જતા આ અજયસિંહ અને તેની સાથેનો માણસ મોટરસાઈકલ લઇ ત્યાંથી ભાગી ગયેલા. સાહેદે વધુમાં તેમના પુરાવામાં જણાવેલ છે કે, ત્યારબાદ ત્યાંથી એક બોલેરો કેમ્પર પસાર થતા તેઓએ તેને ઉભી રખાવી તેમના ભાઇ જયરાજસિંહને દવાખાને લઇ જવા માટે જામનગર રોડ પર આવેલ કડીવાર સાહેબના દવાખાના તરફ રવાના થયેલ તે વખતે તેમણે ૧૦૮ ને પણ ફોન કરી દીધેલ હતો અને તેઓ કડીવાર સાહેબના દવાખાને પહોંચી બોલેરો કેમ્પરમાથી નીચે ઉતરી અને ત્યારબાદ આ બોલેરો કેમ્પર ત્યાંથી જતી રહેલ. પરંતુ કડીવાર સાહેબનું દવાખાનું બંધ હતુ તે જ વખતે ત્યાં ૧૦૮ આવી જતા તેમના ભાઇને તેઓ સરકારી હોસ્પીટલ ખાતે લઇ ગયેલા જ્યાં ફરજ પરના ડોકટરે તેમના ભાઇને જોઇ તપાસી મરણ ગયેલ જાહેર કરેલ અને તેમણે પણ તેમને થયેલી ઈજાની સારવાર સરકારી હોસ્પીટલમા જ કરાવેલી. તેમણે તેમને સારવાર કરનાર ડોકટરે પુછતા તેમણે ડોકટરને પણ પ્રાથમિક માહિતી બનાવ અંગેની આપેલી. રસ્તામાંથી તેમણે તેમના પિતાજી તથા મિત્રોને બનાવની જાણ કરેલ હોય તેઓ પણ દવાખાને આવી ગયેલ અને આ લોકોને પણ તેમણે આ બનાવની વિગતવાર જાણ કરેલ. સાહેદે વધુમાં તેમના પુરાવામાં જણાવેલ છે કે, આ બનાવનું કારણ એવું હતું કે, તેમના ભાઇ જયરાજસિંહએ પુનિતનગરમા રહેતા અજયસિંહ વાળા સાથે વાહન અથડાવા બાબતે ઝઘડો થતા તેઓ ત્યાં પહોંચતા તેમની હાજરીમાં અજયસિંહએ છરી વડે તેમના ઉપર

હુમલો કરેલ અને જયરાજસિંહને છરીનો એક ઘા મારી મોત નીપજાવી દીધેલ જે વાહન અકસ્માત બાબતે ઝઘડો થયેલ તેમાં તેમને પણ છરી વડે ઈજા કરેલ તેમજ તેમની સાથેના સમર્થસિંહ ઉપર પણ પથ્થર ઉગામી બંન્ને લોકોએ એકબીજાની મદદગારી કરી તેમના ઉપર હુમલો કરી લોકો ત્યાં ભેગા થઈ જતા ત્યાંથી નાસી ગયેલ. સાહેદે વધુમાં તેમના પુરાવામાં જણાવેલ છે કે, તેઓ આ બંન્ને લોકોને ઓળખે છે. તેમજ તેમને મુદ્દામાલ બતાવાવામાં આવે તો ઓળખી શકે. સાહેદ અજયસિંહ વાળા તથા અજાણ્યો માણસ કે જેને કોર્ટ રુબરુ નામ પુછતા પોતાનું નામ ધનરાજસિંહ જાડેજા હોવાનું જણાવે છે જે બંન્નેને ઓળખી બતાવે છે. તેમજ તેમણે જે ફરિયાદ આપેલી તે ફરિયાદમાં પોતાની સહી ઓળખી બતાવી આંક-૧૧૨ થી રજુ કરેલ છે. સાહેદે વધુમાં તેમના પુરાવામાં જણાવેલ છે કે, ત્યારબાદ તે જ દિવસે મોડી રાતે તેઓ પોલીસ સ્ટેશન પહોંચેલા અને ત્યાં તેમના તથા સમર્થસિંહના બનાવ વખતે પહેરેલ કપડા કે જે લોહી વાળા થયેલ હતા તે રજુ કરેલા અને તેમને થયેલ ઈજા વર્ણવેલ. તેઓ તેમના તથા તેમના મિત્ર સમર્થસિંહના જે કપડા રજુ કરેલ તે કપડાનું વર્ણન તેઓ જણાવી શકે. તે દિવસે તેમણે બ્લુ ટપકી ડીઝાઈન વાળું ટીશર્ટ અને વાઈટ કલરનું અડધી બાઈનું સ્વેટર હતું અને કાળા કલરનું જીન્સનુ પેન્ટ કે જેમા આછી સફેદ કલરની ડીઝાઈન હતી તેમજ તેમના મિત્ર સમર્થસિંહએ ક્રીમ કલરનો શર્ટ કે જેમાં આછા ગુલાબી વાદળી કલરની લાઈનીંગ હતી અને એક આછા બ્લુ કલરનું જીન્સનુ પેન્ટ હતુ આ બધા કપડા તેઓએ પોલીસને રજુ કરેલા. સાહેદને તેમના પુરાવા દરમ્યાન મુદ્દામાલ આર્ટી. નં. ડી ખોલી બતાવતા જે તેમના દ્વારા રજુ કરવામા આવેલા તેમના કપડા છે જે તેઓ ઓળખી બતાવે છે તેમજ તેમને મુદ્દામાલ આર્ટી. નં. ઈ કોર્ટ રુબરુ ખોલી બતાવતા તે તેમના મિત્ર સમર્થસિંહનાઓએ બનાવ વખતે પહેરેલ અને તે કપડા પોલીસમાં રજુ કરેલ જે તે ઓળખી બતાવેલ છે તેમજ તેમને મુદ્દામાલ આર્ટી. નં. એચ કોર્ટ રુબરુ ખોલી બતાવતા જેમાથી એક છરી નીકળેલ જે કાળા કલરના હાથા વાળી અને આગળ અણી છે આ તે જ છરી છે જે બનાવ વખતે અજયસિંહ પાસે હતી તેમ જણાવી તે ઓળખી બતાવે છે. સાહેદે વધુમાં તેમના પુરાવામાં જણાવેલ છે કે, ત્યારબાદ તેમની ફરિયાદ આપ્યા બાદ ૨-૩ દિવસ પછી તેમને પોલીસ દ્વારા કહેવામા આવતા મામલતદાર કચેરીમાં લઈ જઈ સાહેબ રુબરુ ઓળખ પરેડનું

પંચનામુ તેમની રુબરુ કે જેમાં તેમણે એક સાહેદ તરીકે એક ઈસમને ઓળખી બતાવેલ આ એ ઈસમ હતા કે જે તેમણે તેમની ફરિયાદમા અજયસિંહ વાળા સાથે એક અજાણ્યો ઈસમ હતો તે અજાણ્યા ઈસમને તેમણે મામલતદાર સાહેબ રુબરુ ઓળખ પરેડના પંચનામામાં ઓળખી બતાવેલ. સાહેદે વધુમાં તેમના પુરાવામાં જણાવેલ છે કે, આ કામમા તેમની ફરીયાદ અપાયા બાદ અને મામલતદાર સાહેબ રૂબરૂ ઓળખ પરેડનુ પંચનામુ થયા બાદ પોલીસ ઓફીસરશ્રી દ્ધારા તેમને લોહીના નમુના માટે હોસ્પિટલ લઈ જવામાં આવેલ અને ત્યાં તેમણે તેમનું બ્લડ સેમ્પલ આપેલ. ઉપરોકત તમામ હકીકતો તેમણે તેમની સરતપાસમા જણાવી તે તેમણે જે તે સમયે પોલીસ અધીકારીશ્રીને તેમની પુછપરછ દરમ્યાન જણાવેલ.

સાહેદે ઉલટતપાસમાં મુખ્યત્વે જણાવેલ છે કે, બનાવ સમયે તે અને સમર્થસિંહ ૨ મિનિટના અંતરે રહેતા ઘરેથી બુલેટ લઈને બનાવવાળી જગ્યાએ ગયેલા. બનાવ અઢીથી ત્રણ મિનિટ ચાલેલો અને તે બાદ ૩-૪ મિનિટમાં સ્થળ છોડી દીધું હતુ. સાહેદે જણાવેલ છે કે તેને જયરાજસિંહને બચાવવાનો સમય જ મળ્યો નહિ અને તે પોતે પોતાને બચાવવાનો પ્રયત્ન કરતો હતો. સમર્થસિંહ બચાવવા આવતા હતા ત્યારે ધનરાજે પથ્થર લઈને તેને અટકાવેલ હતો. વધુમાં સાહેદે સ્વીકારેલ છે કે બનાવની જગ્યા જાહેર રસ્તો છે અને બંને બાજુ રહેણાંક મકાનો છે. ૧૦૮ ને તેણે જ ફોન કરેલો પરંતુ ફરિયાદમાં તેની વિગત લખાવી ન હતી. બનાવના ૨૦-૨૫ મિનિટ બાદ જયરાજસિંહને સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવેલા અને ડોકટરે તરત જ મૃત જાહેર કર્યા. હોસ્પિટલમાં સૌપ્રથમ પોલીસ ચોકીના સાહેબ આવ્યા બાદ ગાંધીગ્રામ પોલીસ આવેલી. સાહેદે સ્વીકારેલ છે કે હોસ્પિટલમાં પોલીસ આવે ત્યાં સુધી તે માનસિક રીતે સ્વસ્થ હતો અને હુમલાની વિગત જાણતો હતો. ફરિયાદમાં અજાણ્યો શખ્સ લખાવેલ હોવાથી ઓળખ પરેડ કરવી પડી. ઓળખ પરેડ દરમ્યાન તે ૨૦ મિનિટ હાજર રહ્યો હતો પરંતુ પંચનામુ શરૂઆતથી અંત સુધી હાજર ન હતો. સાહેદે કબુલ કરેલ છે કે તેણે ફરિયાદમાં અજયસિંહનું નામ સમર્થસિંહના કહેવાથી લખાવ્યું હતું. ડોકટર પાસે સારવાર વખતે ઈજા કરનારનું નામ તે જાણતો ન હતો અને ફકત વાળા સરનેમ વાળી

વ્યક્તિ કહેલું. સાહેદે સ્વીકારેલ છે કે કપડા અને છરીની ઓળખની વિગતો તેણે સૌપ્રથમવાર કોર્ટમાં જ જણાવી, ફરિયાદમાં લખાવી ન હતી. બચાવ પક્ષે સમય, સ્થળ, હુમલો થયેલ ન હતો તે હકીકતોનો ઈન્કાર કરેલો છે.

આમ, આ સાહેદની જુબાની જોતા આ સાહેદ ફરિયાદી તેમજ ઈજાગ્રસ્ત સાહેદ છે અને બનાવ નજરે જોનાર સાહેદ છે. તેમણે પોતાના પુરાવામાં આરોપી અજયસિંહ વાળા દ્વારા છરી વડે મૃતક જયરાજસિંહને જીવલેણ ઈજા પહોંચાડી મોત નિપજાવેલાની તથા તેમને પોતાને પણ બંને હાથ તથા ડાબા પગે છરીના ઘા મારી ઈજાઓ પહોંચાડ્યાની હકીકત જણાવેલ છે. સહઆરોપી ધનરાજસિંહે સમર્થસિંહને પથ્થર ઉગામી હુમલામાં મદદગારી કરી હોવાની હકીકત પણ તેમણે જણાવેલ છે. વધુમાં તેમણે બંને આરોપીઓની ઓળખ કરી, હુમલામાં વપરાયેલ છરી તથા મુદ્દામાલ કપડા ઓળખી બતાવેલ છે. ઉલટતપાસ દરમ્યાન તેમની જુબાની કે ફરિયાદપક્ષના કેસની મુળ ઘટનાથી વિપરીત કે વિરોધાભાસી કોઈ મહત્વપૂર્ણ હકીકતો બહાર આવેલ નથી અને તે સંજોગોમાં આ સાહેદ કે જે ફરિયાદપક્ષના મહત્વના સાહેદ છે તેમની જુબાની ફરિયાદપક્ષના કેસને મદદરૂપ બનતી હોવાનું જણાઈ આવે છે.

**(૧૫)** ફરિયાદપક્ષ તરફે **P.W.–10 સાહેદ સમર્થસિંહ રઘુવીરસિંહ ઝાલાને આંક–૯૩ થી** સોગંદ ઉપર તપાસતા તેઓએ તેમના સોગંદ પરના પુરાવામાં એવી હકીકત જણાવેલ છે કે, તેઓ બનાવ સમયે ધોરણ–૧૨માં અભ્યાસ કરતા હતા અને તેમના પિતા ખેતીવાડીનું કામકાજ કરતા હતા અને તેમની મૂળ ગામ કોંઢ, તા.ધાંગધ્રા છે. તા.૨૯/૧૨/૨૦૧૭ના રોજ બનાવ થયેલો તે દિવસે બપોરના ૨ વાગ્યાના આસપાસ તેઓ અને તેમના મિત્ર રૂતુરાજસિંહ જાડેજા બુલેટ લઈને બજરંગવાડીથી યાજ્ઞિક રોડ જવા નીકળ્યા હતા. તે સમયે બુલેટ તેઓ ચલાવતા હતા અને રૂતુરાજભાઈ પાછળ બેસેલા હતા. સાહેદે વધુમાં તેમના પુરાવામાં જણાવેલ છે કે, તેઓ બપોરે ભોમેશ્વર પહોંચ્યા ત્યારે રૂતુરાજભાઈને ફોન આવ્યો અને તેમણે તેઓને જણાવ્યુ કે તેમના મમ્મીનો ફોન આવ્યો છે કે રૂતુરાજભાઈના નાના ભાઈ જયરાજસિંહ

જાડેજાનું એરપોર્ટની દીવાલ પાછળ પુનિતનગરની ગોલાઈએ એકસીડેન્ટ થયું છે તેથી તેમને બુલેટ લેવા આવવાની વાત રૂતુરાજભાઈએ તેમને કહી, જેથી તેઓ અને રૂતુરાજભાઈ પુનિતનગરની ગોળાઈ પર બુલેટ આપવા ગયા. ત્યાં જઈને જોતા જયરાજસિંહ જાડેજા અને તેમના ઘરની નજીક રહેતા અજયસિંહ વાળા હાથ લાંબા કરીને ઝગડો કરતા હતા અને તેમની બાજુમાં અજયસિંહ વાળાનો સાળો ઉભો હતો. સાહેદે વધુમાં તેમના પુરાવામાં જણાવેલ છે કે, તેઓ પુનિતનગરની ગોલાઈએ બુલેટ ઉભું રાખેલ અને રૂતુરાજભાઈ બુલેટ પરથી ઉતરી અજયસિંહ વાળા પાસે ગયા અને પુછ્યુ કે શું છે. એ સમયે અજયસિંહ વાળાએ પોતાના પેન્ટના નેફામાથી એક છરી કાઢી અને રૂતુરાજભાઈને મારવા માટે આગળ આવ્યા. જયરાજસિંહ જાડેજા ત્યાં જોઈ રહ્યા હતા અને તેઓ વચ્ચે આવ્યા. તેઓ બુલેટની ધોડી ચઢાવી તેમને છોડાવવા માટે નીચે ઉતર્યા ત્યારે જોયું કે અજયસિંહ વાળાએ પહેલા જયરાજસિંહ જાડેજાને છાતીની નીચે ડાબી બાજુના પડખામાં જીવલેણ ઘા મારેલો. સાહેદે વધુમાં તેમના પુરાવામાં જણાવેલ છે કે, તેઓ છોડાવવા વચ્ચે ગયા ત્યારે જોયું કે અજયસિંહ વાળાએ રૂતુરાજભાઈ પર છરી મારવા માટે પ્રયત્ન કર્યો, તો રૂતુરાજભાઈએ બંને હાથોથી છરી પકડી અને બંને વચ્ચે ઝપાઝપી થઈ. આ ઝપાઝપી દરમ્યાન અજયસિંહ વાળાએ રૂતુરાજભાઈના બંને હાથ અને પગના ડાબી બાજુના સાથળના પાછળના ભાગમાં છરી વડે ઈજા પહોંચાડી. તેમને છોડાવવા તેઓ વચ્ચે ગયા, ત્યારે અજયસિંહના સાળાએ પથ્થર ઉગમેલો જેથી તેઓ આગળ ભાગ્યા. તે સમયે હર્ષદીપસિંહ રાયજાદા, વિશ્વજીતસિંહ જાડેજા અને રસ્તાના અન્ય લોકો ઉભા રહ્યા. અજયસિંહ વાળા અને તેમનો સાળો મોટરસાઈકલ લઈ ભાગી ગયા. તે સમયે એક બોલેરો કેમ્પર પસાર થતી હતી, જેને તેઓએ રોકી, જયરાજસિંહ જાડેજાને સારવાર માટે પોતાના ઘરના નજીક જામનગર રોડ પર કડીવાર હોસ્પિટલ લઈ ગયેલા. સાહેદે વધુમાં તેમના પુરાવામાં જણાવેલ છે કે, તે સમયે રૂતુરાજભાઈએ ૧૦૮ને ફોન કર્યો, અને હર્ષદીપસિંહ રાયજાદા અને વિશ્વજીત જાડેજા તેમનો મોટરસાઈકલ લઈ કડીવાર હોસ્પિટલ આવ્યા. કડીવાર હોસ્પિટલ બંધ હોવાને કારણે ત્યાં સારવાર મળેલ ન હતી, ૧૦૮ને ફરીથી ફોન કર્યા પછી જયરાજસિંહ જાડેજાને બોલેરો કેમ્પર દ્વારા ઉતારી, ૧૦૮માં બેસાડીને સરકારી હોસ્પિટલ માટે લઈ ગયા. ત્યાં ડોક્ટરે તપાસ

કરીને મરણ પામ્યું હોવાનું જાહેર કર્યુ. ૧૦૮ના ડોક્ટરોએ પણ મરણ થયેલ હોવાનું જણાવ્યું. રૂતુરાજભાઈએ થયેલી ઈજાઓની સારવાર સરકારી હોસ્પિટલમાં કરવામાં આવી અને બનાવની જાણ તેમના પિતાશ્રી અને અન્ય લોકોને આપી. સાહેદે વધુમાં તેમના પુરાવામાં જણાવેલ છે કે, આ બનાવનું કારણ એ હતું કે જયરાજસિંહ જાડેજાનું મોટરસાઈકલ પુનિતનગરની ગોળાઈ પાસે અન્ય મોટરસાઈકલ સાથે અથડાયેલું હતું, જેના કારણે અજયસિંહ વાળા અને તેમના સાળાએ ઝગડો કર્યો. એ સમયે, અજયસિંહ વાળાએ છરી વડે જયરાજસિંહ અને રૂતુરાજભાઈ પર જીવલેણ હુમલો કરેલો. આ બનાવ સંદર્ભે ફરીયાદ દાખલ થવાથી, પોલીસે તેમને તા. ૨૯/૧૨/૨૦૧૭ના રોજ પૂછપરછ કરી નિવેદન લીધેલુ. તેઓ આ ગુન્હામાં વપરાયેલ છરી તેમજ પોતે પહેરેલા કપડા, ગુજરનારના કપડા અને અજયસિંહ વાળા તથા તેમના સાળાના કપડા ઓળખી શકે. તેઓએ અજયસિંહ વાળા અને તેમના સાળાને ઓળખી બતાવેલા. સાહેદ અજયસિંહ વાળાને અને તેમના સાળાને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ. સાહેદે વધુમાં તેમના પુરાવામાં જણાવેલ છે કે, ત્યારબાદ તેઓ તા.૦૨/૦૧/૨૦૧૮ના રોજ ઓળખ પરેડ માટે મામલતદાર પશ્ચિમ રાજકોટ શહેર ખાતે બોલાવેલા અને ત્યાં અજયસિંહના સાળાને ઓળખી બતાવેલ. બનાવની જગ્યા તથા તેનો પંચનામા પણ તેમણે ત્યાં હાજર રહી પોલીસને બતાવ્યું. તા.૨૯/૧૨/૨૦૧૭ના રોજ રાત્રે તેઓએ બનાવ વખતે પહેરેલા કપડા અને રૂતુરાજભાઈના કપડા પોલીસ સમક્ષ રજુ કર્યા. તેઓ બનાવ સમયે પહેરેલા કપડા: ક્રિમ કલરનો શર્ટ જેમાં પીંક અને બ્લુ કલરના પટ્ટા હતા, અને આછા બ્લુ કલરનો જીન્સ. મરણજનાર જયરાજસિંહએ લાલ બ્લુ ચેકસ લાઈનીંગવાળો શર્ટ અને બ્લેક જીન્સ પહેર્યા હતા. અજયસિંહ વાળાએ રાખોડી કલરનો ટ્રેક પેન્ટ અને ઘાટા બ્લુ કલરનો અડધી બાયનો ટી શર્ટ પહેરેલુ. અજયસિંહના સાળા ધનરાજભાઈએ બ્લેક કલરનું ટી શર્ટ, સફેદ અને દુધીયા લાઈનીંગ સાથે, અને બ્લુ જીન્સ પહેર્યા. રૂતુરાજભાઈએ બ્લુ ટી શર્ટ, સફેદ ટીપકી સાથે, બ્લેક જીન્સ, અને અડધી બાય વગરનો બ્લેક એન્ડ વ્હાઈટ સ્વેટર પહેરેલો હતો. સાહેદે વધુમાં તેમના પુરાવામાં જણાવેલ છે કે, છરીનો ફણો આશરે ૫-૬ ઈંચનો અને હાથ પકડી શકાય એટલો ૩-૪ ઈંચનો હતો, અને ફણામાં અંગ્રેજીમાં લખાણ હતું. ત્યારબાદ મુદામાલ કોર્ટમાં

સીલબંધ સ્થિતિમાં મંગાવી સ્પેશિયલ એ.પી.પી. તેમજ આરોપીઓના વકીલની હાજરીમાં તે સીલ ખોલી બતાવતા આર્ટિકલ માર્ક–ઈ– ક્રિમ કલરનો શર્ટ, ગુલાબી અને વાદળી લાઈનો, આછા બ્લુ કલરનો જીન્સ તેઓ બનાવ સમયે પહેરેલ તેમજ આર્ટિકલ માર્ક–સી, બ્લુ લાલ લાઈનીંગ શર્ટ, કાળા કલરનો જીન્સ મરણજનાર પહેરેલ તેમજ આર્ટિકલ માર્ક–જી: રાખોડી લોઅર પેન્ટ, ઘાટા બ્લુ કલરનો અડધી બાયનો ટી શર્ટ અજયસિંહ વાળાએ પહેરેલ તેમજ આર્ટિકલ માર્ક–એફ: કાળા કલરનો ટી શર્ટ, સફેદ દુધીયા લાઈનીંગ, બ્લુ જીન્સ ધનરાજસિંહ ભાઇએ પહેરેલ, આર્ટિકલ માર્ક–ડી: બ્લુ ટી શર્ટ, ટીપકી ડિઝાઈન, કાળા જીન્સ, સફેદ ડિઝાઈન વાળું બાય વગરનું સ્વેટર રૂતુરાજસિંહ પહેરેલ, આર્ટિકલ માર્ક–એચ: કાળા કલરના હાથાવાળી છરી, જેમાં લખાણ, જેનાથી આરોપીએ મરણજનારને માર માર્યો જે તમામ મુદ્દામાલ ઓળખી બતાવેલ છે. સાહેદે વધુમાં તેમના પુરાવામાં જણાવેલ છે કે, બનાવ સમયે તેમણે ક્રિમ કલરનો શર્ટ, જેમાં ગુલાબી તથા વાદળી કલરના પટ્ટા હતા અને આછા બ્લુ કલરનું જીન્સ પેન્ટ પહેરેલ હતું. બનાવ સમયે મરણજનાર જયરાજસિંહે લાલ કલરનો બ્લુ ચેક્સ લાઈનિંગવાળો શર્ટ તથા કાળા કલરનું જીન્સ પેન્ટ પહેરેલ હતું. આરોપી અજયસિંહ વાળાએ રાખોડી કલરનું ટ્રેક પેન્ટ તથા ઘાટા બ્લુ કલરનું અડધી બાંયનું ટી–શર્ટ પહેરેલ હતું, જયારે આરોપી ધનરાજસિંહે કાળા કલરનું ટી–શર્ટ, જેમાં સફેદ તથા દુધિયા કલરની લાઈનિંગ હતી તેમજ બ્લુ કલરનું જીન્સ પેન્ટ પહેરેલ હતું. ફરિયાદી ઋતુરાજસિંહે બ્લુ કલરનું ટી–શર્ટ, જેમાં સફેદ ટપકીની ડિઝાઈન હતી, કાળા કલરનું જીન્સ પેન્ટ, જેમાં સફેદ સ્કેચ માર્ક હતા તથા બ્લેક એન્ડ વ્હાઈટ કલરનું બાય વગરનું સ્વેટર પહેરેલ હતું. બનાવમાં ઉપયોગમાં લેવાયેલ છરીનો ફણાનો ભાગ અંદાજે ૫ થી ૬ ઈંચનો તથા હાથો અંદાજે ૩ થી ૪ ઈંચનો હતો અને તેના ફણાના ભાગ ઉપર અંગ્રેજીમાં કંઈક લખેલ હોવાનું તેમણે જણાવેલ છે. સાહેદને કોર્ટ સમક્ષ સીલબંધ મુદ્દામાલ ખોલી બતાવવામાં આવતા તેમણે મુદ્દામાલ આર્ટિકલ માર્ક–ઈમાં દર્શાવેલ ક્રિમ કલરનો શર્ટ તથા આછા બ્લુ કલરનું જીન્સ પેન્ટ પોતે બનાવ સમયે પહેરેલ કપડાં તરીકે ઓળખી બતાવેલ હતા. મુદ્દામાલ આર્ટિકલ માર્ક–સીમાં રહેલ લાલ–બ્લુ લાઈનિંગવાળો શર્ટ તથા કાળા કલરનું જીન્સ પેન્ટ મરણજનાર જયરાજસિંહના પહેરેલ કપડાં

તરીકે ઓળખી બતાવેલ હતા. મુદ્દામાલ આર્ટિકલ માર્ક–જીમાં રહેલ રાખોડી કલરનું લોઅર તથા ઘાટા બ્લુ કલરનું ટી–શર્ટ આરોપી અજયસિંહ વાળાના પહેરેલ કપડાં તરીકે ઓળખી બતાવેલ હતા. મુદ્દામાલ આર્ટિકલ માર્ક–એફમાં રહેલ કાળા કલરનું ટી–શર્ટ તથા બ્લુ કલરનું જીન્સ પેન્ટ આરોપી ધનરાજસિંહના પહેરેલ કપડાં તરીકે ઓળખી બતાવેલ હતા. મુદ્દામાલ આર્ટિકલ માર્ક–ડીમાં રહેલ બ્લુ કલરનું ટી–શર્ટ, કાળા કલરનું જીન્સ પેન્ટ તથા બાય વગરનું સ્વેટર ફરિયાદી ઋતુરાજસિંહના બનાવ સમયે પહેરેલ કપડાં તરીકે ઓળખી બતાવેલ હતા. વધુમાં, મુદ્દામાલ આર્ટિકલ માર્ક–એચમાં દર્શાવેલ કાળા હાથાવાળી છરીને તેમણે બનાવમાં આરોપીએ ઉપયોગમાં લીધેલ તે જ છરી હોવાનું ઓળખી બતાવેલ હતું.

આ સાહેદે આરોપીપક્ષ તરફેની ઉલટતપાસમાં જણાવેલ છે કે, બનાવ સમયે મે ધોરણ–૧૨ ની પરીક્ષા આપેલ હતી. જયરાજભઆઈ મારા નાનપણના ભાઈબંધ છે તેમણેજ મને મોટો કરેલ છે અને રૂતુરાજભાઈ જયરાજભાઈના ભાઈ છે તેમ ઓળખુ. મારુ મુળ વતન કોઢ તા.ધાગંધ્રા છે. જયરાજભાઈનુ મુળ વતન ભાતેલ જી.જામનગર છે. મેં મારુ પોલીસ રૂબરૂનુ નિવેદન આજ દીવસ સુધીમા એકજ વાર, નિવેદન નોંધાવેલ તેજ દીવસે વાંચેલ છે. હું ધોરણ–૧૨મા પાસ થઈ ગયેલ. હાલમા મારુ ગ્રેજયુએશન ચાલુ છે. એ વાત ખરી છે કે મે આજથી ૭ વર્ષ પહેલા મારુ પોલીસ રૂબરૂ નિવેદન નોંધાવેલ. આજે પણ મને ૭ વર્ષ પહેલા નોંધાવેલ પોલીસ રૂબરૂના જવાબની લીટીએ લીટી શબ્દસહ યાદ છે. સ્થાનિક જગ્યાનુ પંચનામુ મેં વાંચેલ નથી. સ્થાનિક જગ્યાના તથા ઓળખ પરેડના પંચનામાની કાર્યવાહી મારી હાજરીમા થયેલી. મને આજરોજ ઓળખ પરેડના પંચનામાની દરેક લીટી યાદ નથી શબ્દ યાદ છે. હવે હુ કહુ છુ કે ઓળખ પરેડના પંચનામામા કેટલા શબ્દો લખાયેલ તે હુ કહી શકુ નહી. પહેલા ફરીયાદ નોંધાયેલ ત્યારબાદ મારો જવાબ નોંધાયેલ. એ વાત ખરી છે કે ફરીયાદ હોસ્પિટલમા નોંધાતા સમયે હું હોસ્પિટલમા જે ફરીયાદ રૂમમા નોંધાતી હતી તેની બહાર લોબીમા હતો. ફરીયાદ નોંધાણાના અડધા પોણી કલાક બાદ મારો જવાબ નોંધાયેલો. મારો જવાબ સિવિલ હોસ્પિટલની ચોકીમા નોંધાયેલ. એ વાત ખરી છે કે મારા પોલીસ રૂબરૂના જવાબ આ જવાબ "સિવિલ હોસ્પિટલની ચોકીમા" નોંધાયેલ છે તેવી નોંધ છે. મારો જવાબ નોંધાયેલ તે વાંચતા મને તે

જવાબમા કોઈ વિગત ભુલ ભરેલી, જુઠી લખાયેલ છે તેવુ લાગેલ નહી. હું તથા રૂતુરાજભાઈ બંને બનાવનુ કારણ જાણતા હતા. સિવિલ હોસ્પિટલ રાજકોટમા અમો ૨ થી ૨.૫ કલાક રોકાયેલા. બનાવના સ્થળથી સિવિલ હોસ્પિટલ ૧૫ થી ૨૦ મિનિટમા પહોચ્યા. એ વાત ખરી નથી કે મે જણાવેલ બનાવના સ્થળથી નજીક કડીવાર સાહેબ સિવાયના ડોકટરનુ દવાખાનુ હતુ. મેં જણાવેલ બનાવના સ્થળથી સિવિલ હોસ્પિટલ અંદાજે ૧ કી.મી.ની અંદરનુ અંતર છે. અમો ઈજા પામનાર સાથે મે જણાવેલ બનાવના સ્થળથી પહેલા કડીવાર સાહેબનુ દવાખાનુ જે જામનગર રોડ પર છે ત્યાથી સાંઢીયાપુલ પર થઈ સિવિલ હોસ્પિટલ ગયેલા. એ વાત ખરી નથી કે આ રસ્તે સિવિલ હોસ્પિટલ પહેલા ત્રણ ચાર દવાખાના આવેલા. એ વાત ખરી નથી કે ઈન્કવેસ્ટ પંચનામા સમયે હુ ડેડબોડી પાસે હાજર હતો. એ વાત ખરી છે કે ઈન્કવેસ્ટ પંચનામા સમયે હુ સિવિલ હોસ્પિટલમા હાજર હતો. એ વાત ખરી નથી કે ઈન્કવેસ્ટ પંચનામા સમયે મામલતદાર તથા પોલીસ બંને આવેલા. સાહેદ જણાવે છે કે માત્ર પોલીસ આવેલી. એ વાત ખરી છે કે આ સમયે એટલે કે ઈન્કવેસ્ટ પંચનામા સમયે પોલીસ આવેલ ત્યારે પણ હું કોણ મારનાર છે, કયા હથીયારથી, કયા સ્થળે ઈજા થયેલ છે તે તમામ વિગત જાણતો હતો. મારુ નિવેદન બપોરના ૪.૧૫ થી ૪.૩૦ વચ્ચે નોંધાયેલ. એ વાત ખરી નથી કે નિવેદન લખાવતા સમયે હુ બનાવના આઘાતમા ડરેલ હતો. એ વાત ખરી છે કે બનાવ બન્યો ત્યારથી જવાબ લખાવ્યો ત્યા સુધી હુ ડરેલ અવસ્થામા ન હતો. એ વાત ખરી છે કે મે મારા પોલીસ રૂબરૂના જવાબમા ડરના લીધે ભાગી ગયેલ હોવાની વિગત લખાવેલી. હુ ભાગીને ત્યાથી થોડો આગળ જતો રહેલ. એ વાત ખરી છે કે પુનિતનગરમા ચાર વર્ષ થી રહુ છું અને ત્યાં આવેલ શેરીઓ ચોક, રસ્તાઓથી હું પરીચિત છુ. એ વાત ખરી છે કે સ્થાનિક જગ્યાના પંચનામામા બનાવ બનેલ જગ્યા મે પોલીસને બતાવેલ અને તે સ્થળ લખાવેલ. એવુ બનેલ નથી કે સ્થાનિક જગ્યાના પંચનામામા મે બનાવનુ સ્થળ જુદી જગ્યા બતાવેલ હોય. એ વાત ખરી છે કે મારી સરતપાસ સમયે મે કહેલ બનાવ પુનિતનગર કઈ શેરી નંબર પાસે કયા સ્થળે બનેલ છે તે વિગત હુ જાણતો હતો. એ વાત ખરી છે કે મે મારા પોલીસ રૂબરૂના જવાબમા પુનિતનગર ગોળાઈ પાસે બનાવ બનેલની વિગત લખાવેલ જણાવેલ છે. સ્થાનિક જગ્યાના પંચનામામા ચોકમા બનાવ બનેલની વિગત

મારી હાજરીમા નોંધાયેલ છે. હુ ચોક તથા ગોળાઈ બંને શબ્દનો અર્થ સમજુ છુ. મેં કહેલ બનાવની કોઈ વિગત ભુલ્યા વગર, છુપાવ્યા વગર પોલીસને લખાવેલી. બુલેટ કોની માલીકીનુ હતુ તે ખ્યાલ નથી. હું બુલેટ કેટલુ વજનદાર હતુ તે ન કહી શકુ. હું જણાવુ છુ કે બુલેટ વજનદાર હતુ. બનાવ સમયે આ બુલેટમા સ્ટેન્ડ ઘોડીજ હતી. એ વાત ખરી છે કે સ્ટેન્ડ ઘોડીવાળા બુલેટમાથી ઉતરી સ્ટેન્ડ ઘોડી ચડાવવા વજનથી ખેંચવુ પડે તે વાતથી હું વાકેફ છુ. બનાવના સ્થળે પહોંચતા બુલેટ પર હું આશરે ૫ મિનિટ બેસી રહેલ. એ વાત ખરી છે કે આ સમય દરમ્યાન મેં જયરાજભાઈ તથા ત્યા હાજર લોકો વચ્ચે ઝગડો ચાલતો હતો તેમ જોયેલ. બુલેટ પરથી ઉતરી મેં જણાવેલ બનાવના સ્થળે પહોંચતા ૧૫ થી ૨૦ સેકન્ડ લાગેલ. એ વાત ખરી નથી કે બનાવના સ્થળથી જ હુ અજયસિંહ વાળાનુ નામ જાણતો હતો. એ વાત ખરી છે કે બનાવના સમયથી અજયસિહંના મે જણાવેલ સાળાનુ નામ હુ જાણતો ન હતો. બનાવના સ્થળથીજ અજયસિંહના સાળાનુ નામ મને ખબર હતી. એ વાત ખરી છે કે મેં સિવિલ હોસ્પિટલ ચોકીમા અજયસિંહના સાળાનુ નામની વિગત મેં મારા પોલીસ રૂબરૂના નિવેદનમા લખાવેલ નથી. એ વાત ખરી છે કે મે પોલીસ રૂબરૂના જવાબમા "અજયસિંહનો સાળો ચશ્માવાળો" અને " ચશ્માવાળો" કોઈ વ્યક્તિ હોવાની કોઈ વિગત લખાવેલ ન હતી. મે કયારેય રૂતુરાજસિંહને અજયસિંહના સાળાનુ નામ જણાવેલ નથી. એ વાત ખરી છે કે ગુજરનાર રાજકીય વિધાર્થી પાંખ રાજકોટ શહેરના પ્રમુખ હતા. મને એ વાતનો ખ્યાલ નથી કે સિવિલ હોસ્પિટલ રાજકીય પક્ષના લોકો અને વિધાર્થી પાંખના નેતાઓ આવી ગયેલા. મને ખ્યાલ નથી કે બનાવ બાદ તુરંત મિડીયાવાળા સિવિલ હોસ્પિટલમા આવી ગયેલા કે કેમ કારણ કે હુ ત્યારે સર્જીકલ વોર્ડમા હતો. એ વાત ખરી છે કે સર્જીકલ વોર્ડથી અલગ બિલ્ડીંગમા ડેડ બોડી હતુ. સર્જીકલ વોર્ડમા મારી પાસે ૪.૧૫ થી ૪.૩૦ વચ્ચે પ્રથમવાર આવેલ. બનાવના સમયે હુ છાપા વાંચતો ન હતો. પોલીસવાળાએ મને ફોન કરીને અજયભાઈના સાળાને ઓળખવા માટે જણાવેલ હવે હુ કહુ છુ કે પોલીસે મને ઓળખ પરેડ કરવા માટે બોલાવેલ અને ત્યા મે અજયભાઈના સાળાને ઓળખેલ. એ વાત ખરી છે કે ઓળખ પરેડના પંચનામામા ગયો તે પહેલાથી જ હુ અજયભાઈના સાળાને ઓળખતો હતો. ૧૦૮ને રૂતુરાજભાઈએ મારી હાજરીમાં બનાવવાળી જગ્યાએથી ફોન કરેલ. મે મારા પોલીસ રૂબરૂના

જવાબમા મારી હાજરીમા રૂતુરાજભાઈએ ૧૦૮ને ફોન કરી કડીવાર હોસ્પિટલે દર્દીને લેવા આવવા કહેલ હોવાની વિગત લખાવેલ નથી. એ વાત ખરી નથી કે છરી બનાવના સ્થળે પડેલ હતી. હું મારાથી ૨૦ થી ૨૫ ફુટ દુર કોઈ વસ્તુ પરનુ ઝીણુ લખાણ વાંચી શકુ નહી. હું મારાથી ૫ ફુટના અંતરે રહેલ કોઈ વસ્તુ પરનુ ઝીણુ લખાણ વાંચી શકુ નહી. મેં સૌપ્રથમવાર છરી હુમલા સમયે જોયેલી તે પહેલા અને તે પછી આ છરી જોયેલ નથી. છરીમા લખાણ છે તેવુ મે ત્યા જોયેલુ. એ વાત ખરી છે કે મને બનાવમા કોઈ ઈજા થયેલ નથી. મેં બનાવના દીવસેજ પોલીસને સ્થાનિક જગ્યા બતાવેલ. મેં અંદાજે બનાવના ૫ થી ૬ કલાક બાદ આ જગ્યા પોલીસને બતાવેલી. એ વાત ખરી નથી કે મેં મારા કપડા પોલીસને આપેલ છે તેવી વિગત મારા જવાબમા લખાવેલ નથી. મેં મારા પોલીસ નિવેદનમા મારા કપડા લોહીના ડાઘવાળા હોવાની વિગત લખાવેલ. હવે હું જણાવુ છુ કે નિવેદનમાં આવુ લખાવેલ નથી. સાહેદ જણાવે છે કે રાતના પોલીસને કપડા હાજર કરવા બધા ગયેલા આ બધા એટલે હું અને રૂતુરાજભાઈ એક સાથે ગયેલા. અમો બંને ગાંધીગ્રામ પો.સ્ટે.મા ગયેલા. એ વાત ખરી છે કે મેં મારા પોલીસ રૂબરૂના જવાબમા મારા કપડા લોહીના ડાઘ વાળા હોવાની વિગત લખાવેલ નથી. બનાવ બાદ બુલેટ અમો બનાવના સ્થળે છોડીનેજ જતા રહેલ. બોલેરો કેમ્પર જીપમા જયરાજભાઈનુ લોહી પડેલ કે કેમ તે મને ખબર નથી. એ વાત ખરી છે કે મારા કહેવા પ્રમાણે બોલેરો કેમ્પરમા લોહી નીકળતી હાલતમાં લઈ જવામા આવેલા. મેં જણાવેલ બનાવના ૫ મિનિટમા હર્ષદીપભાઈ અને વિશ્વદીપસિંહ આવેલા. એ વાત ખરી છે કે મે મારા પોલીસ રૂબરૂના જવાબમા રૂતુરાજભાઈ અને અજયસિંહ વચ્ચે ઝપાઝપી થયેલ હોવાની વિગત લખાવેલ છે. હું જે જગ્યાએ બનાવ બન્યાનુ જણાવુ છુ તે સ્થળથી ૩૦ થી ૪૦ મિટર દુર એરપોર્ટની દીવાલ આવેલ છે. મને એ વાતનો ખ્યાલ નથી કે આ દીવાલની પાસે બનાવના સમયે એરપોર્ટ ઓર્થોરીટીના હાઈ રીઝોલ્યુશન સી.સી.ટી.વી. ઉંચા પોલ પર લગાડેલા હતા. મને એ વાતનો ખ્યાલ નથી કે મેં જણાવેલ બનાવના સમયે સ્થળે ત્યાં રહેતા લોકોની ઘરની બહાર સી.સી.ટી.વી. લગાડેલ હતા. એ વાત ખરી છે કે ઓળખ પરેડના પંચનામામા મારી સહી લેવામા આવેલ. મને એ વાતની ખબર નથી કે ઓળખ પરેડના પંચનામામા બંને આરોપીઓને લાવવામા આવેલા. મને ઓળખ પરેડવાળુ પંચનામુ વંચાવવામા આવે છે અને તે

વાંચીને જણાવુ છુ કે તેમા "આરોપીઓને" લાવવામા આવેલાની હકીકત લખેલ છે. એ વાત ખરી છે કે રૂતુરાજભાઈને દવાખાને હું જ લઈ ગયેલ. એ વાત ખરી નથી કે રૂતુરાજભઆઈને થયેલ ઈજાની વિગત મેં ડોકટરસાહેબને લખાવેલ. હું સર્જીકલ વોર્ડમા રુતુરાજસિંહ સાથે ૧૦ થી ૧૫ મિનિટ રોકાયેલ. એ વાતની મને ખબર નથી કે સર્જીકલ વોર્ડમા રૂતુરાજભાઈ ઈજા સબંધેની વિગતોની ડોકટર સાહેબે પુછપરછ કરેલ. એ વાત ખરી છે કે મે મારા પોલીસ રૂબરૂના જવાબમા લખાવેલ નથી કે મે બનાવ વખતે પહેરેલ કપડા ક્રિમ કલરનો શર્ટ હતો તેમા પીન્ક અને બ્લુ કલરના પટ્ટા હતા, આછા બ્લુ કલરનુ જીન્સ હતુ. આ કામે મરણજનાર જયરાજસિંહનાઓએ બનાવના દીવસે લાલ કલરનો બ્લુ ચેકસ લાઈનીંગવાળો શર્ટ અને બ્લેક કલરનુ જીન્સ પહેરેલ હતુ અને આરોપી અજયસિંહ વાળાનાઓએ રાખોડી કલરનુ ટ્રેક પેન્ટ, ધાટા બ્લુ કલરનુ અડધી બાયનુ ટી શર્ટ પહેરેલ હતુ અને અજયભાઈના સાળા ધનરાજભાઈએ બ્લેક કલરનુ ટી શર્ટ જેમા દુધીયા અને સફેદ કલરની લાઈનીંગ હતી અને બ્લુ જીન્સ પહેરેલ હતુ. તે દીવસે રૂતુરાજભાઈએ બ્લુ કલરનુ ટી શર્ટ જેમા સફેદ ટપકી હતી અને બ્લેક જીન્સ જેમા સફેદ કલરની સ્કેચ માર્ક હતા અને અડધીબાયનુ બાય વગરનુ બ્લેક એન્ડ વાઈટ કલરનુ સ્વેટર પહેરેલ હતુ. જે છરી કહેવાતા બનાવમા ઉપયોગમા લેવામા આવેલ હતી તેનો ફણાનો ભાગ આશરે ૫ થી ૬ ઈંચનો અને હાથો પકડી શકાય એટલો આશરે ૩ થી ૪ ઈંચનો હતો અને તે છરીના ફણાના ભાગે અંગ્રેજીમા કંઈક લખેલ હતુ. " લખાવેલ નથી. અન્ય હકીકતો ડીનાયલ કરેલ છે.

આમ, આ સાહેદ કે જે બનાવ નજરે જોનાર અને ફરિયાદી ઋતુરાજસિંહ સાથે સમગ્ર બનાવ દરમ્યાન હાજર રહેલા સ્વાભાવિક સાહેદ છે. તેમના પુરાવાનું મુલ્યાંકન કરતા જણાઈ આવે છે કે આ સાહેદે સરતપાસમાં ફરિયાદપક્ષના કેસની હકીકતને સંપૂર્ણ સમર્થન આપેલ છે અને જણાવેલ છે કે, આરોપી અજયસિંહે પ્રથમ મરણજનાર જયરાજસિંહને છરીનો જીવલેણ ઘા મારેલો હતો અને ત્યારબાદ ફરિયાદી ઋતુરાજસિંહ ઉપર પણ છરી વડે હુમલો કરી ઈજાઓ પહોંચાડી હતી, જયારે આરોપી ધનરાજસિંહે પથ્થર ઉગામી પોતાને બચાવવા વચ્ચે પડતા અટકાવેલો હતો. વધુમાં સાહેદની જુબાનીથી રેકર્ડ પર આવેલ છે કે

બનાવ બાદ આરોપીઓ ત્યાંથી નાસી ગયા હતા, મરણજનારને સારવાર માટે લઈ જવામાં આવેલ હતો, ઓળખ પરેડમાં તેણે આરોપી ધનરાજસિંહને ઓળખી બતાવેલો હતો અને બનાવમાં વપરાયેલ છરી તથા અન્ય સંબંધિત કપડાની પણ ઓળખ કરેલી હતી. ઉલટતપાસ દરમ્યાન બચાવ પક્ષે વિગતવાર સવાલો કરેલા હોવા છતાં બનાવનો મુખ્ય ઘટનાક્રમ, આરોપીઓની હાજરી, હુમલો, ઓળખ અને સાહેદની ઘટનાસ્થળે હાજરી અંગેની હકીકતો ખંડીત થયેલ નથી અને યથાવત રહેલી છે. માત્ર કેટલીક ગૌણ બાબતોમાં થોડો વિરોધાભાસ આવે છે પરંતુ તેનાથી સાહેદની જુબાનીનો મુખ્ય જે આધાર છે તે ખંડિત થતો હોવાનું જણાતુ નથી અને આ સોહેદની જુબાની ફરિયાદપક્ષના કેસને મદદરુપ બનતી હોવાનું જણાઈ આવે છે.

**પંચસાહેદોનો પુરાવો ::–**

(૧૬) ફરિયાદપક્ષ તરફે **PW–1 પંચ સાહેદ ચેતનભાઈ નાથાલાલ જોશીને આંક–૧૭ થી** સોગંદ ઉપર તપાસેલા છે, તેઓએ પોતાની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, તેઓ શેઠ નગર થી ૧૫૦ ફીટ રીંગ રોડ ઉપર જતા હતા ત્યારે નવલ નગર, શેરીના ખુણે પોલીસ ઉભેલ હતી અને પોલીસે તેમને પંચનામામાં રહેવા માટે પુછેલ. જેથી પહેલા તેઓ ગભરાઈ ગયેલ હતા અને પછી તેમણે હા પાડેલી. ત્યારબાદ પોલીસ તેમને પોતાની સાથે લઈ ગયેલ અને થાંભલા પાસે લોહીના ધાબા પડેલ હતા, જે થાંભલાની બાજુમાં જ પડેલ હતું. પછી પોલીસે લોહીનું તથા ઘાસનું સેમ્પલ લીધેલું અને પ્લાસ્ટીકની થેલીમાં સહી લઈને પેક કરેલ. સાહેદે વધુમાં તેમના પુરાવામાં તેમને તેમને મુદ્દામાલ આર્ટીકલ નં.૨ MARK A બતાવતા જે સફેદ રંગના કાગળમાં સીલબંધ હોય તે કોર્ટ રૂબરુ સીલ તોડી ખોલી જોતા તેમાંથી એક ખાખી રંગનું કવર નીકળેલ, જેના ઉપર ગુન્હાની વિગત તથા MARK A લખેલ છે, જે કવરની અંદરથી સેમ્પલ તથા સહી વાળી ચીઠ્ઠી નીકળેલ છે, જે પંચ ઓળખી બતાવતા હોય, જે કાપલી આંક–૧૮ થી રજુ થયેલ છે. સાહેદે વધુમાં તેમના પુરાવામાં તેમને મુદ્દામાલ આર્ટીકલ નં.૩ MARK B જે સફેદ રંગના કાગળમાં સીલબંધ હોય તે કોર્ટ રૂબરુ સીલ ખોલી બતાવતા તેમાંથી એક ખાખી રંગનું કવર નીકળેલ

છે, જે ઉપર ગુન્હાની વિગત તથા MARK B લખેલ છે, જે કવરની અંદરથી માટીનું કંટ્રોલ સેમ્પલ તથા સહી વાળી ચીઠ્ઠી નીકળેલ છે, જે પંચ ઓળખી બતાવતા હોય, જે કાપલી આંક–૧૯ થી રજુ થયેલ છે. સાહેદે વધુમાં તેમના પુરાવામાં જણાવેલ છે કે, જ્યાં બનાવ બનેલો હતો ત્યાં તેમને લઈ ગયેલા. તેઓ, પોલીસવાળા અને તે ભાઈ ત્યાં ગયા ત્યારે ત્યાં એક એક્ટીવા પડેલુ હતું, તે એક્ટીવાનો કલર કે નંબર તેમને યાદ નથી પોલીસવાળાએ તે જોયેલુ, ત્યારે તેમનો ફોન ચાલુ હતો એટલે તેમનું ધ્યાન નહોતું. એક્ટીવાની ડીકી ખોલેલ તેમાં એક ટિફિન પડેલુ હતું તે તેમણે જોયેલુ.લખાણ કરીને સહી લીધેલી. તેમની સાથે બીજા એક ભાઈ હતા પરંતુ તેમનું નામ તેમને હાલ યાદ નથી.તેમ જણાવી અસલ પંચનામામાં પંચ નં.૧ તરીકે તેમની સહી ઓળખી બતાવે છે, જે પંચનામુ આંક–૨૦ થી રજુ થયેલ છે. તેમજ વધુમાં જણાવેલ છે કે, આ બધી કાર્યવાહી સાંજના સાડા પાંચ થી છ વાગ્યા દરમ્યાન થયેલી અને અડધો થી પોણો કલાક જેટલો સમય પંચનામામાં લાગેલ.

આ સાહેદે આરોપીપક્ષ તરફેની ઉલટતપાસમાં જણાવેલ છે કે, તેઓ લિફ્ટના વ્યવસાય સાથે સંકળાયેલા છે અને બનાવના દિવસે શેઠનગરથી મેરીગોલ્ડ એપાર્ટમેન્ટ તરફ જતા હતા ત્યારે પોલીસે તેમને પંચ તરીકે રાખેલા હતા. પોલીસે કાગળો તૈયાર કરતી વખતે તેઓ બોલતા હતા અને પોલીસ તે મુજબ લખતી હતી તેમજ તેમણે અલગ અલગ સમયે સહીઓ કરેલી હતી. બનાવના સ્થળે તેમણે બે–ત્રણ જગ્યાએ લોહી જોયું હતું, પરંતુ પોલીસે માત્ર એક જ સ્થળેથી લોહી તથા માટીના નમૂનાઓ લીધા હોવાનું જણાવેલ છે. સ્થળ ઉપર એક્ટીવા વાહન પડેલું હતું તથા તેની અંદર ટિફિન જોયું હતું, પરંતુ તે બાબત પોલીસ દ્વારા પંચનામામાં નોંધવામાં આવી હતી કે કેમ તેની તેમને જાણ નહોતી. તેમણે થાંભલા પાસે તેમજ થોડે દૂર રોડ ઉપર પણ લોહીના ધાબા જોયા હોવાનું જણાવેલ છે. સ્થળની આસપાસ રહેણાંકના મકાનો તથા બે–ત્રણ વ્યક્તિઓ હાજર હોવાનું જણાવેલ છે. જોકે, પોલીસે લખેલ પંચનામું તેમની હાજરીમાં થયેલ ન હતું, ખાલી કાગળો ઉપર તેમની સહી લેવામાં આવી હતી, તેઓને શીખવ્યા મુજબ જુબાની આપેલ છે અથવા તેઓ ખોટી જુબાની આપે છે તેનો ઈન્કાર કરેલો છે.

આમ, આ સાહેદ કે જે બનાવવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદ છે તેમના પુરાવાનું મુલ્યાંકન કરતા એવી હકીકત બહાર આવેલ છે કે, બનાવના સ્થળેથી લોહીવાળી માટી, ઘાસ તથા કંટ્રોલ માટીના નમૂનાઓ કાયદેસરની રીતે એકત્ર કરી સીલબંધ કરવામાં આવેલા હતા તથા સ્થળ પંચનામું તેમની હાજરીમાં કરવામાં આવેલાની હકીકતને સમર્થન મળે છે. ઉલટતપાસ દરમ્યાન તેમની હાજરીમાં પંચનામું થયું ન હતું, ખાલી કાગળો ઉપર સહીઓ લેવામાં આવી હતી અથવા પંચનામું ખોટું છે તેવી કોઈ હકીકત બહાર આવેલ નથી. આમ, આ સાહેદની જુબાની પંચનામાની હકીકતોને સમર્થનકારી જણાઈ આવે છે.

**(૧૭)** ફરિયાદપક્ષ તરફે **PW-2 પંચસાહેદ મુકુંદ જયંતભાઈ ટાંકને આંક-૨૨ થી** સોગંદ ઉપર તપાસેલા છે, તેઓએ પોતાની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, તેઓ તા. ૨૯/૧૨/૨૦૧૭ ના રોજ સિવિલ હોસ્પિટલ પી.એમ. રૂમ પાસે ગયેલા. ત્યાં પોલીસના માણસો હતા અને લાશનું પંચનામું કરવાનું છે એમા પંચ તરીકે રહેવા તેમને કહ્યુ, આથી તેમણે હા પાડેલી. સાહેદે વધુમાં તેમના પુરાવામાં જણાવેલ છે કે, પોસ્ટમોર્ટમ રૂમના ઓટા ઉપર લાશ પડેલી હતી જે સફેદ કપડાથી ઓઢાડેલ હતી. તે કપડું ઉંચું કરતા શરીર ઉપર લોહીના ડાઘા જોયેલા અને ડાબી સાઈડે છાતીની નીચે એટલે કે પડખામાં સારવાર કરેલો પાટો જણાયેલો. તે પાટો ઉંચો કરતા દોઢ બે ઈંચ જેટલો ઈજાના નિશાન જણાયેલ. લાશને ફેરવતા વાંસાના ભાગે લોહીના ડાઘા જણાયેલા. લાશ ઉપર કાળા કલરનો પેન્ટ પહેર્યો હતો અને લાલ રંગનો શર્ટ હતો. ત્યાં સ્થળ પર મરનારના પિતા ભુપતસિંહ હતા જેઓએ લાશ ઓળખાવેલી. તેમને લાશ પરના કપડા બતાવવામાં આવે તો તેઓ ઓળખી શકે તેમ જણાવતા તેમને મુદામાલ આર્ટીકલ નં. ૧ MARK "C" બતાવવામાં આવે છે જે સીલબંધ કાગળમાં છે, તે સીલબંધ કાગળ ખોલવામાં આવે તેમાથી એક ગુનાની વિગત લખેલ પીસ્તા કલરનું કવર નીકળેલ, જે ખોલી જોતા તેમાથી એક કાળા કલરનું પેન્ટ અને ભુરા અને લાલ ચેક્સવાળું શર્ટ નીકળેલ છે તેમજ એક જાગ્યા નીકળેલ છે, જે તેઓ ઓળખી બતાવે છે. સાહેદે વધુમાં જણાવેલ છે કે, તેમણે જે વિગત અને વસ્તુ જોઈ તે પોલીસ

લખતી ગયેલી અને તે પંચનામામાં ત્યારબાદ તેમણે સહી કરેલી. તેમને નિ. ૧૨/૧૩ થી રજુ ઇન્કવેસ્ટ પંચનામું બતાવવામાં આવે છે જેમાં પંચ નં. ૨ તરીકે તેમની સહી છે, જે તેઓ ઓળખી બતાવે છે. તેમની સાથે મનુભાઇ નામના બીજા પંચ હતા જેઓ તેમની સાથે સમગ્ર કાર્યવાહી દરમ્યાન સાથે હતા. તેઓએ પણ પંચનામામાં તેમની હાજરીમાં સહી કરેલી. પંચનામામાં પંચ નં. ૧ તરીકે તેમની સહી છે, જે તેઓ ઓળખી બતાવે છે. સદરહુ પંચનામુ આંક-૨૩ થી રજુ થયેલ છે.

આ સાહેદે આરોપીપક્ષ તરફેની ઉલટતપાસમાં જણાવેલ છે કે, તેઓ વેપાર કરે છે. તેઓએ ફરીયાદી ઋતુરાજસિંહ સાથે એન.એસ.યુ.આઈ.ના કાર્યકર હોવાનો ઈન્કાર કરેલો છે. પોલીસે તૈયાર કરેલ પંચનામા ઉપર માત્ર તેમની સહી લીધેલ હોવાનો પણ ઈન્કાર કરેલ છે તેમજ ગુજરનાર તથા ફરીયાદી તેમના મિત્ર હોવાથી તેમને મદદરૂપ થવા ખોટી જુબાની આપે છે તેનો પણ ઈન્કાર કરેલો છે.

આમ, આ સાહેદ ઈન્કવેસ્ટ પંચનામાના પંચ સાહેદ છે. તેમની જુબાનીથી મરણજનારની લાશ ઉપર રહેલી ઈજાઓ, લાશની ઓળખ તથા મરણજનારે બનાવ સમયે પહેરેલ કપડાં અંગે કરવામાં આવેલ ઈન્કવેસ્ટ પંચનામાની કાર્યવાહીને સમર્થન પ્રાપ્ત થાય છે. ઉલટતપાસ દરમ્યાન પંચનામું તેમની હાજરીમાં કરવામાં આવેલુ ન હતુ અથવા તેઓ ખોટી જુબાની આપે છે તેવી કોઈ હકીકત પુરવાર થઈ શકી નથી. તેથી તેમની જુબાની વિશ્વસનીય જણાય છે અને ઈન્કવેસ્ટ પંચનામાને સમર્થનકારી હોવાનું જણાય છે.

**(૧૮)** ફરિયાદપક્ષ તરફે **PW-3 પંચસાહેદ પ્રજ્ઞેશભાઈ શશીકાન્તભાઈ સોલંકીને આંક-૨૬ થી** સોગંદ ઉપર તપાસેલા છે, તેઓએ પોતાની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, તેઓએ ગાંધીગ્રામ પો.સ્ટે. જોયેલ છે. આજથી આશરે બે વર્ષ પહેલા તેઓ ગાંધીગ્રામ પો.સ્ટે. પાસેથી પસાર થઈ તેમના બહેનના ઘરે જતા હતા ત્યારે પોલીસે તેમને બોલાવેલા.ત્યાં સંજયભાઈ નામના એક ભાઈ ઉભા હતા અને પોલીસે તેમને કહેલ કે કપડાનું પંચનામું કરવાનું છે. જયરાજસિંહનું

ખૂન થયેલ છે, તેના કપડાનું પંચનામું કરવાનું છે, જેથી તેમણે પંચમાં રહેવા માટે હા પાડેલી. સાહેદે વધુમાં તેમના પુરાવામાં જણાવેલ છે કે, ત્યારબાદ પોલીસે તેમને લાલ–બ્લુ રંગવાળો શર્ટ બતાવેલ, ત્યારબાદ કાળા રંગનું પેન્ટ બતાવેલ અને ત્યારબાદ રાખોડી રંગની ચડ્ડી બતાવેલી. શર્ટના ડાબી બાજુ નીચેના ભાગે લોહીના ડાઘા હતા તથા શર્ટની ડાબી બાહીમાં લોહીના ડાઘા હતા. પેન્ટના ડાબી બાજુના પાઇચામાં આગળની બાજુ લોહીના ડાઘા હતા. ચડ્ડીના પાછળની બાજુ લોહીના ડાઘા હતા. તે કપડા પોલીસ શ્રી ભગીરથસિંહે રજુ કરેલા. તે કપડા તેઓ પંચોની સહીવાળી સ્લીપ મુકી પોલીસે સીલ કરી કબ્જે લીધેલા જે અંગેનું અસલ પંચનામુ તેમને બતાવતા તેમાં પંચ નં. ૨ તરીકે તેમની પોતાની સહી તથા પંચ નં. ૧ તરીકે તેમની સાથેના બીજા પંચ સંજયભાઈની સહી છે, જેઓ સમગ્ર પંચનામા દરમ્યાન તેમની સાથે જ હતા તેમની સહી ઓળખી બતાવેલ છે જે પંચનામુ આંક–૨૭ થી રજુ થયેલ છે. સાહેદે વધુમાં તેમના પુરાવામાં તેમને મુદ્દામાલ બતાવવામાં આવે તો ઓળખી શકે તેમ જણાવતા તેમને તેમને મુદ્દામાલ આર્ટી નં. ૧ MARK C વાળું સીલબંધ ન્યુઝપેપરના કાગળનું પેકેટ કોર્ટ રૂબરુ સીલ તોડી ખોલી બતાવતા તેમાંથી એક લેઝર કવર નીકળેલ જે ઉપર ગુન્હાની વિગત લખાયેલ હોય તે ખોલી જોતા તેમાંથી મુદ્દામાલ વાળા શર્ટ, પેન્ટ તથા ચડ્ડી નીકળેલ છે, જે તેઓ ઓળખી બતાવે છે. તેમજ તેમને સદર મુદ્દામાલ ૧ MARK C સાથેની પંચોની સહીવાળી કાપલી બતાવવામાં આવે છે, જે જોઈને તેઓ જણાવે છે કે તેમાં પંચ નં. ૨ તરીકેની સહી તેમની છે તથા પંચ નં. ૧ તરીકે સંજયભાઈની સહી છે, જે સહીઓ તેઓ ઓળખી બતાવે છે. સદર કાપલી આંક–૨૮ થી રજુ થયેલ છે.

આમ, આ સાહેદના પુરાવાથી એટલી હકીકત પુરવાર થાય છે કે તા.૨૯/૧૨/૨૦૧૭ ના રોજ ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન ખાતે પંચ તરીકે તેમની હાજરીમાં પોલીસ દ્વારા આ કામે મરણજનાર જયરાજસિંહના પહેરેલ લાલ–બ્લુ રંગના શર્ટ, કાળા રંગના પેન્ટ તથા રાખોડી રંગની ચડ્ડી ઉપર રહેલ લોહીના ડાઘાઓનું વર્ણન કરી તે કપડાં સીલબંધ કરી કબ્જે લેવામાં આવેલા હતા. કોર્ટ સમક્ષ રજૂ થયેલ મુદ્દામાલ આર્ટિકલ માર્ક–'C' તેમજ તેની સાથેની પંચ સ્લીપ પણ તેમણે ઓળખી બતાવેલ

છે. આમ, આ સાહેદની જુબાનીથી મૃતકના લોહીવાળા કપડાંનું કબ્જા પંચનામું નિયમસર કરવામાં આવેલ હોવાનું સમર્થન મળે છે.

(૧૯) ફરિયાદપક્ષ તરફે **PW-4 પંચસાહેદ જીગરભાઈ ભાસ્કરભાઈ જોષીને આંક-૩૧ થી** સોગંદ ઉપર તપાસેલા છે, તેઓએ પોતાની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, તેઓએ ગાંધીગ્રામ પો.સ્ટે. જોયેલ છે. તેઓ તેમના કાકાના ઘરેથી તેમના ઘરે જતા હતા ત્યારે ગાંધીગ્રામ પોલીસ ચોકીની બહાર પોલીસવાળા ભાઈએ તેમને રોકેલ અને ગુન્હાના કામે પંચમાં રહેવા માટે પંચની જરૂર હોવાનું જણાવેલ, આથી કલમ-૩૦૨ના ગુન્હાના કામે તેમણે પંચમાં રહેવાની સહમતી આપેલી. ત્યારબાદ તેમને અંદર કેબીનમાં એટલે કે અંદર ચેમ્બરમાં લઈ ગયેલા. ત્યાં અંદર દિનેશભાઈ નામના બીજા એક ભાઈ ઉભા હતા, એક ઋતુરાજસિંહ જાડેજા હતા અને બીજા સમર્થસિંહ હતા. ઋતુરાજસિંહના બન્ને હાથોમાં પાટા બાંધેલા હતા અને ડાબા પગના સાથળના ભાગે પાછળના ભાગે પણ પાટો બાંધેલ હતો. ત્યારબાદ ઋતુરાજસિંહ જાડેજાએ પોતાના કપડા પોલીસને આપેલા. તે કપડામાં એક બ્લુ રંગનું ટી-શર્ટ હતું જેમાં સફેદ ટપકા હતા અને તે ટી-શર્ટની બાહીમાં લોહી હતું. બીજું કાળા રંગનું જિન્સ પેન્ટ હતું, જે આખું લોહીવાળું હતું. પાછળ સાથળના ભાગે ઈજા હતી અને તેને લગતું પેન્ટમાં પણ કાપો હતો, જે તેમણે જોયેલ. બીજું એક સ્વેટર પણ કપડામાં રજુ રાખેલ હતું, જે કાળા અને સફેદ રંગનું હતું અને તેના કમરના ભાગે જમણી બાજુએ લોહી લાગેલું હતું. તેમની પાસેથી પહેલા પહોંચમાં સહી કરાવેલી અને તે પહોંચ મુકી કપડા સીલ કરેલા. સાહેદે વધુમાં તેમના પુરાવામાં તેમને કપડા બતાવવામાં આવે તો તેઓ ઓળખી શકે તેમ જણાવતા તેમને મુદ્દામાલ આર્ટી નં. ૪ MARK-D વાળું કાપડના પેકેટમાંથી બતાવી કોર્ટ રૂબરુ ખોલી કપડા બતાવવામાં આવતા જે કપડા તે જ હોવાનું તેઓ ઓળખી બતાવે છે. તેમજ તેમાં એક સફેદ રંગની તેમની તથા બીજા પંચ દિનેશભાઈની સહીવાળી ચબરખી નીકળેલ છે તેમજ પો.ઈ. શ્રી એચ.આર. ભાટુની સહીઓ છે, જે સહીઓ તેઓ ઓળખી બતાવે છે. સદર પંચ સ્લીપ (ચબરખી) આંક-૩૨ થી રજુ થયેલ છે. સાહેદે વધુમાં તેમના પુરાવામાં જણાવેલ છે કે, સમર્થસિંહને કોઈ ઈજા થયેલી ન હતી, પરંતુ તેમણે પોતાના કપડા રજુ

કરેલા. તે કપડામાં ક્રિમ રંગનો શર્ટ હતો જેમાં લાઇટ બ્લુ અને લાઇટ પીંક લાઈનીંગવાળી ડિઝાઇન હતી તથા લાઇટ બ્લુ રંગનું જિન્સ પેન્ટ હતું. સમર્થસિંહના શર્ટની ડાબી બાજુ બાહીમાં આગળના ભાગે લોહી હતું અને લાઇટ બ્લુ જિન્સ પેન્ટના ડાબા પાઇચામાં લોહી હતું. સાહેદે જણાવેલ છે કે તેઓ તે કપડા પણ ઓળખી શકે. તેઓ પંચોની સ્લીપ ઉપર સહી લઈ તે કપડા સીલ કરવામાં આવેલા. સાહેદને વધુમાં તેમના પુરાવામાં મુદ્દામાલ આર્ટી નં. ૫ MARK – E વાળું સીલબંધ કાપડના પેકેટનું કોર્ટ રૂબરુ સીલ તોડી ખોલી બતાવવામાં આવે છે. તેમાંથી એક ક્રિમ રંગનો શર્ટ જેમાં લાઇટ બ્લુ અને લાઇટ પીંક લાઈનીંગવાળી ડિઝાઇન છે તથા લાઇટ બ્લુ રંગનું જિન્સ પેન્ટ નીકળેલ છે, જે તે જ હોવાનું સાહેદ ઓળખી બતાવે છે તેમજ MARK – E સાથેની પંચોની સહીવાળી કાપલી તેમને સદર મુદ્દામાલ નં. ૫ MARK બતાવતા, જે જોઈને તેઓ જણાવે છે કે તેમાં પંચ નં. ૧ તરીકે તેમની તથા પંચ નં. ૨ તરીકે દિનેશભાઈની સહી છે તેમજ રૂબરુ તરીકે પો.ઈ. શ્રી એચ.આર. ભાટુની સહી છે, જે સહીઓ તેઓ ઓળખી બતાવે છે. સદર કાપલી આંક–૩૩ થી રજુ થયેલ છે. સાહેદે વધુમાં તેમના પુરાવામાં જણાવેલ છે કે, પોલીસને તેમણે જે વિગત જણાવેલી તે વિગત પોલીસ કોમ્પ્યુટર ઉપર ટાઇપ કરતી હતી. તે લખાણની પ્રિન્ટ કાઢી તેમને વાંચી સંભળાવવામાં આવી અને તે ઉપર તેઓ પંચોએ સહી કરેલી. તેમને નિ. ૧૨/૧૫ થી રજુ અસલ પંચનામું બતાવતા, જે જોઈને તેઓ જણાવે છે કે તેમાં પંચ નં. ૧ તરીકે તેમની સહી છે તથા પંચ નં. ૨ તરીકે દિનેશભાઈની સહી છે, જે સહીઓ તેઓ ઓળખી બતાવે છે. જે પંચનામુ આંક–૩૪ થી રજુ થયેલ છે. સાહેદ વધુમાં જણાવે છે કે પોલીસે તેમને બોલાવ્યા ત્યારે રાત્રિના દસ વાગ્યા હતા. તે દિવસે તારીખ ૨૯/૧૨/૨૦૧૭ હતી.

આ સાહેદે ઉલટતપાસમાં જણાવેલ છે કે, તેનું રહેઠાણ શાસ્ત્રીનગર, નાના મૌવા રોડ પર આવેલ છે અને તેના ઘરથી ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન લગભગ ૨.૫ કિ.મી.ના અંતરે આવેલ છે, જેની વચ્ચે અનેક મકાનો આવેલા છે. તે ફરિયાદીને ઓળખતા નથી અને ફરિયાદી સાથે કોઈપણ પ્રકારની ધંધાકીય ભાગીદારી ન હતી, બનાવના સમયે તે ક્રિષ્ના કન્સલ્ટન્સીમાં નોકરી કરતા હતા. આ ઉપરાંત કાલાવડ રોડ પર

આવેલ "બોલશોય કોફીશોપ" ફક્ત તેની પોતાની માલિકીની હતી, જેમાં ફરિયાદી ઋતુરાજની કોઈ ભાગીદારી ન હતી.

આમ, આ સાહેદના પુરાવાથી એવી હકીકત જણાઈ આવે છે કે, તા.૨૯/૧૨/૨૦૧૭ના રોજ ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન ખાતે તેમની હાજરીમાં ફરિયાદી ઋતુરાજસિંહ જાડેજાએ પોતાના ઈજાગ્રસ્ત હાલતમાં પહેરેલ લોહીવાળા કપડાં તથા સમર્થસિંહે બનાવ સમયે પહેરેલ લોહીવાળા કપડાં પોલીસ સમક્ષ રજૂ કરેલા હતા. પોલીસ દ્વારા તે કપડાં પંચોની સહીવાળી સ્લીપ મૂકીને સીલબંધ કરી કબ્જે લેવામાં આવેલા. કોર્ટ સમક્ષ રજૂ થયેલ મુદ્દામાલ આર્ટિકલ માર્ક–'D' તથા માર્ક–'E' અને તેની સાથેની પંચસ્લીપ પણ તેમણે ઓળખી બતાવેલ છે. આમ, આ સાહેદની જુબાનીથી ફરિયાદી તથા બનાવ નજરે જોનાર સાહેદના કપડાં કાયદેસરની રીતે કબ્જે કરવામાં આવ્યા હોવાની હકીકતને સમર્થન મળે છે.

**(૨૦)** ફરિયાદપક્ષ તરફે **PW–5 પંચસાહેદ અરસીલભાઈ સલીમભાઈ મગસીને આંક–૩૫ થી** સોગંદ ઉપર તપાસેલા છે, તેઓએ પોતાની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, તેઓએ ગાંધીગ્રામ પો.સ્ટે. જોયેલ છે. આજથી આશરે પોણા બે વર્ષ પહેલા તેઓ ત્યાંથી પસાર થતા હતા ત્યારે પોલીસે તેમને બોલાવેલ અને તેમને પંચમાં રહેવા સમજાવતા તેમણે હા પાડેલી. પોલીસે તેમને જણાવેલ કે, “તમારે ખૂન થઈ ગયેલ છે તે બાબતના કેસમાં પંચ તરીકે રહેવાનું છે.” ત્યારબાદ પોલીસે જયેન્દ્રસિંહ જાડેજા પાસેથી હીરો હોન્ડા સ્પ્લેન્ડર બાઈક કબ્જે કરેલ, તે મોટરસાઈકલ તેમણે જોયેલ. તે મોટરસાઈકલના આગળના મોરા તથા પંખામાં સ્કેચના નિશાન જોવામાં આવેલ. તે મોટરસાઈકલનો ઉપયોગ ધનરાજસિંહે કરેલ હતો તે અંગે પંચનામામાં નોંધ કરેલ. પંચનામું લખાયા પછી તેમણે સહી કરેલી. તેમને નિ. ૧૨/૧૬ થી રજુ પંચનામું બતાવતા, જે જોઈને તેઓ જણાવે છે કે તેમાં પંચ નં. ૧ તરીકે તેમની સહી છે, જે તેઓ ઓળખી બતાવે છે, જે આંક–૩૬ થી રજુ થયેલ છે.

આ સાહેદે આરોપીપક્ષ તરફેની ઉલટતપાસમાં જણાવેલ છે કે, તે અમદાવાદ ખાતે ટ્રાન્સપોર્ટનું કામકાજ કરે છે અને તેનું રહેઠાણ દુધની ડેરી, હૈદરી ચોક, દુધસાગર રોડ પર આવેલ છે. તેના ઘરેથી ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન આશરે ૮–૧૦ કિ.મી.ના અંતરે આવેલ છે અને તેના કામકાજના સ્થળથી પણ ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન આશરે ૧૦ કિ.મી. દૂર છે. તેની વચ્ચે અનેક ઘરો અને દુકાનો આવેલી છે. સાહેદ જયરાજસિંહને ઓળખતો નથી. પોલીસે તેને સવારે પોણા દસ વાગ્યાની આસપાસ પોલીસ સ્ટેશન પાસે ઉભો રાખેલ હતો. અન્ય હકીકતો ડીનાયલ કરેલ છે.

આ સાહેદના પુરાવો જોતા જણાઈ આવે છે કે, તા.૩૦/૧૨/૨૦૧૭ના રોજ ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન ખાતે તેમની હાજરીમાં જયેન્દ્રસિંહ જાડેજા પાસેથી હીરો હોન્ડા સ્પ્લેન્ડર મોટરસાયકલ પોલીસ દ્વારા કબ્જે લેવામાં આવેલ હતી. સદર મોટરસાયકલના આગળના મોરા તથા પંખા ઉપર સ્ક્રેચના નિશાનો હોવાનું તેમણે નિરીક્ષણ કરેલ હતું અને તે અંગે પંચનામું તૈયાર કરી તેમની હાજરીમાં કાર્યવાહી પૂર્ણ કરવામાં આવેલ હતી. તેમણે અસલ પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવી સદર પંચનામાનું સમર્થન કરેલ છે. આમ, આ સાહેદની જુબાનીથી સદર મોટરસાયકલની કબ્જા કાર્યવાહી કાયદેસર રીતે કરવામાં આવેલ હોવાનું સમર્થન મળે છે.

**(૨૧)** ફરિયાદપક્ષ તરફે **PW–6 પંચસાહેદ રમેશભાઈ ભાનુભાઈ તૈૈયાને આંક–૩૯ થી** સોગંદ ઉપર તપાસેલા છે, તેઓએ પોતાની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, તેઓએ ગાંધીગ્રામ પો.સ્ટે. જોયેલ છે. આજથી આશરે એકાદ વર્ષ આસપાસ તેઓ ગાંધીગ્રામ પો.સ્ટે.માં પંચ તરીકે ગયેલ હતા. ત્યાં એક વ્યક્તિ હાજર હતા, જેનું નામ ધનરાજભાઈ હતું અને તેના કપડા તેમણે પોલીસ સમક્ષ રજુ કરેલ. તે કપડામાં એક કાળા રંગનું ટી–શર્ટ તથા એક બ્લુ રંગનું જિન્સનું પેન્ટ હતું. તે કપડાને કાગળમાં વીંટી કાપડની બેગમાં મૂકી તેમાં પંચોની સહી લેવામાં આવેલી અને પોલીસે તે સીલ કરવાની કાર્યવાહી કરેલ. તે વિગત પંચનામામાં લખી તે પંચનામામાં તેમણે સહી કરેલી તથા બીજા એક પંચ રાવલભાઈએ

તેમની હાજરીમાં સહી કરેલી. સાહેદે વધુમાં તેમના પુરાવામાં તેમને નિ. ૧૨/૧૭ થી રજુ પંચનામું બતાવવામાં આવે છે, જે જોઈને તેઓ જણાવે છે કે તેમાં પંચ નં. ૨ તરીકે તેમની સહી છે તેમજ પંચ નં. ૧ તરીકે રાવલભાઈની સહી છે, જે સહીઓ તેઓ ઓળખી બતાવે છે, જે પંચનામુ આંક-૪૦ થી રજુ થયેલ છે. તેમજ વધુમાં જણાવેલ છે કે, સમગ્ર કાર્યવાહી દરમ્યાન રાવલભાઈ તેમની સાથે જ હતા.

આ સાહેદની ઉલટતપાસ વખતે તેમના એડવોકેટ છુટા થતા હોય તેવી પુરસીસ આંક-૩૮ થી રજુ થયેલ ત્યારબાદ આરોપી બીજા એડવોકેટ રોકવા માંગતા હોય જેથી મુદ્તની માંગણી કરતા સાહેદને તારીખની જાણ કરેલ. પરંતુ ત્યારબાદ આ સાહેદની આરોપીના વકીલશ્રી દ્વારા કોઈ ઉલટતપાસ કરવામાં આવેલ હોવાનું જણાઈ આવતુ ન હોય આરોપી તરફે કોઈ ઉલટતપાસ નથી.

આ સાહેદના પુરાવાથી જણાઈ આવે છે કે, ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન ખાતે તેમની હાજરીમાં આરોપી ધનરાજભાઈએ પોતાના પહેરેલ કાળા રંગના ટી-શર્ટ તથા બ્લુ રંગના જીન્સ પેન્ટ પોલીસ સમક્ષ રજૂ કર્યા હતા, જે કપડાં પંચોની સહીવાળી સ્લીપ મૂકીને સીલબંધ કરી કબ્જે લેવામાં આવ્યા હતા. સદર કાર્યવાહી અંગે તૈયાર થયેલ પંચનામા ઉપરની પોતાની તથા બીજા પંચની સહીઓ તેમણે ઓળખી બતાવી પંચનામાનું સમર્થન કરેલ છે. આમ, આ સાહેદની જુબાનીથી આરોપી ધનરાજભાઈના કપડાંની કાયદેસરની કબ્જા કાર્યવાહી થયેલ હોવાનું સમર્થન મળે છે.

**(૨૨)** ફરિયાદપક્ષ તરફે **PW-7 પંચસાહેદ મયુરસિંહ ચંદ્રસિંહ જાડેજાને આંક-૭૩ થી** સોગંદ ઉપર તપાસેલા છે, તેઓએ પોતાની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, તા.૦૧/૦૧/૨૦૧૮ના રોજ તેઓ સરધાર બસ સ્ટેન્ડ પાસે હાજર હતા ત્યારે પોલીસે તેમને પંચ તરીકે રાખી સમજાવેલ કે, ખૂનના ગુનાના બે આરોપીઓને બાતમીના આધારે પકડવાના છે. ત્યારબાદ તેઓ પોલીસ સાથે હાઈવે ઉપર ઉભા રહ્યા હતા. થોડા સમય બાદ ભાવનગર તરફથી રાજકોટ આવતી અશ્વમેઘ ટ્રાવેલ્સ બસને પોલીસે રોકેલી હતી. બસમાં તપાસ કરતાં બે વ્યક્તિઓ મળી આવેલા જેમણે

પોતાના નામ અનુક્રમે અજયસિંહ પ્રધુમનસિંહ વાળા તથા ધનરાજસિંહ બલવીરસિંહ જાડેજા હોવાનું જણાવેલ હતું. પોલીસે બંનેની હાજરીમાં તપાસ કરી તેમને અટકાયત કરેલ હતી. તેમની અંગજડતી દરમ્યાન કોઈ મુદ્ધામાલ મળેલ ન હોવાનું પણ સાહેદે જણાવેલ છે. ત્યારબાદ પોલીસે અટક પંચનામું તૈયાર કરી તેમાં તેમની તથા બીજા પંચ મહેશભાઈની સહીઓ લીધેલી તેમણે કોર્ટ સમક્ષ અટક પંચનામા ઉપરની પોતાની સહી ઓળખી બતાવેલ જે પંચનામુ આંક–૭૪ થી રજુ કરેલ છે તેમજ કોર્ટમાં હાજર આરોપી અજયસિંહ પ્રધુમનસિંહ વાળાને ઓળખી બતાવેલ છે.

આરોપીપક્ષ તરફેની ઉલટતપાસમાં સાહેદે જણાવેલ છે કે તેઓ અગાઉ ક્યારેય પંચ તરીકે રહ્યા ન હતા તથા તેઓ ફરિયાદી અથવા મરણજનારને ઓળખતા નથી. પંચનામું તૈયાર થયા બાદ અંદાજે ૨૦ થી ૨૫ મીનીટ પછી તેમણે સહી કરેલી હોવાનું જણાવેલ છે. તેઓએ બસમાં આરોપીઓને જોયા હોવાનું જણાવેલ હોવા છતાં કોર્ટમાં આરોપીને પહેલીવાર જોયો હોવાનું એક તબક્કે જણાવેલ હતું, પરંતુ ત્યારબાદ સ્પષ્ટતા કરેલ છે કે બસમાં પણ આરોપીને જોયેલ હતો.

આ સાહેદની જુબાની જોવામાં આવે તો જણાઈ આવે છે કે, આ સાહેદ સ્વતંત્ર પંચસાહેદ છે, જે આરોપીઓની અટકાયત અંગેના પંચનામાને સમર્થન આપે છે. તેમની જુબાનીથી એટલું પુરવાર થાય છે કે પોલીસ દ્વારા આરોપીઓને અશ્વમેઘ ટ્રાવેલ્સ બસમાંથી કાયદેસરની રીતે અટક કરવામાં આવેલ હતી અને તે કાર્યવાહી દરમ્યાન તેઓ પંચ તરીકે હાજર હતા. અટક પંચનામા ઉપરની પોતાની સહી તથા કોર્ટમાં આરોપીની ઓળખ દ્વારા તેમણે પંચનામાની હકીકતને સમર્થન આપેલ છે.

**(૨૩)** ફરિયાદપક્ષ તરફે **PW–8 પંચસાહેદ નીલરાજ શાંતુભાઈ ખાચરને આંક–૭૭ થી** સોગંદ ઉપર તપાસેલા છે, તેઓએ પોતાની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, આજથી આશરે પાંચેક વર્ષ પહેલા મોદી સ્કુલથી તેઓ પોતાના ઘર તરફ જતા હતા ત્યારે તેની બાજુમાં આવેલ ગાંધીગ્રામ પોલીસ સ્ટેશને પોલીસે તેમને બપોરે આશરે

એકથી બેની વચ્ચે રોકેલાં.પોલીસે તેમને સમજ કરેલ કે અહિં એક બનાવ બનેલ છે જેમાં આરોપી કંઇક કહેવા માંગે છે અને અમારે પંચની જરૂર છે તો તમે પંચમાં રહેશો ત્યારે તેમણે પંચમાં રહેવા માટે સંમતિ આપેલી. તેમની સાથે એક બીજા ઇસમને ત્યાં પહેલાથી પંચમાં રહેવા રોકેલ હતા અને તેમનું નામ અલીભાઇ હતું. ત્યારબાદ બંને પંચોને પોલીસ સ્ટેશનની અંદર લઇ ગયેલાં. ત્યાં આરોપીઓ જેલમાં રાખેલાં હતા જેમાંથી એક આરોપીનું નામ પૂછતા તેણે પોતાનું નામ અજયસિંહ વાળા હોવાનું જણાવેલ. ત્યારે પોલીસ અધિકારીએ જણાવેલ કે આરોપી તપાસમાં સહકાર આપવા માંગે છે અને આરોપીએ પણ જણાવેલ કે તેઓ કંઇક કહેવા માંગે છે અને અમોને કંઇક દેખાડવા માટે લઇ જવા માંગે છે. આ બાબતનું પોલીસે પ્રાથમિક પંચનામું કરી તે બંને પંચોની સહીઓ લીધેલી અને પોલીસ અધિકારીએ પોતે પણ સહી કરેલી. ત્યારબાદ તેઓ બધા એટલે કે આરોપી, બંને પંચો અને પોલીસના માણસો પોલીસ સ્ટેશનથી નીચે ઉતરેલાં અને ત્યાં પોલીસે તેઓને જણાવેલ કે તેમની પાસે કોઇ વાંધાજનક વસ્તુ નથી અને તે બાબતની તેમને તપાસ કરવાનું કહેતા તેઓએ પોલીસની તેમજ આરોપીની અંગજડતી કરેલ અને કોઇ વાંધાજનક વસ્તુ મળી આવેલ નહીં. ત્યારબાદ પોલીસે બોલેરો જીપમાં પણ તપાસ કરવાનું કહેતા તેઓએ તપાસ કરતા જીપમાંથી પણ કોઇ વાંધાજનક વસ્તુ મળી આવેલ નહીં. ત્યારબાદ તેઓ બધા પોલીસ સ્ટેશનથી જીપમાં બેસી રૈયા ટેલીફોન એક્સચેન્જથી રૈયા ચોકડી તરફ થઈ શીતલ પાર્ક સર્કલ પહોંચેલાં અને આ રસ્તો તેઓને આરોપીએ જીપમાં બેસીને જણાવેલ તેમજ શીતલ પાર્ક સર્કલથી જમણા હાથે વળી ને શીતલ પાર્ક તરફ જવાનું કહેતા તે તરફ ગયેલાં અને ત્યાં એરપોર્ટની દીવાલ પાસે આવેલ પુનિતનગર–૨ પાસે ગાડી ઉભી રાખવાનું કહેતા ગાડી ઉભી રાખેલ. તેઓ ત્યાં ગાડીમાંથી ઉતરેલાં અને પોલીસે ઉપરોક્ત મુજબની હકીકતો લખેલી. ત્યારબાદ આરોપી અજયસિંહ વાળાએ ઘણા બધા મકાનોમાંથી પોતે જે મકાનમાં રહેતો હતો તે બતાવેલ અને તે મકાનની ઉપર “નાગબાઈ” લખેલ હતું. ત્યાં તેઓ બધા મકાન પાસે પહોંચતા ડેલીએ આંકડીયો મારેલ હોય આરોપી અજયસિંહએ આંકડીયો ખોલીને આગળ ચાલી જોતા ફળીયું આવેલ અને ત્યાંથી અંદર મુખ્ય દરવાજો હતો જેના ઉપર પણ આંકડીયો મારેલ હોય અજયસિંહે પોતે ખોલેલ અને અંદર જઈ જોતા આ મકાન એક બેડરૂમ, હોલ, કીચનનું હતું

અને આરોપી અજયસિંહે જણાવેલ કે અહિંયા હું અને મારા પત્ની રહીએ છીએ. તે મકાનની પાછળના ભાગે તેમના ભાઈ અને ભાભી તથા માતા રહેતા હોવાનું જણાવેલ. સાહેદે વધુમાં તેમના પુરાવામાં જણાવેલ છે કે, ત્યારબાદ આગળ ચાલી રૂમમાં અજયસિંહે જણાવેલ કે એક લાકડાની સેટીની નીચે તેણે કપડા નાંખેલ છે તે કપડા પોલીસે આરોપીને કાઢવાનું કહેતા આરોપીએ કાઢેલ અને તે કપડા તેમણે જોયેલાં અને તેમની સાથેના પંચને પણ બતાવેલ જે કપડા જોતા એક રાખોડી કલરનું ટ્રેક પેન્ટ અને ઘાટ્ટા બ્લુ કલરનું ટી શર્ટ હતું જે ટી શર્ટ જોતા તેની પર સુકાયેલા લોહી જેવા ડાઘા જોવા મળેલ. જે બંને કપડા પોલીસે લઈ એક બેગમાં મૂકી તેમાં તેમની તથા બીજા પંચની કાપલી પર સહી મેળવી પોલીસ અધિકારીએ પણ તેમાં સહી કરી તે કાપલી કપડા સાથે બેગમાં મૂકી લાખથી સીલ કરી દીધેલ. ત્યારબાદ તેઓ મકાનની બહાર નીકળેલાં ત્યારે આરોપી અજયસિંહે કહેલ કે હું હજુ એક જગ્યાએ લઈ જવા માંગુ છું ત્યાં તેના ઘરથી આગળ શીતલ પાર્ક બાજુ જતા થોડે દૂર એક સબસ્ટેશન જેવું હતું ત્યાં આરોપીએ છરી ફેંકેલ હોવાનું જણાવેલ અને તે જગ્યા અવાવરૂ જેવી હતી અને આ સબસ્ટેશનની ફરતે જાળી હતી. ત્યાં જઈને જોતા અઢી ફૂટ જેવો એક ખાડો હતો અને જેમાં છરી પડેલ હતી જે છરી ખાડામાંથી કાઢવાનું પોલીસ અધિકારીએ તેમને જણાવતા તેમણે તે છરી ખાડામાંથી કાઢેલી અને તે છરી જોતા તેનો હાથો કાળા કલરનો હતો અને હાથાના પાછળના ભાગે ખાંચો હતો અને તે છરી પર હાથા પાસે કંઈક અંગ્રેજીમાં લખેલ હતું. આ છરી એક બાજુ ધારવાળી અને આગળથી અણીદાર હતી અને છરી ઉપર સુકાયેલા લોહી જેવા ડાઘા હતા. આ છરીની ધાર આશરે ૧૪ થી ૧૫ સે.મી. જેટલી લાંબી હતી. જે છરીને એક ટ્રાન્સપેરન્ટ બેગમાં મૂકી તેમાં તેમની તથા બીજા પંચની કાપલી પર સહી મેળવી પોલીસ અધિકારીએ પણ તેમાં સહી કરી તે કાપલી છરી સાથે બેગમાં મૂકી લાખથી સીલ કરી કબ્જે કરેલ. ત્યારબાદ આરોપી અજયસિંહે જણાવેલ કે તેના સાળાને એક દરબારના દીકરા સાથે બાઈક અથડાવવા મુદ્દે ઝગડો થયેલ હતો તે જગ્યા આરોપીએ બતાવેલ. પછી તે જગ્યાએ પોલીસે પોતે લખેલા કાગળોમાં તેમની તથા અન્ય પંચની સહીઓ કરાવી પોતાની સહી કરી અમને બધાને સાથે પોલીસ સ્ટેશને લઈ ગયેલાં. સાહેદે વધુમાં તેમના પુરાવામાં તેમને ૧૨/૨૨ વાળું અસલ પંચનામું બતાવવામાં આવતાછે તે જોઈને તેઓ જણાવે છે કે તેમાં પંચ નં.૦૧

તરીકે તેમની તેમજ તેમની સાથે રહેલ ભાઈની પંચ નં.૦૨ માં સહીઓ ઓળખી બતાવે છે જે પંચનામુ આંક–૭૮ થી રજુ થયેલ છે. વધુમાં આ સાહેદના પુરાવામાં દરમ્યાન મુદામાલ કોર્ટમાં લાવવામાં આવેલ અને તે સીલબંધ હોય તે મુદામાલ એ.પી.પી.શ્રી તેમજ આરોપીના વિ.વ.શ્રીની હાજરીમાં ખોલવામાં આવેલ અને મુદામાલ પાવતી નંબર ૯/૧૮ નો આર્ટિકલ નંબર ૧, એક રાખોડી કલરનું એડિડાસ લખેલ લોઅર પેન્ટ અને એક ઘાટ્ટા બ્લુ કલરનું અડધી બાંયનું "વેલકમ ટુ થી ફ્રેન્ડલી કન્ફાન્સ" લખેલું ટી શર્ટ નીકળેલ છે તે જોઈને તેઓ કહે છે કે આના જેવા કપડા પોલીસે તેમની હાજરીમાં કબ્જે કરેલ હતાં તેમજ આમાંથી નીકળેલ એક સફેદ કાપલી તેમને બતાવવામાં આવે છે તેમાં પંચ નં.૦૧ તરીકે તેમની સહી તથા પંચ નં.૦૨ તરીકે બીજા ભાઈની સહી છે જે તેઓ ઓળખે છે જે કાપલી આંક–૭૯ થી રજુ થયેલ છે. વધુમાં તેમના પુરાવામાં સાહેદને મુદામાલ પાવતી નંબર ૯/૧૮ નો આર્ટિકલ નંબર ૨, જેમાં એક કાળા કલરના હાથાવાળી જેના ઉપર "બ્લેઝ" લખેલ છે જે હાથાની લંબાઈ આશરે ૧૨ સે.મી. તથા તેનું ફળું એકબાજુ ધારવાળું તથા આગળ અણીદાર જે ફળાની આશરે ૧૬ સે.મી. લંબાઈ છે તે છરી બતાવવામાં આવે છે તે જોઈને તેઓ કહે છે કે આના જેવી જ છરી પોલીસે તેમની હાજરીમાં કબ્જે કરેલ તેમજ તેમાંથી નીકળેલ એક સફેદ કાપલી તેમને બતાવવામાં આવે છે તેમાં પંચ નં.૦૧ તરીકે તેમની સહી તથા પંચ નં.૦૨ તરીકે બીજા ભાઈની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે જે કાપલી આંક–૮૦ થી રજુ થયેલ છે.

આ સાહેદે આરોપીપક્ષ તરફેની ઉલટતપાસમાં જણાવેલ છે કે, તે ભણેલ–ગણેલ છે, અગાઉ કયારેય પંચ તરીકે રહેલ નથી તથા પંચનામું વાંચ્યા બાદ જ તેમાં સહી કરેલી હતી. તેણે સ્પષ્ટ જણાવેલ છે કે, પંચનામામાં નોંધાયેલ વિગતો તેણે પોતાની જાણ મુજબ પોલીસને જણાવેલ હતી અને પંચનામું લખાઈ ગયા બાદ વાંચીને તેની ખરાઈ કર્યા પછી જ સહી કરેલ હતી. તેમણે એ પણ જણાવેલ છે કે, પંચનામું તૈયાર થવામાં અંદાજે અઢીથી ત્રણ કલાક જેટલો સમય થયેલ હતો અને સહી કરતી વખતે પંચનામામાં કોઈ નોંધપાત્ર ચેકચાક તેની નજરે પડી નહોતી. ઉલટતપાસ દરમ્યાન તેને પંચનામામાં નોંધાયેલ વિગતો અંગે અનેક પ્રશ્નો પૂછવામાં આવતા તેણે કેટલીક વિગતો જેવી કે શીતલ પાર્ક સર્કલ,

આરોપીની અંગજડતી, પોલીસ તથા વાહનની તપાસ, મકાન અંગેની કેટલીક વિગતો, ખાડામાંથી છરી કાઢવાની રીત વગેરે બાબતો પંચનામામાં શબ્દશઃ નોંધાયેલ નથી તે હકીકતનો સ્વીકાર કરેલો છે. તેમજ તેમણે એ બાબતનો પણ સ્વીકાર કરેલ છે કે આરોપીના કહેવાથી તેના રહેણાંક મકાનમાંથી કપડાં બહાર કાઢવામાં આવેલ હતા, છરી અંગેની માહિતી આરોપીએ આપેલ હતી, છરી ટ્રાન્સપરન્ટ બેગમાં મૂકી સીલ કરવામાં આવેલ હતી તથા છરી તેણે પોતાની હાજરીમાં કાઢી આપેલ હતી. તેણે છરી તથા કપડાં ઉપર લોહી જેવા સુકાયેલા ડાઘા હોવાની હકીકત પણ યથાવત રાખેલ છે. વધુમાં ઉલટતપાસ દરમ્યાન આંક-૭૮ના પંચનામામાં કેટલીક વિગતોનો સ્પષ્ટ ઉલ્લેખ નથી તે બાબત અંગે સાહેદને અનેક પ્રશ્નો પૂછવામાં આવેલ, જેમાં તેણે અમુક વિગતો પંચનામામાં શબ્દશઃ નોંધાયેલ નથી તે હકીકતનો સ્વીકાર કરેલ છે. જોકે આરોપીના કહેવાથી થયેલ શોધ, તે અનુસંધાને કપડાં તથા છરીની કબ્જાની કાર્યવાહી અને તે અંગે પંચ તરીકે પોતાની હાજરીની મુખ્ય હકીકતો તેણે યથાવત રાખી છે. તે સિવાય અન્ય હકીકતો ડીનાયલ કરેલ છે.

**(૨૪)** ફરિયાદપક્ષ તરફે **PW-9 જયંતિલાલ ખોડીદાસ બોરસાણીયાને આંક-૯૧ થી** સોગંદ ઉપર તપાસેલા છે, આ સાહેદનો સાયન્ટીફીક અહેવાલ ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ-૨૯૧(એ) હેઠળ સરકાર તરફે રજુ કરવામાં આવેલ અરજીના આધારે પુરાવામાં સ્વીકારવામાં આવેલ છે. ત્યારબાદ આરોપી તરફેથી આ સાહેદની ઉલટતપાસ કરવાની અરજી આંક-૯૦ થી કરવામાં આવેલ હોવાથી તે મંજૂર કરવામાં આવેલ છે અને સાહેદને ઉલટતપાસ માટે હાજર રાખવામાં આવેલ છે.

આ સાહેદે ઉલટતપાસમાં મુખ્યત્વે જણાવેલ છે કે, ઓળખ પરેડના પંચોને તેમના સ્ટાફના કર્મચારી માનસીબેન ગોહીલ દ્વારા બોલાવવામાં આવેલ હતા અને તેઓ કયાંથી બોલાવી લાવવામાં આવેલ હતા તેની અલગથી કોઈ તપાસ તેમણે કરેલ નહોતી, જોકે પંચ તરીકે રહેવાની તેમની સક્ષમતા અંગે પૂછપરછ કરી તેની નોંધ પંચનામામાં

કરવામાં આવેલ હોવાનું જણાવેલ છે. ઓળખ પરેડ દરમ્યાન સરકારી કચેરીઓમાં અન્ય સરકારી કર્મચારીઓ ઉપલબ્ધ હોવા છતાં તેઓને પંચ તરીકે રાખવામાં આવેલ નહોતા. ઓળખ પરેડની કાર્યવાહી આશરે સાંજે ૪–૩૦ થી ૫–૪૫ કલાક સુધી ચાલી હોવાનું તથા સમગ્ર પંચનામું તેમના સ્ટાફના કર્મચારી માનસીબેન ગોહીલ દ્વારા લખવામાં આવેલ હોવાનું જણાવેલ છે. પંચનામામાં તારીખ અંગે થયેલ ચેકચાક પોતે સુધારેલ હોવાનું તથા તે સુધારા નીચે અલગથી સહી કરેલ ન હોવાનું સ્વીકારેલ છે. સાહેદે વધુમાં સ્વીકારેલ છે કે ઓળખ પરેડમાં પાંચ ડમી વ્યક્તિઓ ઉભી રાખવામાં આવેલ હતી, પરંતુ તેમની ઊંચાઈ, બાંધો વગેરેની વિગતો પંચનામામાં નોંધવામાં આવેલ નથી. આરોપીએ ઓળખ પરેડ દરમ્યાન ત્રણથી ચાર વખત પોતાની જગ્યા બદલેલ હોવાનું જણાવેલ છે, પરંતુ તે બાબતની નોંધ પંચનામામાં કરવામાં આવેલ નથી, જયારે આવી નોંધ થવી જોઈએ તે હકીકતનો સ્વીકાર કરેલ છે. સાહેદે એ પણ જણાવેલ છે કે ઓળખ પરેડ પહેલાં આરોપી અંગેની વિગતો જાહેર થઈ હતી કે કેમ તેની તેમને જાણ નથી. વધુમાં ફરીયાદીને આરોપી લાવવામાં આવ્યા બાદ અંદાજે પંદર મિનિટે લાવવામાં આવેલ હોવાનું તથા ફરીયાદી સાહેદો સાથે આવેલ હોવાનું સ્વીકારેલ છે, પરંતુ તે બાબતની નોંધ પંચનામામાં નથી. ઓળખ પરેડની કાર્યવાહી અંગે પંચોને સમજ આપવામાં આવેલી હતી અને સાહેદોને પોલીસ દ્વારા લાવવામાં આવેલ હોવાનું પણ જણાવેલ છે. પરંતુ ઓળખ પરેડની કાર્યવાહી હકીકતમાં કરવામાં આવેલજ નથી કે પોલીસના સૂચન મુજબ ખોટું ઓળખ પરેડ પંચનામું ઉભું કરવામાં આવેલ છે અને તેઓ ખોટી જુબાની આપી રહેલા છે તેનો ઈન્કાર કરેલો છે.

આ સાહેદના પુરાવાથી જણાઈ આવે છે કે, ઓળખ પરેડના પંચોને તેમના સ્ટાફના કર્મચારી દ્વારા બોલાવવામાં આવેલ હતા તથા સમગ્ર પંચનામું પણ સ્ટાફના કર્મચારી દ્વારા તૈયાર કરવામાં આવેલ હતું. વધુમાં ઓળખ પરેડમાં ઉભા રાખવામાં આવેલ ડમી વ્યક્તિઓની વિગતો તથા આરોપીએ ઓળખ પરેડ દરમ્યાન જગ્યા બદલેલ હોવાની હકીકત પંચનામામાં નોંધાયેલ નથી તે હકીકતનો સ્વીકાર કરેલ છે. તેમણે વધુમાં

તારીખમાં થયેલ સુધારો, ફરિયાદી તથા સાહેદો આવેલા તે સંબંધિત કેટલીક વિગતો પંચનામામાં નોંધાયેલ નથી તેવું પણ જણાવેલ છે.

**(૨૫)** આમ, આ કામે ફરિયાદપક્ષ તરફે વિવિધ પંચનામાઓને પુરવાર કરવા કુલ ૦૭ પંચસાહેદોને તપાસેલા છે. કરવામાં આવેલ છે. આ તમામ પંચસાહેદોના પુરાવાના અવલોકનથી જણાઈ આવે છે કે, તેઓએ પોતાના રૂબરૂ થયેલ વિવિધ પંચનામાની કાર્યવાહી અંગે જુબાની આપી સંબંધિત પંચનામાઓ ઉપરની પોતાની સહીઓ ઓળખી બતાવેલ છે તેમજ જ્યાં જરૂરી હોય ત્યાં સંબંધિત મુદ્દામાલ પણ ઓળખી બતાવેલ છે. મોટા ભાગના પંચસાહેદોએ સ્પષ્ટપણે જણાવેલ છે કે, પંચનામાની કાર્યવાહી તેમની હાજરીમાં કરવામાં આવેલ હતી તથા તેઓએ પંચનામું વાંચી અથવા સમજ્યા બાદ જ તેમાં સહીઓ કરેલી હતી. આ તમામ પંચસાહેદોની વિસ્તૃત ઉલટતપાસ કરવામાં આવેલ છે. ઉલટતપાસ દરમ્યાન બચાવપક્ષ દ્વારા પંચનામાઓમાં નોંધાયેલ વિગતો તથા કોર્ટમાં આપેલ જુબાની વચ્ચેની કેટલીક વિસંગતતાઓ દર્શાવવાનો પ્રયાસ કરવામાં આવેલ છે. કેટલાક સાહેદોએ પંચનામામાં અમુક વિગતો શબ્દશઃ નોંધાયેલ નથી અથવા અમુક ગૌણ વિગતોનો ઉલ્લેખ થયેલ નથી તેવું સ્વીકારેલ છે. તેમ છતાં, કોઈપણ પંચસાહેદે પોતાની હાજરીમાં પંચનામાની કાર્યવાહી થયેલ ન હતી, તૈયાર પંચનામા ઉપર માત્ર સહીઓ કરાવવામાં આવી હતી અથવા સંબંધિત મુદ્દામાલ તેમની હાજરીમાં કબ્જે કરવામાં આવેલ ન હતો તેવી મુખ્ય હકીકતનો સ્વીકાર કરેલ નથી. સ્થળ પંચનામું, ઇન્કવેસ્ટ પંચનામું, કપડાં કબ્જે કરવાના પંચનામા, મોટરસાયકલ કબ્જે કરવાનું પંચનામું, આરોપીઓની અટકાયતનું પંચનામું, આરોપીના કહેવાથી કપડાં તથા છરી મળી આવવા અંગેનું શોધ પંચનામું તેમજ ઓળખ પરેડ સંબંધિત પંચનામાના પંચસાહેદોની જુબાનીઓનું એકંદરે મુલ્યાંકન કરતાં જણાઈ આવે છે કે, આ સાહેદોની ઉલટતપાસમાં દેખાયેલી ભૂલો બધી નાની-નાની વિગતોની છે. પંચનામાની મુખ્ય હકીકત, મુદ્દામાલ અને સાહેદોની હાજરીને કોઈએ ખોટી સાબીત કરેલ નથી. એટલે માત્ર નાની વિસંગતાઓથી આખા પંચનામાને નકામુ કહી શકાય નહીં.

**(૨૬)** ફરિયાદપક્ષ તરફે **PW–13 સાહેદ ડોક્ટર વિનોદરાય સુખાભાઈ ચાવડાને આંક–૧૧૫ થી** સોગંદ ઉપર તપાસેલા છે, તેઓએ પોતાની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, તા. ૨૯/૧૨/૨૦૧૭ના રોજ તેઓ સરકારી હોસ્પિટલમાં મેડિકલ ઓફીસર તરીકે ફરજ પર હતા, ત્યારે બપોરના ૨.૫૬ કલાકે રૂતુરાજસિંહ ભુપતસિંહ નામના ઈજાગ્રસ્ત વ્યક્તિને તેમના સબંધીઓ પ્રિયરાજસિંહ દ્વારા ઈજાઓની સારવાર માટે લાવવામાં આવ્યા. મેળવેલી હિસ્ટ્રી અનુસાર, તેઓએ જણાવ્યું કે તેમને આ ઈજાઓ એરપોર્ટ રોડ પાસે, એરોડ્રમના ગ્રાઉન્ડ પાસે વળાંક પાસે એક શખ્સ જેણાની સરનેમ "વાળા" છે તેના દ્વારા અંદાજે બપોરના ૨.૦૦ કલાકે છરી વડે પહોચાડવામાં આવી. દર્દી સંપૂર્ણ ભાનમાં હતો અને હિસ્ટ્રી પોતે આપેલ. દર્દીને જે ઈજાઓ થઈ હતી તેમાં ડાબી બાજુના સાથળના વચ્ચેના ભાગ પર બહારની બાજુએ ૩.૫૦.૫ સે.મી. માપનો આડો કપાયેલો ઘા, જેના પાછળનો છેડો શાર્પ અને આગળનો છેડો સરખામણીએ બ્લન્ટ હતો, ઘાની ધારો શાર્પ અને સ્નાયુ સુધી ઊંડો હતો, લોહી વહેતું હતું. જમણા હાથની પહેલી અને બીજી આંગળીઓના વચ્ચે ૩૦.૫ સે.મી. માપનો કપાયેલો ઘા, જેમાંનો એક છેડો શાર્પ અને બીજો સરખામણીએ બ્લન્ટ, લોહી વહેતું હતું. સાહેદે વધુમાં તેમના પુરાવામાં જણાવેલ છે કે, દર્દીને અંદરના દર્દી તરીકે દાખલ કરાયા, છાતી અને જમણા હાથ, ડાબી બાજુના સાથળનો એક્સ–રે કરાયો જેમાં કોઈ અસ્થિભંગ જોવા મળ્યો નહીં. દર્દી સર્જિકલ વોર્ડના પીયા કાળજી હેઠળ કેસ નં. ૪૭૬૨૭૨ થી તા. ૨૯/૧૨/૨૦૧૭ દાખલ અને તા. ૨૯/૧૨/૨૦૧૭ નાશી ગયા. ઉપરોક્ત ઈજાઓ તીક્ષ્ણ અને કાપી શકાય તેવા હથિયારથી થઈ હતી અને ગંભીર હતી; સમયસર સારવાર ન મળે તો મૃત્યુ પણ નિપજી શકે. તેમને આપેલી સારવાર અંગેનું અસલ પ્રમાણપત્ર પોતાની સહી ઓળખી બતાવી આંક–૧૧૬ થી રજુ કરેલ છે.

સાહેદે ઉલટતપાસમાં જણાવેલ છે કે, દર્દીએ પોતે જ ઈજા કેવી રીતે થઈ તેની હિસ્ટ્રી આપેલી હતી. બંને ઈજાઓ માત્ર ધારદાર વસ્તુ વાગવાથી જ થઈ છે અને બે અલગ ઈજા હોવાથી તે અકસ્માતની ઈજા નથી. તેમણે એ હકીકતનો ઈનકાર કરેલો છે કે ઈજા સાહેદે પોતે કરેલી

અથવા બનાવટી છે. વધુમાં જણાવેલ છે કે, મેડિકલ સર્ટિફિકેટમાં ઈજાનો સમય કે ગંભીરતાનો અભિપ્રાય લખેલો નથી, પરંતુ ઈજામાંથી તાજું લોહી નીકળતું હોવાથી ઈજા તાજી હતી તે તેમણે જોયું હતું. ડિફેન્સે બતાવેલા મેડિકલ બુકના મુદ્દા અંગે સાહેદે જણાવેલ છે કે, કહ્યું કે તે સેલ્ફ ઈન્ફલીકટેડ અથવા ઈન્ફલીકટેડ વિથ ફ્રેન્ડલી હેન્ડ થી કરેલ ઈજાઓમાટે છે અને આ કેસમાં લાગુ પડતા નથી.

ઉપરોકત ડોકટર સાહેદની જુબાની પરથી એટલું સ્પષ્ટ થાય છે કે, ઈજાપામનાર સાહેદ રૂતુરાજસિંહને બનાવના દિવસે ધારદાર હથિયારથી થયેલી બે ઈજાઓ સાથે સારવાર અર્થે હોસ્પિટલમાં લાવવામાં આવેલ હતા. ડોકટરે ઈજાઓનું નિરીક્ષણ કરી તે તીક્ષ્ણ ધારવાળા હથિયારથી થયેલી ગંભીર ઈજાઓ હોવાનો અભિપ્રાય આપેલ છે. ઉલટતપાસમાં મેડિકલ સર્ટિફિકેટમાં અમુક વિગતો નોંધાયેલ ન હોવાનું બહાર આવેલ હોવા છતાં ઈજાઓ અકસ્માત થી થયેલી અથવા જાતે કરેલી હોવાનું બચાવપક્ષ પુરવાર કરી શકેલ નથી. તેથી આ સાહેદનો પુરાવો ઈજાગ્રસ્ત સાહેદની જુબાનીને નોંધપાત્ર મેડિકલ સમર્થન પૂરું પાડે છે.

**(૨૭)** ફરિયાદપક્ષ તરફે **PW–14 ત.ક.અમલદાર હમીરભાઈ રાજશીભાઈ ભાટુને આંક–૧૨૦ થી** સોગંદ ઉપર તપાસેલા છે, તેઓએ પોતાની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, તા. ૨૯/૧૨/૨૦૧૭ના રોજ ગાંધીગ્રામ પો.સ્ટે.ના પી.આઈ. તરીકે ફરજ પર હાજર હતા ત્યારે ફરીયાદી શ્રી રૂતુરાજસિંહ ભુપતસિંહ જાડેજા, રહે. રેલનગર રાજકોટ, રૂબરૂ આવી પોતાની ફરીયાદ આપી. તેમણે જણાવ્યુ કે તેમના ભાઈ જયરાજસિંહ જાડેજા સાથે મો.સા. અથડાવાની બાબતમાં ઝગડો થતાં આરોપી નં.૧ અજયસિંહ વાળા તથા આરોપી નં.૨ ધનરાજસિંહ બલવીરસિંહ જાડેજાએ જીવલેણ છરીના હુમલામાં મૃત્યુ પામનાર જયરાજસિંહને ઘાયલ કરી દીધા, તથા ફરીયાદી તેમજ બીજા સાહેદોને પણ ઈજા પહોંચી હતી. આ મામલે ગુન્હો રજીસ્ટર કરવા પો.સ્ટે.ના પી.એસ.ઓ.ને આપ્યો અને આગળની તપાસ તેમને સોંપાતા તેમણે સંભાળેલી. સાહેદે વધુમાં તેમના પુરાવામાં જણાવેલ છે કે,

સંભવિત બનાવ સ્થળ પર પંચની હાજરીમાં સ્થળની તપાસ અને સાહેદોના નિવેદનો રજુ કરવામાં આવેલા, તેમજ બનાવ સમયે પહેરાયેલા કપડાં અને મુદામાલ કબજે કરવામાં આવ્યા. મહત્વના સાહેદોના નિવેદનો, જેમાં સમર્થસિંહ રઘુવીરસિંહ ઝાલા, હર્ષદીપસિંહ વિરેન્દ્રસિંહ રાયજાદા, વિશ્વજીતસિંહ કુમારસિંહ જાડેજા, કિષ્નાબેન બલવિરસિંહ જાડેજા, ધર્મેન્દ્રસિંહ બલવીરસિંહ જાડેજા, ઈલાબા શકિતસિંહ ઝાલા, કંચનબા વિષ્ણુસિંહ વાઘેલા, જયેન્દ્રસિંહ ગુલાબસિંહ જાડેજા, ભુપતસિંહ પ્રાગજીભા જાડેજા, અરુણાબા ભુપતસિંહ જાડેજા, પુષ્પરાજસિંહ ગીરીરાજસિંહ જાડેજા વગેરેનો સમાવેશ હતો, પ્રમાણપત્રો અને મેડિકલ ચકાસણીઓ સહિત નોંધેલા. તા. ૩૦/૧૨/૨૦૧૭થી ૦૩/૦૧/૨૦૧૮ સુધી આરોપીઓની ઓળખ પરેડ, બ્લડ સેમ્પલ લેવડાવવાની કાર્યવાહી, મુદામાલ કબજે અને સરકારી વાહન દ્વારા મુકાયેલી ઓળખ પરેડ સહિતની તમામ કાર્યવાહી સંપન્ન કરવામાં આવેલી. બનાવ સ્થળના નકશા અને તપાસના તમામ દસ્તાવેજ, એફ.એસ.એલ.ના રીપોર્ટ, મેડિકલ સર્ટિફિકેટ, અને તપાસ સંબંધી ચાદીઓ તમામ સહી સાથે તપાસમાં સામેલ રાખવામાં આવેલ. તા. ૧૦/૦૧/૨૦૧૮ના રોજ મરણજનાર જયરાજસિંહ ભુપતસિંહ જાડેજાનું પી.એમ. કરવામાં આવેલુ, તેમજ પી.એમ. નોટ, ઈજાની સર્ટીફિકેટ અને લાશ સાથેના તમામ દસ્તાવેજ તપાસમાં સામેલ રાખવામાં આવેલા. તમામ મુદામાલ, સાહેદો અને આરોપીઓ કોર્ટમાં રૂબરૂ ઓળખવામાં આવેલ, જેમાં આરોપી નં.૧ અજયસિંહ પ્રદ્યુમનસિંહ વાળા અને આરોપી નં.૨ ધનરાજસિંહ ઉર્ફે ઠેડો બલવીરસિંહ જાડેજા હાજર રહેલા. વધુમાં આ સાહેદના પુરાવામાં આંક–૧૨૧ થી ગુનો રજીસ્ટર કરવા નો પત્ર, આંક–૧૨૨ થી ભારે ગુન્હાનો સ્પે.રીપોર્ટ, આંક–૧૨૩ થી તપાસ સોંપવાનો રીપોર્ટ, આંક–૧૨૪ થી મરણજનાર જયરાજસિંહ લાશ સોપ્યાની પહોંચ, આંક–૧૨૫ થી બનાવ સ્થળ પર એફ.એસ.એલ.નું સ્થળ પરીક્ષણ અહેવાલ, આંક–૧૨૬ અને દા.આંક–૧૨૭ થી ઓળખ પરેડ માટેની ચાદી, આંક ૧૨૮ થી ૧૩૧ સુધી ફરીયાદી અને આરોપીઓના મેડિકલ ચકાસણી ચાદી, આંક–૧૩૨ થી જયરાજસિંહ ભુપતસિંહનું બ્લડ સેમ્પલ લેવા કરાયેલ ચાદી, આંક–૧૩૩ થી રૂતુરાજસિંહ ભુપતસિંહનું બ્લડ સેમ્પલ લેવા માટેની ચાદી રજુ કરેલ છે. સાહેદે વધુમાં તેમના પુરાવામાં આંક–૧૩૪ થી આરોપી અજયસિંહ

પ્રધ્યુમનસિંહનું બ્લડ સેમ્પલ લેવા કરાયેલ યાદી, આંક–૧૩૫ થી આરોપી ધનરાજસિંહ બલવીરસિંહનું બ્લડ સેમ્પલ લેવા કરાયેલ યાદી, આંક–૧૩૬ થી ઈજા પામનાર રૂતુરાજસિંહ મેડિકલ સર્ટિફિકેટ માટે કરેલ યાદી, આંક–૧૩૭ – આરોપી ધનરાજસિંહ બલવીરસિંહનો અસલ મેડિકલ સર્ટી. આંક–૧૩૮ થી આરોપી અજયસિંહ પ્રધ્યુમનસિંહનું અસલ મેડિકલ સર્ટી. આંક–૧૩૯ થી અજયસિંહ પ્રધ્યુમનસિંહનું અસલ મેડિકલ સર્ટી., આંક–૧૪૦ ધનરાજસિંહ બલવીરસિંહનું અસલ મેડિકલ સર્ટી, રજુ કરેલ છે. સાહેદે વધુમાં તેમના પુરાવામાં આંક–૧૪૧ થી મુદામાલ પૃથ્થકરણ માટેની યાદી અને સત્તાનુ પ્રમાણપત્ર, આંક–૧૪૨ થી મુદામાલ મળી ગયા અંગેની એફ.એસ.એલ. પહોંચ, આંક–૧૪૩ થી એફ.એસ.એલ. વિભાગનો રીપોર્ટ ફોરવર્ડિંગ પત્ર, આંક–૧૪૪ થી સ્ટે.ડા. એન્ટ્રી નં. ૯/૨૦૧૭, ૧૦/૨૦૧૭, ૧૫/૨૦૧૭, આંક–૧૪૫ થી બનાવ સ્થળનો નકશો અને યાદી, દા.આંક–૧૪૬, ૧૪૭ થી સી.આર.પી.સી. ૧૫૪નો રીપોર્ટ અને જાહેરનામાની નકલ આંક–૧૪૮ થી ૧૫૦ સુધી કોલ ડીટેઈલ્સની અલગ અલગ યાદી રજુ કરેલ છે. સાહેદે વધુમાં તેમના પુરાવામાં જણાવેલ છે કે, તા.૨૨/૧૨/૨૦૨૫ ના રોજ તેમના દવારા જુબાની આપવામાં આવેલ તેમા પારા નં.૧૧ માં " તા.૧૦/૦૧/૨૦૧૮ના રોજ આ કામે મરણજનારનુ પી.એમ. થયેલ હોય જે પી.એમ. નોટ મળતા કામે સામેલ રાખેલ તેમજ સાહેદો તથા ફરીયાદીના ઈજાના સર્ટી. હોસ્પિટલમાથી મળતા અમારા દ્વારા તપાસના કામે સામેલ રાખવામા આવેલ" નોંધવામા આવેલ જેમાં આ પી.એમ. તા.૨૯/૧૨/૨૦૧૭ના રોજ કરવામા આવેલ હતુ અને ત્યારબાદ તેની યાદી અમારા દવારા કરવામા આવ્યા બાદ અમોને તા.૧૦/૦૧/૨૦૧૮ના રોજ મળતા જે અમારા દવારા તપાસના કામમા કાગળો સાથે સામેલ રાખવામા આવેલ. સાહેદે વધુમાં તેમના પુરાવામાં જણાવેલ છે કે, તેમને મુદામાલ તથા આરોપીઓ બતાવવામા આવે તો ઓળખી શકે તેમ જણાવી તમામ મુદામાલ કોર્ટ રૂબરૂ ઓળખી બતાવે છે અને આરોપી નં.૧ અજયસિંહ પ્રદયુમનસિંહ વાળા વી.સી. મારફતે હાજર હોય તેઓને ઓળખી બતાવે છે અને આરોપી નં.૨ ધનરાજસિંહ ઉર્ફે હેડો બલવીરસિંહ જાડેજા કે જેઓ કોર્ટમાં હાજર હોય તેઓને ઓળખી બતાવે છે.

આ સાહેદે આરોપીપક્ષ તરફેની ઉલટતપાસમાં કેસ ફાઈલનો અભ્યાસ કરીને જુબાની આપેલાનું તેમજ હત્યાના કેસમાં મળતા તમામ પુરાવા તપાસમાં સામેલ કરી કોર્ટ સમક્ષ રજૂ કરવા જોઈએ તે વાતનો સ્વીકાર કરેલો છે. સ્થળ પંચનામા દરમ્યાન બે જગ્યાએ લોહી દેખાયું હોવા છતાં એક જ સ્થળેથી લોહીનો નમૂનો કબજે કરાયો હોવાનું તેમજ લોહીવાળી માટી/ઘાસના કોથળામાં પંચોની સહીવાળી સ્લીપ મૂકવામાં આવેલ ન હોવાનું અને તે અંગે એફ.એસ.એલ.ના દસ્તાવેજોમાં પણ કોઈ નોંધ ન હોવાનો સ્વીકાર કરેલો છે. વધુમાં આ સાહેદે વધુમાં સ્વીકારેલ છે કે, આરોપીની અટકાયત થયેલી બસના કંડક્ટરનું નિવેદન લેવામાં આવેલ નથી. ડીસ્કવરી પંચનામામાં આરોપી અજયસિંહની સહી લેવામાં આવી નથી, તેનો અલગ ડિસ્ક્લોઝર સ્ટેટમેન્ટ નોંધવામાં આવેલ નથી તથા આરોપીને પોલીસ કસ્ટડીમાંથી બહાર લઈ જવા અને પરત લાવવા અંગે સ્ટેશન ડાયરીમાં પણ નોંધ કરવામાં આવી નથી. ડીસ્કવરીનું સ્થળ જાહેર અવરજવરવાળું અને ખુલ્લું સ્થળ હોવાનું પણ સ્વીકારેલ છે. વધુમાં આંક–૭૮ના ડીસ્કવરી પંચનામા સંબંધે કેટલાક વર્ણનાત્મક મુદ્દાઓ જેમ કે મકાન એક બેડરૂમ–હોલ–કિચનનું હોવાનું તથા સબસ્ટેશન પાસે આરોપીએ છરી ફેંક્યાની વિગત પંચનામામાં નોંધાયેલ નથી તે હકીકત સ્વીકારેલ છે, પરંતુ પંચનામું ખોટી રીતે ઉભું કરાયું હોવાનો ઈન્કાર કરેલો છે. ઓળખ પરેડ બાબતે અન્ય નજરે જોનાર સાહેદો આરોપીને નામથી ઓળખતા ન હોવાથી ઓળખ પરેડ યોજવાની જરૂર પડી હોવાનું જણાવેલ છે. સમર્થસિંહનો એક જ વખત પોલીસ જવાબ નોંધવામાં આવેલ હોવાનું પણ જણાવેલ છે. સાહેદે સ્વીકારેલ છે કે બોલેરો કેમ્પરનું પંચનામું કરવામાં આવ્યું નથી તથા તેમાંથી કોઈ લોહી કબજે કરાયું નથી. પોસ્ટમોર્ટમ નોંધમાં મૃતકને બે ઈજાઓ નોંધાયેલી હોવા છતાં કોઈ નજરે જોનાર સાહેદે પોલીસ સમક્ષ બે અલગ ઘા માર્યાનું જણાવ્યું નહોતું તે પણ સ્વીકારેલ છે. વધુમાં ફરીયાદમાં નોંધનો સમય દર્શાવેલો નથી, હોસ્પિટલ ખાતે ફરીયાદ નોંધાઈ હોવા છતાં કલમ–૧૫૭ના રિપોર્ટમાં તે બાબતનો ઉલ્લેખ કરાયો નથી, જાણવા જોગ એન્ટ્રીની તપાસ કરનાર મહિલા પી.એસ.આઈ.નું નિવેદન લેવામાં આવ્યું નથી તથા સ્ટેશન ડાયરીની તમામ તપાસના કાગળો ચાર્જશીટ સાથે રજૂ કરાયેલા નથી તે પણ સ્વીકારેલ છે. ફરિયાદી રૂતુરાજસિંહના કપડાં પર એફ.એસ.એલ.માં

લોહી મળેલ નથી એ પણ સ્વીકારેલ છે. તે સિવાય અન્ય હકીકતો ડીનાયલ કરેલ છે.

આ સાહેદ કે જે ગુનાની તપાસ કરનાર અમલદાર છે તેમની જુબાની પરથી એવી હકીકત બહાર આવે છે કે, તેમણે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરેલી હતી. તપાસ દરમ્યાન સ્થળ પંચનામું, વિવિધ કબ્જા પંચનામાઓ, ઓળખ પરેડ, એફ.એસ.એલ., મેડિકલ તથા અન્ય દસ્તાવેજી કાર્યવાહી પૂર્ણ કરી સંબંધિત દસ્તાવેજો રેકર્ડ પર મુેકેલા હોવાનું જણાઈ આવે છે. ઉલટતપાસમાં તપાસની પ્રક્રિયા સંબંધિત કેટલીક ખામીઓ અને ચૂક અંગે સ્વીકાર કરેલ છે, પરંતુ તપાસ ખોટી રીતે કરેલ હોય કે આરોપીઓને ખોટી રીતે ફસાવેલા હોવાની હકીકતનો ઈન્કાર કરેલો છે.

**Tabulated Charts as per direction given by Hon'ble SUPREME COURT OF INDIA in CRIMINAL APPEAL NO(S). 2973 of 2023, MANOJBHAI JETHABHAI PARMAR (ROHIT) ....APPELLANT(S) VERSUS STATE OF GUJARAT ....RESPONDENT(S), DECIDEC ON-15/12/2025**

## Chart for Witnesses Examined

| Prosecution Witness No. | Name of Witness | Description |
|---|---|---|
| ૦૧ | ચેતનભાઈ નાથાલાલ જોશીની જુબાની | બનાવવાળી જગ્યાના પંચનામાના પંચ |
| ૦૨ | મુકુંદભાઈ જયંતભાઈ ટાંકની જુબાની | મરણજનાર ની લાશના ઈન્કવેસ્ટ પંચનામાના પંચ |
| ૦૩ | પ્રજ્ઞેશભાઈ શશીકાંતભાઈ સોલંકીની જુબાની | મરણજનાર ના કપડા કબજે કર્યાના પંચનામાના પંચ |
| ૦૪ | જીગરભાઈ ભાસ્કરભાઈ જોશીની જુબાની | ઈજાપામનાર તેમજ સાહેદે બનાવ વખતે પહેરેલા કપડા કબજે કર્યાના પંચનામાના પંચ |

| | | |
|---|---|---|
| ૦૫ | અસીલ સલીમભાઈ મગસીની જુબાની | મુદ્દામાલ મોટરસાઈકલ કબજે કર્યાના પંચનામાના પંચ |
| ૦૬ | રમેશભાઈ ભાનુભાઈ તેરૈયાની જુબાની | આરોપી ધનરાજે બનાવ વખતે પહેરેલા કપડા કબજે કર્યાના પંચનામાના પંચ |
| ૦૭ | મયુરસિંહ ચંદ્રસિંહ જાડેજાની જુબાની | આરોપીઓને અટક કર્યાના પંચનામાના પંચ |
| ૦૮ | નિલરાજભાઈ શાંતુભાઈ ખાચરની જુબાની | ડિસ્કવરી પંચનામાના પંચ |
| ૦૯ | જયંતિલાલ બોરીદાસ ખોરસાણીયાની જુબાની | ઓળખ પરેડનું પંચનામુ કરનાર– મામલતદાર |
| ૧૦ | સમર્થસિંહ રઘુવીરસિંહ ઝાલાની જુબાની | બનાવ વખતે ફરિયાદ સાથે રહેનાર સાહેદ |
| ૧૧ | ડો.અલ્પાબેન જગદીશભાઈ જેઠવાની જુબાની | મરણજનારની લાશનું પી.એમ. કરનાર ડોક્ટર |
| ૧૨ | ઋતુરાજસિંહ ભુપતસિંહ જાડેજાની જુબાની | બનાવની ફરિયાદ આપનાર ફરિયાદી |
| ૧૩ | ડો.વિનોદરાય સુખાભાઈ ચાવડાની જુબાની | ઈજા પામનારની સારવાર કરનાર ડોકટર |
| ૧૪ | હમીરભાઈ રાજશીભાઈ ભાટુની જુબાની | તપાસ કરનાર અમલદાર– પી.આઈ. |

## Chart for Exhibited Documents

| Exhibit No. | Description of the Exhibit | Proved by/Attested by |
|---|---|---|
| **૧૮** | થી મુદ્દામાલ આર્ટીકલ–એ માંથી નીકળેલ કાપલી | PW–1 |
| **૧૯** | થી મુદ્દામાલ આર્ટીકલ–બી માંથી નીકળેલ કાપલી | PW–1 |
| **૨૦** | થી બનાવવાળી જગ્યાનું પંચનામુ | PW–1 |
| **૨૩** | થી ઈન્કવેસ્ટ પંચનામુ | PW–2 |
| **૨૭** | થી મરણજનારે બનાવ વખતે પહેરેલા કપડા કબજે કર્યાનું પંચનામુ | PW–3 |

| | | |
|---|---|---|
| ૨૮ | મરણજનારના કપડા કબજે કર્યાના પંચનામાના પંચ | PW−3 |
| ૩૨ | થી મુદ્દામાલ આર્ટીકલ નં.૪, માર્ક−ડી વાળા કાપડના પેકેટમાંથી નીકળેલ ચબરખી | PW−4 |
| ૩૩ | થી મુદ્દામાલ આર્ટીકલ નં.૪, માર્ક−ઈ વાળા કાપડના પેકેટમાંથી નીકળેલ ચબરખી | PW−4 |
| ૩૪ | થી ઈજાપામનાર તેમજ સાહેદના બનાવ વખતે પહેરેલા કપડા કબજે કર્યાનું પંચનામુ | PW−4 |
| ૩૬ | થી મુદ્દામાલ મોટરસાઈકલ કબજે કર્યાનું પંચનામુ | PW−5 |
| ૪૦ | થી આરોપી ધનરાજે બનાવ વખતે પહેરેલા કપડા કબજે કર્યાનું પંચનામુ | PW−6 |
| ૭૪ | થી આરોપીઓને અટક કર્યાનું પંચનામુ | PW−7 |
| ૭૮ | થી ડિસ્કવરી પંચનામુ | PW−8 |
| ૭૯ | થી મુદ્દામાલ પાવતી નં. ૦૯/૧૮ ના મુદ્દામાલ આર્ટીકલ નં.૧ માંથી નીકળેલ એક સફેદ કાપલી | PW−8 |
| ૮૦ | થી મુદ્દામાલ પાવતી નં. ૦૯/૧૮ ના મુદ્દામાલ આર્ટીકલ નં.૨ માંથી નીકળેલ એક સફેદ કાપલી | PW−8 |
| ૮૮ | થી ઓળખપરેડનું પંચનામુ | PW−9 |
| ૧૦૨ | થી પી.એમ. કરવા માટેની યાદી | PW−11 |
| ૧૦૩ | થી મરણજનારની પી.એમ. નોટ | PW−11 |
| ૧૦૪ | થી મરણોત્તર રીપોર્ટ | PW−11 |
| ૧૦૫ | થી કોઝ ઓફ ડેથ સર્ટીફીકેટ | PW−11 |
| ૧૧૨ | થી ફરિયાદ | PW−12 |
| ૧૧૬ | થી ઈજાપામનારનું સારવાર સર્ટીફીકેટ | PW−13 |
| ૧૨૧ | થી ફરિયાદ લઈ ગુનો નોંધવા અંગેનો ફોરવર્ડીંગ લેટર | PW−14 |
| ૧૨૨ | થી ભારે ગુનાનો સ્પેશીયલ રીપોર્ટ | PW−14 |
| ૧૨૩ | થી તપાસ સોંપણીનો રીપોર્ટ | PW−14 |
| ૧૨૪ | થી મરણજનાર જયરાજસિંહ | PW−14 |

| | | |
|---|---|---|
| | ભુપતસિંહ જાડેજાની લાશ સોંપ્યાની પહોંચ | |
| **૧૨૫** | થી એફ.એસ.એલ.નો સ્થળ પરીક્ષણ અહેવાલ | PW–14 |
| **૧૨૬** | થી ત.ક.અમલદાર દ્વારા એક્ઝી.મેજીસ્ટ્રેટશ્રીને ઓળખપરેડ કરવા અંગે સમય ફાળવવા માટે કરાયેલી યાદી | PW–14 |
| **૧૨૭** | થી સાહેદોને ઓળખ પરેડ માટે હાજર રહેવા અંગેની યાદી | PW–14 |
| **૧૨૮ થી ૧૩૧** | થી આરોપીઓની મેડીકલ ચકાસણી કરવા અંગે કરેલ યાદી | PW–14 |
| **૧૩૨** | થી જયરાજસિંહ ભુપતસિંહનું બ્લડ સેમ્પલ લેવા માટે કરેલ યાદી | PW–14 |
| **૧૩૩** | થી ઋતુરાજસિંહ ભુપતસિંહનું બ્લડ સેમ્પલ લેવા માટે કરેલ યાદી | PW–14 |
| **૧૩૪** | થી અજયસિંહ પ્રદ્યુમનસિંહનું બ્લડ સેમ્પલ લેવા માટે કરેલ યાદી | PW–14 |
| **૧૩૫** | થી ધનરાજસિંહ બલવીરસિંહનું બ્લડ સેમ્પલ લેવા માટે કરેલ યાદી | PW–14 |
| **૧૩૬** | થી ઋતુરાજસિંહ ભુપતસિંહનું મેડીકલ સર્ટીફીકેટ મળવા મેડીકલ એફીસરશ્રીને કરેલ યાદી | PW–14 |
| **૧૩૭** | થી ધનરાજસિંહ બલવીરસિંહનું મેડીકલ સર્ટીફીકેટ | PW–14 |
| **૧૩૮** | થી અજયસિંહ પ્રદ્યુમનસિંહનું અસલ મેડીકલ સર્ટીફીકેટ | PW–14 |
| **૧૩૯** | થી અજયસિંહ પ્રદ્યુમનસિંહનું અસલ મેડીકલ સર્ટીફીકેટ | PW–14 |
| **૧૪૦** | થી ધનરાજસિંહ બલવીરસિંહનું મેડીકલ સર્ટીફીકેટ | PW–14 |
| **૧૪૧** | થી મુદ્દામાલ રવાનગી નોંધ, સત્તાનું પ્રમાણપત્ર અને સીલના નમુના સાથે જોડી કરાયેલી યાદી | PW–14 |
| **૧૪૨** | થી મુદ્દામાલ મળી ગયા અંગેની એફ.એસ.એલ.ની પહોંચ | PW–14 |
| **૧૪૩** | થી એફ.એસ.એલ. વિભાગનો રીપોર્ટ ફોરવર્ડીંગ પત્ર | PW–14 |
| **૧૪૪** | થી સ્ટેશન ડાયરી એન્ટ્રી નં. | PW–14 |

| | | |
|---|---|---|
| | ૦૯/૧૭, ૧૦/૧૭, ૧૫/૧૭ ના ઉતારા | |
| **૧૪૫** | થી બનાવવાળી જગ્યાનો નકશો તથા તેની સાથે કરેલ ચાદી | PW–14 |
| **૧૪૬** | થી સી.આર.પી.સી. ૧૫૪ નો ઉતારો | PW–14 |
| **૧૪૭** | થી હથિયારબંધીના જાહેરનામાની નકલ | PW–14 |
| **૧૪૮ થી ૧૫૦** | થી અલગ અલગ મોબાઈલ નંબરોની કોલ ડીટેઈલ મળવા અંગે કરાચેલી ચાદીઓ | PW–14 |

## Chart for Material Objects/Muddamals ::–

| Material Object No. | Description of the Exhibit | Proved by/Attested by |
|---|---|---|
| ૦૧ | મરણજનારે બનાવ વખતે પહેરેલા કપડા બ્લુ–લાલ કલરનો લાઈનીંગ વાળો શર્ટ, કાળા કલરનું જીન્સનું પેન્ટ, એક રાખોડી કલરની ચડ્ડી | PW–3 |
| ૦૨ | બનાવવાળી જગ્યાએથી લોહી વાળા માટી ઘાસના લીધેલ નમુના | PW–14 |
| ૦૩ | બનાવવાળી જગ્યાએથી કન્ટ્રોલ સેમ્પલ તરીકે લીધેલ માટી | PW–14 |
| ૦૪ | ફરિયાદીએ બનાવ સમયે પહેરેલા કપડા, બ્લુ કલરનું ટીશર્ટ, કાળા કલરનું જીન્સ, એર સફેદ કલરનું ડીઝાઈન વાળુ બાંચ વગરનું ટીશર્ટ | PW–14 |
| ૦૫ | આ કામના સાહેદ સમર્થસિંહે બનાવ સમયે પહેરેલા કપડા, એક ક્રીમ કલરનો ગુલાબી તથા વાદળી લાઈનીંગ વાળો શર્ટ તથા એક આછા બ્લુ કલરનું જીન્સનું પેન્ટ | PW–14 |
| ૦૬ | એક હીરો હોન્ડા સ્પ્લેન્ડર મોટરસાઈકલ મીલ્ટ્રી કલરનું જેના રજી. નં. GJ–3–BQ–9349 | PW–14 |
| ૦૭ | આરોપી ધનરાજસિંહ જાડેજાએ બનાવ સમયે પહેરેલા કપડા કાળા કલરનું ટીશર્ટ જેમાં સફેદ દુધીયા | PW–14 |

| | | |
|---|---|---|
| | કલરની લાઈનીંગ છે તે તેમજ એક બ્લુ કલરનું જીન્સનું પેન્ટ | |
| ૦૮ | એક રાખોડી કલરનું એડીડાસ લખેલ લોઅર પેન્ટ તેમજ એક ઘાટા બ્લુ કલરનું વેલકમ ટુ ધ ફ્રેન્ડ્લી ફ્ન્કીનેશ લખેલ છે તે | PW–14 |
| ૦૯ | એક પ્લાસ્ટીકનો પારદર્શક ડબ્બો જેમાં એક કાળા કલરના હાથા વાળી જેટી ઉપર "BLAZE" લખેલ છે તે હાથાની લંબાઈ આશરે ૧૨ સે.મી. છે તથા તેનું એક ફલુ એક બાજુ ધાર વાળુ તથા આગળ અણીદાર જે ફણસની આશરે ૧૬ સે.મી. લંબાઈ છે તે | PW–14 |

**પુરાવાનું મુલ્યાંકન::–**

**(૨૮)** આમ, બન્ને પક્ષકારોની દલીલો તેમજ રેકર્ડ ઉપર રજૂ થયેલ તમામ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરતા આ અદાલતના મત મુજબ ફરિયાદપક્ષ દ્વારા આરોપીઓ વિરુદ્ધ દાખલ કરાયેલ કેસ વિશ્વસનીય, સઘન તથા કાયદેસર પુરાવાથી શંકાથીપર રીતે પુરવાર થાય છે. ફરિયાદપક્ષ દ્વારા રજુ થયેલ મેડિકલ, વૈજ્ઞાનિક, ડિસ્કવરી તથા પરિસ્થિતિજન્ય પુરાવાની સાંકળ સંપૂર્ણ, અખંડિત છે, જેમાંથી આરોપીઓની દોષિતતા સિવાય અન્ય કોઈ સંભવિત નિષ્કર્ષ ઉપસ્થિત થતો નથી.

**(૨૮.૧)** આ કામે ફરિયાદપક્ષ દ્વારા PW–12 ફરિયાદી ઋતુરાજસિંહ ભુપતસિંહ જાડેજાને આંક–૧૧૧ થી તપાસતા તેમના પુરાવામાં જણાઈ આવે છે કે, બનાવના દિવસે માતાના ફોનથી તેઓ સમર્થસિંહ સાથે બનાવના સ્થળે પહોંચ્યા હતા, જ્યાં મરણજનાર જયરાજસિંહ અને આરોપી અજયસિંહ વચ્ચે વાહન અથડાવવાની બાબતે તકરાર ચાલી રહી હતી. તેઓ વચ્ચે પડતા આરોપી અજયસિંહે પોતાના પેન્ટના નેફામાંથી છરી કાઢી પ્રથમ જયરાજસિંહના ડાબા પડખાના ભાગે જીવલેણ ઘા મારેલ તથા ત્યારબાદ ફરિયાદી ઉપર પણ છરી વડે હુમલો

કરી બંને હાથ તથા ડાબા પગમાં ઈજાઓ પહોંચાડેલ હોવાનું સ્પષ્ટ જણાવ્યું છે. ફરિયાદીને બચાવવા વચ્ચે પડનાર સમર્થસિંહને આરોપી ધનરાજસિંહે પથ્થર ઉગામી અટકાવેલ હોવાનું પણ આ સાહેદે જણાવેલ છે, જેથી બંને આરોપીઓએ એકબીજાની મદદગારીમાં હુમલો કર્યો હોવાનું સ્પષ્ટ થાય છે. વધુમાં આ સાહેદે જણાવેલ છે કે, ત્યારબાદ ઘાયલ જયરાજસિંહને બોલેરો કેમ્પર મારફતે કડીવાર હોસ્પિટલ તથા ત્યાંથી ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવેલા, જયાં ડોકટરે તેમને મૃત જાહેર કરેલ હતા. ફરિયાદીએ પોતે પણ સારવાર લીધેલ હતી તથા ઘટના અંગે તુરંત જ પોલીસ સમક્ષ ફરિયાદ નોંધાવેલ હતી. ફરિયાદ આંક-૧૧૨ ઉપર રેકર્ડ પર રજૂ થયેલ છે. આ સાહેદે બંને આરોપીઓને કોર્ટ સમક્ષ ઓળખી બતાવેલ છે. આરોપી ધનરાજસિંહને ઓળખ પરેડમાં ઓળખી બતાવ્યાની હકીકત પણ સ્પષ્ટપણે જણાવેલી છે. વધુમાં બનાવમાં વપરાયેલ મુદ્ધામાલ છરી, પોતાનાં, મરણજનારનાં, સમર્થસિંહનાં તથા બંને આરોપીઓનાં બનાવ સમયે પહેરેલ કપડાં પણ કોર્ટમાં ઓળખી બતાવેલ છે. ઉલટતપાસ દરમ્યાન બચાવપક્ષે ફરિયાદ, પોલીસ નિવેદન, કપડાંનું વર્ણન, ઓળખ પરેડ તથા કેટલીક પ્રક્રિયાત્મક બાબતો અંગે વિસ્તૃત પ્રશ્નો પુછેલા હોવા છતાં બનાવ સ્થળે પોતાની હાજરી, આરોપી અજયસિંહ દ્વારા છરી વડે હુમલો કર્યાની હકીકત, મરણજનારને થયેલ જીવલેણ ઈજા, પોતાને થયેલ ઈજાઓ તથા આરોપી ધનરાજસિંહની હુમલામાં સહભાગિતાની મૂળભૂત હકીકતોમાં કોઈ ફેરફાર થયેલ નથી.ઉલટતપાસમાંથી ફકત નાની મોટી પ્રક્રિયાની ભૂલો જ બહાર આવી છે. તેનાથી બનાવના મૂળ સ્વરૂપ પર કોઈ અસર થતી નથી. આથી PW-12 ની જુબાની સ્વાભાવિક, વિશ્વસનીય તથા ભરોસાપાત્ર જણાય છે અને તેને અન્ય મૌખિક, તબીબી તથા વૈજ્ઞાનિક પુરાવાનું નોંધપાત્ર સમર્થન પ્રાપ્ત થાય છે.

**(૨૮.૨)** તેજ રીતે આ કામે PW-10 સમર્થસિંહ રઘુવીરસિંહ ઝાલા કે જે બનાવના સ્વતંત્ર બનાવ નજરે જોનાર સાહેદ છે. તેમના આંક-૯૩ ના પુરાવાનું મુલ્યાંકન કરતા જણાઈ આવે છે કે, તેઓ ફરિયાદી ઋતુરાજસિંહ સાથે બનાવના સ્થળે હાજર હતા. તેમની જુબાની મુજબ

તેઓ અને ફરિયાદી બુલેટ લઈને બનાવના સ્થળે પહોંચેલા ત્યારે મરણજનાર જયરાજસિંહ અને આરોપી અજયસિંહ વચ્ચે ઝઘડો ચાલતો હતો. ફરિયાદી વચ્ચે પડતા આરોપી અજયસિંહે પોતાના પેન્ટના નેફામાંથી છરી કાઢી પ્રથમ જયરાજસિંહના ડાબા પડખામાં જીવલેણ ઘા મારેલ તથા ત્યારબાદ ફરિયાદી ઉપર છરી વડે હુમલો કરી બંને હાથ તથા પગમાં ઈજાઓ પહોંચાડેલ હતી. તેઓ છોડાવવા વચ્ચે પડતા આરોપી ધનરાજસિંહે પથ્થર ઉગામી તેમને અટકાવેલા હતા, જેના કારણે આરોપી અજયસિંહને હુમલો કરવામાં મદદ મળેલી હતી. ત્યારબાદ બંને આરોપીઓ મોટરસાયકલ લઈને સ્થળ પરથી નાસી ગયેલા હોવાનું પણ આ સાહેદે જણાવેલ છે. આ સાહેદે પણ  બંને આરોપીઓને કોર્ટ સમક્ષ ઓળખી બતાવેલ છે તેમજ ઓળખ પરેડમાં આરોપી ધનરાજસિંહને પણ ઓળખી બતાવેલ છે. વધુમાં બનાવમાં વપરાયેલ છરી તથા પોતે, ફરિયાદી, મરણજનાર અને બંને આરોપીઓના બનાવ સમયે પહેરેલ કપડાં પણ ઓળખી બતાવેલ છે. ઉલટતપાસ દરમ્યાન બનાવ સ્થળે પોતાની હાજરી, હુમલાની રીત, આરોપી અજયસિંહ દ્વારા છરીનો ઉપયોગ, ફરિયાદીને થયેલ ઈજાઓ તથા આરોપી ધનરાજસિંહની ભૂમિકા અંગે તેમની જુબાનીમાં કોઈ મૂળભૂત ફેરફાર થયેલ નથી. બચાવપક્ષે કેટલીક ગૌણ વિસંગતિઓ રેકર્ડ પર લાવવાની કોશીશ કરેલ છે, પરંતુ તેટલા માત્રથી તે ફરિયાદપક્ષના કેસની વિશ્વસનીયતા ઉપર અસર કરે તેવી જણાતી નથી. તેથી PW–10 ની જુબાની પણ સ્વાભાવિક, નિષ્પક્ષ અને વિશ્વસનીય જણાય છે.

વધુમાં બચાવપક્ષે PW–10 સમર્થસિંહના વર્તનને અસામાન્ય ગણાવી એવી દલીલ કરેલ છે કે તેઓ બનાવ સમયે મોટરસાયકલ ઉપર બેઠેલા હોવા છતાં ઝઘડામાં તરત જ વચ્ચે પડેલા નહોતા અથવા હુમલો અટકાવવાનો અસરકારક પ્રયત્ન કરેલ નહોતો. પરંતુ આ દલીલ સ્વીકારી શકાય તેમ નથી. રેકર્ડ પરથી સ્પષ્ટ થાય છે કે બનાવ અચાનક અને અત્યંત ઝડપથી બનેલો હતો. આરોપી નં.૧ પાસે ધારદાર છરી હતી અને તેણે તુરતજ મરણજનાર ઉપર જીવલેણ હુમલો કરેલો ત્યારબાદ ફરિયાદી ઉપર પણ હુમલો શરૂ કરી દીધેલો હતો. PW–

10 નાએ વચ્ચે પડવાનો પ્રયત્ન કરેલ હોવાનું જણાવેલ છે, પરંતુ આરોપી નં.૨ નાએ પથ્થર ઉગામી તેમને આગળ વધતા અટકાવેલા હતા. આ પ્રકારની અચાનક અને ભયજનક પરિસ્થિતિમાં દરેક વ્યક્તિનું વર્તન સરખું હોય તે શક્ય નથી. આવી પરિસ્થિતિમાં કોઈ વ્યક્તિ કેવી પ્રતિક્રિયા આપશે તે અંગે કોઈ ચોક્કસ ધોરણ નક્કી કરી શકાય નહીં. માત્ર એટલા કારણસર કે PW-10 એ બચાવપક્ષની અપેક્ષા મુજબ વર્તન કરેલ નથી, તેથી તેમની આખી જુબાની અવિશ્વસનીય બની જતી નથી. ઉલટાનું, તેમની હાજરી, ઘટના અંગેનું વર્ણન તથા આરોપી નં.૨ દ્વારા તેમને અટકાવેલાની હકીકત ફરિયાદી, તબીબી પુરાવા તથા અન્ય સાંયોગીક પુરાવાઓ સાથે સુસંગત હોવાથી તેમનું વર્તન અસ્વાભાવિક ગણાવી તેમની જુબાની નકારી શકાય નહીં.

**(૨૮.૩)** આમ, ફરિયાદપક્ષના બન્ને મહત્વના સાહેદો એટલેકે ફરિયાદી તેમજ બનાવ નજરે જોનાર સાહેદના પુરાવાનું સંયુકત મુલ્યાંકન કરતા જણાઈ આવે છે કે બંનેએ એકબીજાથી સ્વતંત્ર રીતે સમગ્ર ઘટનાક્રમનું વર્ણન કરેલ હોવા છતાં આ બન્ને સાહેદોની જુબાનીઓમાં બનાવનું કારણ, બનાવનું સ્થળ, આરોપી અજયસિંહ દ્વારા છરી કાઢી મરણજનાર જયરાજસિંહના ડાબા પડખામાં જીવલેણ ઘા મારવાની હકીકત, ફરિયાદી ઉપર થયેલ હુમલો, આરોપી ધનરાજસિંહ દ્વારા પથ્થર ઉગામી હુમલામાં મદદ કરવી, ત્યારબાદ બંને આરોપીઓનું સ્થળ પરથી ભાગી જવું તથા મરણજનારને હોસ્પિટલ લઈ જવાની સમગ્ર ઘટનાક્રમ બાબતે સંપૂર્ણ સુસંગતતા જોવા મળે છે. આ બંને સાહેદોની જુબાનીને પોસ્ટમોર્ટમ કરનાર PW-11 ડૉ. અલ્પાબેન જેઠવાના તબીબી પુરાવા, મુદ્દામાલની ઓળખ, ઓળખ પરેડ, પંચનામાઓ તથા અનુગામી વૈજ્ઞાનિક પુરાવાથી નોંધપાત્ર સમર્થન પ્રાપ્ત થાય છે. ઉલટતપાસ દરમ્યાન બહાર આવેલ નાનામોટા વિરોધાભાસો મુખ્યત્વે સમય, કપડાનું વર્ણન, પોલીસ નિવેદનમાં ન લખાયેલ કેટલીક વિગતો તથા પ્રક્રિયાગત બાબતોને લગતા છે. આવા વિરોધાભાસો બનાવના મૂળ તત્વને અસર કરતા નથી અને કોઈ પણ રીતે આરોપીઓની ઓળખ, હુમલાની રીત અથવા મરણજનારને થયેલ જીવલેણ ઈજા અંગે શંકા ઊભી કરતા નથી

અને તે સંજોગોમાં આ બન્ને સાહેદોની જુબાનીથી ફરિયાદપક્ષના કેસને સમર્થન પ્રાપ્ત થતુ હોવાનું જણાય છે.

વધુમાં જુબાનીમાં આવતી નાની મોટી વિસંગતતાઓ બાબતે કાયદાનો સ્થાપિત સિદ્ધાંત છે કે સાહેદની જુબાનીનું મુલ્યાંકન સમગ્ર રીતે કરવાનું હોય છે. તેની જુબાનીમાંથી અલગ-અલગ વાક્યોને છૂટા પાડી મુલ્યાંકન કરી શકાય નહીં. વર્ષો બાદ કોર્ટ સમક્ષ જુબાની આપતા કોઈપણ સાહેદ પાસેથી સમય, અંતર, કપડાંનું વર્ણન અથવા અન્ય ગૌણ વિગતો અંગે સંપુર્ણ યાંત્રિક એકરૂપતાની અપેક્ષા રાખી શકાય નહીં. આવા સ્વાભાવિક તફાવતો જુબાનીને અવિશ્વસનીય બનાવતા નથી, પરંતુ તેને યાંત્રીક બનાવવાને બદલે તેને સ્વાભાવિક બનાવે છે. વધુમાં PW-12 પોતે ઈજાગ્રસ્ત સાહેદ છે. ઈજાગ્રસ્ત સાહેદની ઘટના સ્થળે હાજરી સામાન્ય રીતે નિર્વિવાદ માનવામાં આવે છે. સામાન્ય રીતે એવી સંભાવના નહિવત હોય છે કે ઈજાગ્રસ્ત વ્યક્તિ વાસ્તવિક આરોપીને બચાવીને કોઈ નિર્દોષને ખોટી રીતે ફસાવે. આથી ઈજાગ્રસ્ત સાક્ષીની જુબાનીને ખાસ વજન આપવામાં આવે છે, જો તે અન્ય પુરાવાથી સમર્થિત હોય. હાલના કેસમાં PW-12 ની જુબાનીને PW-10 ના સ્વતંત્ર સાક્ષી, પોસ્ટમોર્ટમના તબીબી પુરાવા, ઓળખ પરેડ, મુદ્દામાલની ઓળખ તેમજ તપાસમાં એકત્ર થયેલ અન્ય દસ્તાવેજી અને વૈજ્ઞાનિક પુરાવા દ્વારા પૂરતું સમર્થન મળેલ છે. વધુમાં રેકર્ડ ઉપર એવી કોઈ સામગ્રી ઉપલબ્ધ નથી કે જેના આધારે એમ કહી શકાય કે PW-10 અથવા PW-12 એ આરોપીઓને ખોટી રીતે ફસાવવા માટે બનાવટી કેસ ઉભો કરેલો હોય. આથી આ અદાલત એવા નિષ્કર્ષ ઉપર આવે છે કે PW-12 ફરિયાદી ઋતુરાજસિંહ તથા PW-10 સમર્થસિંહની જુબાની વિશ્વસનીય, ભરોસાપાત્ર અને પરસ્પર સમર્થનકારી છે. તેમની જુબાનીને મેડિકલ તથા અન્ય દસ્તાવેજી પુરાવાનું પૂરતું સમર્થન પ્રાપ્ત થતું હોવાથી આરોપી નં.૧ અજયસિંહ દ્વારા મરણજનાર ઉપર છરી વડે જીવલેણ હુમલો કરવામાં આવેલ તથા ફરિયાદીને ઈજાઓ પહોંચાડવામાં આવેલ અને આરોપી નં.૨ ધનરાજસિંહે હુમલામાં સક્રિય મદદગારી કરી હોવાની

ફરિયાદપક્ષની હકીકત શંકાની કોઈ વાજબી શંકા વગર પુરવાર કરવામાં સફળ રહેલ છે.

**(૨૮.૪)** ફરિયાદપક્ષના સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરતાં જણાય આવે છે કે હાલના બનાવનું તાત્કાલિક કારણ મરણજનાર જયરાજસિંહ જાડેજા તથા આરોપી નં.૧ અજયસિંહ વાળા વચ્ચે વાહન અથડાવવાની સામાન્ય બાબતને લઈને થયેલી તકરાર હતી. PW-12 ફરિયાદી ઋતુરાજસિંહ તથા PW-10 સમર્થસિંહ બંનેએ સ્પષ્ટપણે જણાવેલ છે કે તેઓ બનાવના સ્થળે પહોંચેલા ત્યારે બંને વચ્ચે ઝઘડો ચાલી રહ્યો હતો અને તે તકરાર વાહન અથડાવવાના બનાવમાંથી ઉદ્ભવેલી હતી. બંને સાહેદોની જુબાની મુજબ ફરિયાદીએ વચ્ચે પડી "શું છે?" તેમ પૂછતાં જ આરોપી અજયસિંહે પોતાના પેન્ટના નેફામાંથી છરી કાઢી પ્રથમ જયરાજસિંહ ઉપર જીવલેણ હુમલો કરેલો અને ત્યારબાદ ફરિયાદી ઉપર પણ હુમલો કરેલો. બંને નજરે જોનાર સાહેદોની આ હકીકતો એકબીજાને સમર્થનકારી અને વિશ્વસનીય જણાય છે.

બચાવપક્ષે એવી દલીલ કરેલ છે કે અગાઉ કોઈ દુશ્મનાવટ નહોતી તથા બનાવનું કારણ પણ નજીવુ હતું. પરંતુ જ્યારે બનાવ નજરે જોનાર સાહેદોનો પુરાવો રેકર્ડ પર હોય ત્યારે મોટિવનું મહત્વ ગૌણ બની જાય છે. તેમ છતાં હાલના કેસમાં ફરિયાદપક્ષે બનાવ પાછળ રહેલું તાત્કાલિક કારણ પણ વિશ્વસનીય રીતે સ્થાપિત કરવામાં સફળતા મેળવેલ છે.

આમ, સમગ્ર મૌખિક તથા સાંયોગીક પુરાવાના મુલ્યાંકન પરથી આ અદાલત એવા નિષ્કર્ષ ઉપર આવે છે કે વાહન અથડાવવાની સામાન્ય બાબતે ઉશ્કેરાયેલા આરોપી નં.૧ નાએ ધારદાર છરી જેવા જીવલેણ હથિયારનો ઉપયોગ કરી હુમલો કરેલો હતો અને તે જ હાલના બનાવનું તાત્કાલિક કારણ હતું.

**(૨૮.૫)** આ કામે ફરિયાદપક્ષે મરણજનારનું પોસ્ટમોર્ટમ કરનાર PW-11 ડો. અલ્પાબેન જેઠવાની જુબાની, પોસ્ટમોર્ટમ નોટ આંક-

૧૦૩, મૃત્યુનું કારણ દર્શાવતું પ્રમાણપત્ર આંક–૧૦૫ તથા રેકર્ડ પરના વૈજ્ઞાનિક પુરાવા રજૂ કરેલ છે. તે તમામનું સંયુકત મુલ્યાંકન કરતાં સ્પષ્ટ થાય છે કે મરણજનાર જયરાજસિંહને પેટની ડાબી બાજુએ ધારદાર અણીદાર હથિયારથી ભોકાયેલી ગંભીર ઈજા પહોંચાડવામાં આવેલ હતી, જેના કારણે પેરીટોનિયમ, હોજરી તથા લીવર જેવા અગત્યના આંતરિક અવયવો કપાઈ ગયેલ અને તેના પરિણામે ભારે આંતરિક રકતસ્ત્રાવ થવાથી હેમરેજિક શોક આવી મૃત્યુ નીપજેલ હતું. તબીબે સ્પષ્ટ અભિપ્રાય આપેલ છે કે આવી ઈજા સામાન્ય કુદરતી ક્રમમાં મૃત્યુ નિપજાવવા માટે પૂરતી હતી તેમજ કોર્ટ સમક્ષ રજૂ થયેલ મુદ્દામાલ આર્ટિકલ નં.૮–એચની છરીથી આવી ઈજા થઈ શકે તેમ હોવાનું પણ સ્પષ્ટ જણાવેલ છે. PW–11 ડૉ. અલ્પાબેન જેઠવાની ઉલટતપાસ દરમ્યાન બચાવપક્ષે ઈજાનું સ્વરૂપ, સ્ટેબ ઈજાઓ તથા પેનિટ્રેટિંગ ઈજાઓનો તફાવત, ડિફેન્સ વુંડ, બ્લડ ટ્રેઈલ, મૃત્યુનો સમય, ઈજાની દિશા તથા છરી અંગે ઘણાં સવાલો પૂછેલ હોવા છતાં ડૉકટરના મૂળ અભિપ્રાયને નબળો પાડે તેવી કોઈ મહત્વપૂર્ણ બાબત બહાર આવી નથી. ડોકટર સાહેદે સ્પષ્ટપણે જાળવી રાખેલ છે કે મરણજનારનું મૃત્યુ ધારદાર અણીદાર હથિયારથી થયેલી ગંભીર ઈજાના પરિણામે થયેલ છે તથા રજૂ થયેલ મુદ્દામાલ છરીથી આવી ઈજા શક્ય છે. વધુમાં નજરે જોનાર સાહેદ PW–10 સમર્થસિંહ તથા PW–12 ફરિયાદી ઋતુરાજસિંહ દ્વારા વર્ણવાયેલ હુમલાની રીત, શરીરના જે ભાગ ઉપર છરીનો ઘા મારવામાં આવેલ હોવાનું જણાવેલ છે તથા મરણજનારને થયેલી જીવલેણ ઈજા અંગેનો મૌખિક પુરાવો પોસ્ટમોર્ટમના મેડિકલ પુરાવા સાથે સંપૂર્ણ રીતે સુસંગત જણાય છે. તેથી મેડિકલ પુરાવો માત્ર મૃત્યુનું કારણ જ નહીં પરંતુ ફરિયાદપક્ષે રજૂ કરેલ સમગ્ર ઘટનાક્રમને પણ સંપૂર્ણ સમર્થન આપે છે.

વધુમાં ઈજા બાબતે બચાવપક્ષે એવી દલીલ કરેલ છે કે પી.એમ. નોટમાં મરણજનારના શરીર ઉપર બે ઈજા બતાવેલી છે. જયારે ફરિયાદપક્ષના કેસ મુજબ એકજ ઘા મારેલાની હકીકત જણાવેલ છે તેથી ફરિયાદપક્ષના કેસ અંગે શંકા ઉભી થાય છે. પરંતુ પી.એમ. નોટ જોતા

સ્પષ્ટ થાય છે કે પહેલી ઈજા પેટના ડાબા ભાગે ધારદાર હથિયારથી થયેલી ઉંડી છરીની જીવલેણ ઈજા હોવાનું જણાવેલ છે. જ્યારે બીજી ઈજા માત્ર છોલાવાની અને સોજાની સામાન્ય ઈજા છે. બીજી ઈજા પણ ધારદાર હથિયારથી થયેલી હોવાનું પી.એમ. નોટમાં કે ડોકટરના પુરાવામાં ક્યાંય લખેલ નથી. વધુમાં, પી.એમ. કરનાર ડોક્ટરે પણ પોતાના પુરાવામાં જણાવેલ છે કે પેટ પર થયેલી છરીની ઈજા જ મૃત્યુનું કારણ હતી. ફરિયાદી અને નજરે જોનાર સાહેદોએ પણ સતત એવી જુબાની આપેલ છે કે આરોપી નં.૧ નાએ મરણજનારને છરીનો એક ઘા મારેલ હતો. તેથી પી.એમ. નોટમાં બતાવેલી બીજી સામાન્ય ઈજાના આધારે ફરિયાદપક્ષના આખા કેસ અંગે શંકા કરી શકાય નહીં. વળી, ગંભીર હુમલાની ઘટનામાં મુખ્ય જીવલેણ ઈજા ઉપરાંત પડવાથી, અથડાવાથી અથવા ઝપાઝપી દરમ્યાન શરીર ઉપર અન્ય સામાન્ય છોલાયેલી કે મુંઢ ઈજાઓ થવી તે અસ્વાભાવિક ગણાવી શકાય નહીં અને આ બીજી સામાન્ય ઈજાઓ ફરિયાદપક્ષના મુળ કેસને અસર કરતી નથી.

**(૨૮.૬)** વધુમાં ફરિયાદપક્ષે એફ.એસ.એલ.ના બાયોલોજી તથા સીરોલોજી વિભાગના પરીક્ષણ અહેવાલો પણ રેકર્ડ પર રજૂ કરેલા છે. બંને અહેવાલોનું સંયુક્ત અવલોકન કરતાં જણાઈ આવે છે કે બનાવ સ્થળેથી કબજે કરાયેલ લોહીવાળી માટી તથા ઘાસ, મરણજનાર જયરાજસિંહના કપડાં, ફરિયાદી ઋતુરાજસિંહના કપડાં, સાહેદ સમર્થસિંહના કપડાં તથા બનાવમાં વપરાયેલ હોવાનું જણાવવામાં આવેલ મુદ્દામાલ છરી ઉપર માનવ રૂધીરની હાજરી મળી આવેલ છે. સીરોલોજી અહેવાલ મુજબ ઉપરોક્ત તમામ મુદ્દામાલ ઉપર મળેલ માનવ રૂધીરનું ગ્રુપ "બી" હોવાનું નિશ્ચિત થયેલ છે. મરણજનાર જયરાજસિંહ તથા ફરિયાદી ઋતુરાજસિંહ બંનેનું બ્લડ ગ્રુપ પણ "બી" આવેલ છે, જ્યારે આરોપી ધનરાજસિંહનું બ્લડ ગ્રુપ "એબી" આવેલ છે. પરિણામે આરોપી ધનરાજસિંહના કપડાં ઉપર મળેલ "બી" ગ્રુપનું માનવ રૂધીર તેના પોતાના બ્લડ ગ્રુપ સાથે સુસંગત નથી, પરંતુ તે બનાવ દરમ્યાન મરણજનાર અથવા ઈજાગ્રસ્તના લોહીના સંપર્કમાં આવેલ હોવાનું ફરિયાદપક્ષના કેસને વૈજ્ઞાનિક સમર્થન આપે છે. બચાવપક્ષે કેટલાક

મુદ્દામાલ ઉપર બ્લડ ગ્રુપ નક્કી ન થઈ શકવાની બાબત ઉપર ભાર મુકેલો છે. પરંતુ ક્યારેક સમય વીતી જવા અથવા બીજા વૈજ્ઞાનિક કારણોસર લીધેલ બધા નમુનાઓને એકસાથે મેચ ન કરી શકાય તેટલા માત્રથી જ આખા વૈજ્ઞાનિક પુરાવાને ખોટો ગણી શકાય નહીં. જ્યારે બનાવ નજરે જોનાર સાહેદોનો પુરાવો, મેડિકલ પુરાવો તથા વૈજ્ઞાનિક પુરાવો પરસ્પર એકબીજાને સમર્થન આપતા હોય ત્યારે આવી બાબત ફરિયાદપક્ષના કેસ માટે કોઈ ગંભીર ખામી ગણાવી શકાય નહીં. આમ, બાયોલોજી તથા સીરોલોજી અહેવાલો ફરિયાદપક્ષના મૌખિક તથા મેડિકલ પુરાવાને મજબૂત વૈજ્ઞાનિક સમર્થન આપે છે.

**(૨૮.૭)** વધુમાં અગાઉ ચર્ચા કરી તે મુજબ આ કામે તપાસવામાં આવેલા ફરિયાદપક્ષના સાહેદ નં.૧ થી ૮ ના સમગ્ર મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનું એકસાથે મુલ્યાંકન કરતાં જણાય આવે છે કે ફરિયાદપક્ષે ગુનાના વિવિધ તબક્કાઓને સ્વતંત્ર પંચસાહેદોના પુરાવા દ્વારા વિશ્વસનીય રીતે સાબીત કરવાનો પ્રયત્ન કરેલ છે. PW–1 દ્વારા બનાવના સ્થળનું પંચનામું, લોહીના નમૂનાઓ તથા એક્ટીવા સંબંધિત કાર્યવાહી પુરવાર કરવામાં આવેલ છે. PW–2 દ્વારા ઈન્કવેસ્ટ પંચનામું તથા મૃતદેહ ઉપર રહેલી ઈજાઓ અને કપડાંની ઓળખ સાબીત કરવામાં આવેલ છે. PW–3 તથા PW–4 દ્વારા મૃતક તથા ઈજાગ્રસ્તોના લોહીવાળા કપડાં કબ્જે કરવાની કાર્યવાહીને સમર્થન આપવામાં આવેલ છે. PW–5 તથા PW–6 દ્વારા આરોપીઓ સાથે સંબંધિત વાહન તથા કપડાં કાયદેસર રીતે કબજે કરવામાં આવેલ હોવાનું પુરવાર થયેલ છે. PW–7 દ્વારા આરોપીઓની અટકાયત તથા PW–8 દ્વારા આરોપી અજયસિંહના જણાવ્યા મુજબ થયેલ ડિસ્કવરી અને તેમાંથી લોહીવાળા કપડાં તથા હત્યામાં વપરાયેલ હોવાનું જણાવાયેલી છરીની કબજાની કાર્યવાહી સાબીત કરવામાં આવેલ છે. ઉલટતપાસ દરમ્યાન સરતપાસની હકીકતો વિરૂદ્ધની કે તેને ખંડીત કરતી કોઈ જ હકીકત રેકર્ડ પર લાવવામાં બચાવપક્ષ સફળ રહેલ નથી. પંચસાહેદો બનાવ નજરે જોનાર નથી, તેમનો પુરાવો મુખ્યત્વે તપાસ દરમ્યાન થયેલી વિવિધ કાયદેસરની કાર્યવાહી પુરવાર કરવા પૂરતો મર્યાદિત છે. તેમ છતાં સ્થળ પંચનામું,

ઈન્કવેસ્ટ પંચનામું, કપડાં તથા અન્ય મુદ્દામાલની જપ્તી, આરોપીઓની અટકાયત તથા ડિસ્કવરી જેવી મહત્વપૂર્ણ કડીઓ તેમના પુરાવાથી વિશ્વસનીય રીતે સ્થાપિત થાય છે.

(૨૮.૮) વધુમાં આ કામે ઉપરોક્ત મેડિકલ, વૈજ્ઞાનિક તથા પંચસાહેદોના પુરાવાનું એકસાથે મુલ્યાંકન કરતાં જણાય આવે છે કે પોસ્ટમોર્ટમનો અભિપ્રાય, એફ.એસ.એલ.ના બાયોલોજી તથા સીરોલોજી અહેવાલો, સ્થળ પરથી તથા આરોપીઓ પાસેથી કબજે થયેલ મુદ્દામાલ, ડિસ્કવરી હેઠળ મળેલ છરી અને પંચસાહેદોની જુબાનીઓ એકબીજાને સંપૂર્ણ સમર્થન આપે છે. બનાવ નજરે જોનાર PW–10 સમર્થસિંહ તથા PW–12 ફરિયાદી ઋતુરાજસિંહ દ્વારા વર્ણવાયેલ હુમલાની રીત, PW–11 ડૉ. અલ્પાબેન જેઠવાના મેડિકલ અભિપ્રાય, એફ.એસ.એલ.ના વૈજ્ઞાનિક પરિણામો તથા પંચસાહેદોના પુરાવા વચ્ચે કોઈ વિસંગતિ જણાતી નથી. તેના બદલે સમગ્ર પુરાવાથી એકજ હકીકત રેકર્ડ પર આવે છે કે આરોપી નં.૧ અજયસિંહે ધારદાર છરી વડે મરણજનારને જીવલેણ ઈજા પહોંચાડેલી હતી તથા આરોપી નં.૨ ધનરાજસિંહ સમગ્ર ઘટનામાં સક્રિય રીતે મદદગારી કરેલી હતી. આથી આ તમામ પુરાવાનું સંયુક્ત મુલ્યાંકન કરતાં ફરિયાદપક્ષ દ્વારા રજૂ કરાયેલ સમગ્ર ઘટનાક્રમ માત્ર મૌખિક પુરાવાથી જ નહીં પરંતુ મેડિકલ, વૈજ્ઞાનિક તથા દસ્તાવેજી પુરાવાથી પણ મજબૂત રીતે સમર્થિત થયેલ હોવાનું આ અદાલત માને છે.

(૨૮.૯) વધુમાં ફરિયાદપક્ષે તપાસ અધિકારી તરીકે PW–14 ત.ક. અમલદાર ને તપાસેલા છે. સરકાર પક્ષે તેમના પુરાવા દ્વારા સમગ્ર તપાસની પ્રક્રિયા સાબિત કરેલ છે. આ કેસમાં ફરિયાદ નોંધવામાં આવેલ. બનાવના સ્થળનું પંચનામું કરવામાં આવેલ. ઈન્કવેસ્ટ પંચનામું કરવામાં આવેલ. ગુનાના મુદ્દામાલની જપ્તી કરવામાં આવેલ. આરોપીઓની ધરપકડ કરવામાં આવેલ. આરોપીઓની ઓળખ પરેડ કરવામાં આવેલ. ડિસ્કવરી પંચનામું કરવામાં આવેલ. મુદ્દામાલને વૈજ્ઞાનિક તપાસ માટે એફ.એસ.એલ. ખાતે મોકલવામાં આવેલ. અને અંતે તપાસ પૂર્ણ કરી ચાર્જશીટ રજૂ કરવામાં આવેલાની હકીકત જણાઈ આવે છે. ઉલટતપાસ દરમ્યાન બચાવપક્ષે તપાસની ખામીઓ દર્શાવવાનો

પ્રયત્ન કરેલ છે. તેમના કહેવા મુજબ સ્થળ પરથી માત્ર એક જ સ્થળનું લોહી કબજે કરવામાં આવેલ. બનાવના સ્થળના સી.સી.ટી.વી. અંગે કોઈ તપાસ કરવામાં આવેલ નથી. કેટલાક સાહેદોના નિવેદનો લેવામાં આવેલ નથી. બોલેરો કેમ્પરનું પંચનામું કરવામાં આવેલ નથી. તેમજ ડિસ્કવરી સંબંધિત કાર્યવાહી અને તપાસની અન્ય બાબતોમાં પણ ખામી છે તેવી હકીકતો રેકર્ડ પર લાવવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે. પરંતુ આ તમામ મુદ્દા તપાસ કેવી રીતે થઈ તેને લગતા છે, બનાવની મુળ હકીકતને લગતા નહીં. વધુમાં તપાસ અધિકારીની જુબાનીનો મુખ્ય હેતુ તપાસ દરમ્યાન હાથ ધરવામાં આવેલી કાયદેસરની કાર્યવાહી સાબીત કરવાનો હોય છે. ગુનાની ઘટના તપાસ અધિકારીએ પોતાની નજરે જોયેલી હોતી નથી. તેથી તપાસની પ્રક્રિયામાં કોઈ ખામી રહી ગઈ હોય તો માત્ર તે કારણસર અન્ય વિશ્વસનીય પ્રત્યક્ષ, તબીબી તથા વૈજ્ઞાનિક પુરાવાને નકારી શકાય નહીં. હાલના કેસમાં PW–10 સમર્થસિંહ, PW–12 ઋતુરાજસિંહ, PW–11 ડૉ. અલ્પાબેન જેઠવાના પુરાવા તેમજ એફ.એસ.એલ.ના અહેવાલો સાથે તપાસ અધિકારીનો પુરાવો સંપૂર્ણ સુસંગત જણાય છે. પરિણામે બચાવપક્ષે દર્શાવેલ તપાસની નાની મોટી ક્ષતિઓ ફરિયાદપક્ષનો મુળ કેસ શંકાસ્પદ બની જતો નથી.

(૨૯) વધુમાં બચાવપક્ષે એવી દલીલ કરેલ છે કે ફરિયાદીને થયેલ ઈજાઓ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૭ હેઠળ આવતી નથી. પરંતુ રેકર્ડ પરના સમગ્ર પુરાવાનું મૂલ્યાંકન કરતાં જણાય આવે છે કે આરોપી નં.૧ પાસે બનાવ સમયે ધારદાર છરી હતી. વધુમાં બનાવમાં ફરિયાદી, ગુજરનાર તેમજ બનાવ નજરે જોનાર સાહેદ તરફથી ઝઘડામાં આરોપી નંબર–૧ અને ૨ ને કોઈ ઉશ્કેરણી કરેલી હોય કે તે આરોપીઓ પૈકી કોઈ આરોપી ને જે તે વખતે ફરિયાદી, મરણજનાર કે સાહેદ તરફથી જાનનું જોખમ હોય અને સ્વબચાવમાં છરી જેવા હથિયાર વડે કોઈ આરોપી તરફથી કોઈ કાર્યવાહી થઈ હોય તેવો કોઈ પુરાવો રેકોર્ડ પર નથી. આમ આ સંજોગો તેમજ ફરિયાદ અને રેકર્ડ પરનો પુરાવો લક્ષમાં લેતાં એ હકીકત સ્પષ્ટપણે જણાઈ આવે છે કે, બનાવ સમયે આરોપી નં.૧ પાસે છરી હતી અને તેના વડે ફરિયાદી ઉપર હુમલો કરતા હતા ત્યારે ગુજરનાર

તેના ભાઈને એટલેકે ફરિયાદીને બચાવવા વચ્ચે પડે છે અને તે સમયે આરોપી નં.૨ નાએ પથ્થર લઈને સાહેદને રોકેલા હતા, એટલે આરોપી નં.૧ નો ઈરાદો એવો હતો કે ફરિયાદી તેમજ મરણજનારને જાનનું જોખમ ઉભુ થાય તેવી ઈજા પ્રાણઘાતક હથિયાર વડે પહોંચાડવી, કારણકે એ સમયે ગુજરનાર વચ્ચે આવી જાય છે એટલે એનો જે ઘા માર્યો છે તે મરણજનાર માટે ઘાતક બને છે પરંતુ ત્યારબાદ પણ આરોપી નં.૧ અટકતો નથી અને ફરીથી ફરિયાદીને ઈજા કરવા જાય છે અને ફરિયાદી પોતાનો સ્વબચાવ કરે છે ત્યારે તેને હાથમાં તેમજ પગમાં સાથળના ભાગે પાછળ ઈજા થયેલ છે. પરંતુ એનો મતલબ એ નથી કે ફરિયાદીનો ઈરાદો ઈજા પામનારને મૃત્યુ પામે તેવી સંભાવના હોવાની ઈજા પહોંચાડવાનો ન હતો. ફરિયાદીએ પોતાના બચાવ માટે હાથ આગળ કર્યા હોવાથી તેને હાથ તથા પગના ભાગે ઈજાઓ થયેલ હોવાનું પુરાવા પરથી જણાય આવે છે. માત્ર એટલા કારણસર કે ઈજાઓ શરીરના અત્યંત સંવેદનશીલ ભાગ ઉપર પહોંચી નથી, તે પરથી આરોપીનો ઈરાદો મૃત્યુકારક ઈજા પહોંચાડવાનો ન હતો તેવું અનુમાન કરી શકાય નહીં. તે સંજોગોમાં ઈ.પી.કોડ કલમ–૩૦૭ માં ઈરાદો શું હતો તે હકીકત ને જ મહત્વ આપેલું છે. તે સંજોગોમાં હાલના બનાવમાં ફરિયાદીને શાર્પ કટીંગ વેપનથી આરોપી નં.૧ દ્વારા પહોંચાડવામાં આવેલી ઈજા કલમ–૩૦૭ માં પડે છે અને આ ઈજા પહોંચાડતા હતા ત્યારે આરોપી નં.૨ નાએ સાહેદને પથ્થર ઉગામી તેના વડે ફરિયાદીને બચાવવા જવા માટે રોકેલા છે અને તે સમયે તેની સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૧૧૪ મુજબની જવાબદારી પણ ઉભી થાય છે તેવુ પણ માનવાને સ્પષ્ટ કારણ રહે છે. આમ, ફરિયાદીને થયેલ ઈજાઓ શરીરના અત્યંત સંવેદનશીલ ભાગ ઉપર થયેલી નથી તેટલા માત્રથી આરોપી નં.૧નો ઈરાદો પ્રાણઘાતક ઈજા પહોંચાડવાનો ન હતો તેમ માની શકાય નહીં. ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૭ હેઠળ ઈજાની પ્રકૃતિ કરતાં હુમલાની રીત, વપરાયેલ હથિયાર, ઈજા પહોંચાડવાનો પ્રયાસ તથા તે સમયે આરોપીનો ઈરાદો વિશેષ મહત્વનો હોય છે. હાલના કેસમાં આ તમામ સંજોગો ફરિયાદપક્ષના પુરાવાથી પુરવાર થતાં ફરિયાદપક્ષે કલમ–૩૦૭ના

આવશ્યક તત્વો પણ સફળતાપૂર્વક સાબિત કરેલ હોવાનું આ અદાલત માને છે.

**(૩૦)** વધુમાં બચાવપક્ષે ઓળખ પરેડની કાર્યવાહી અંગે પણ શંકા વ્યકત કરેલ છે. દલીલ ખાતર એવું માની લઈએ કે ઓળખપરેડની કાર્યવાહીમાં કોઈ પ્રક્રિયાગત ખામી રહી ગઈ હોય, તો પણ માત્ર તે કારણસર ફરિયાદપક્ષનો સમગ્ર કેસ નકારી શકાય નહીં. હાલના બનાવમાં ઓળખપરેડ માત્ર આરોપી નં.૨ ધનરાજસિંહની જ કરવામાં આવેલ હતી. ઓળખપરેડ સમયે ફરિયાદી તેમજ ઈજા પામનાર નજરે જોનાર સાહેદ બંને હાજર રહ્યા હતા અને તેમણે આરોપી નં.૨ની ઓળખ કરી બતાવેલ હોવાનું રેકર્ડ પરથી પુરવાર થાય છે. વધુમાં તપાસ દરમિયાન આરોપી નં.૨ની ઓળખ આરોપી નં.૧ના સાળા તરીકે અગાઉથી જ ઉજાગર થઈ ગયેલ હોવાથી તપાસ અધિકારીએ માત્ર વધુ ચોક્કસતા અને નિશ્ચિતતા લાવવાના હેતુથી ઓળખપરેડ યોજી હતી. તે ઉપરાંત હાલનો બનાવ ધોળા દિવસે જાહેર સ્થળે બનેલો છે. ફરિયાદી તથા નજરે જોનાર સાહેદ બંને સમગ્ર બનાવ દરમિયાન સ્થળ ઉપર હાજર હતા અને તેમને આરોપીઓને જોવાની તથા તેમની ઓળખ કરવાની પૂરતી તક મળેલી હતી. લાંબા સમય બાદ કોર્ટમાં જુબાની આપતી વખતે કેટલીક નાની–મોટી વિસંગતતાઓ આવવી સ્વાભાવિક છે, પરંતુ તેનાથી તેમની મૂળ ઓળખ અથવા બનાવ અંગેની વિશ્વસનીયતા ઉપર કોઈ અસર પડતી નથી. તેથી ઓળખપરેડના પુરાવાને ગૌણ ગણવામાં આવે તો પણ કોર્ટમાં કરાયેલ ઓળખ તેમજ ફરિયાદપક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ વિશ્વસનીય પ્રત્યક્ષ, તબીબી, વૈજ્ઞાનિક તથા અન્ય સંજોગી પુરાવાના આધારે આરોપીઓની ઓળખ અને તેમની સંડોવણી નિઃશંકપણે પુરવાર થાય છે.

**(૩૧)** વધુમાં બચાવપક્ષે એવી દલીલ કરેલ છે કે હોસ્પિટલની પ્રાથમિક મેડિકલ હિસ્ટ્રીમાં હુમલો કરનાર તરીકે માત્ર "વાળા" શબ્દ લખાવેલ છે અને કોઈનું પૂરું નામ લખેલ નથી. જયારે ફરિયાદમાં આરોપીઓના પૂરા નામ આપેલ છે. તેથી આરોપીઓના નામ પાછળથી ઉમેરાયા હોવાની શંકા છે.પરંતુ આ દલીલ રેકર્ડના પુરાવાને ધ્યાને લેતા

સ્વીકારી શકાય તેમ નથી. રેકર્ડ પરથી જણાય આવે છે કે બનાવ દરમ્યાન ફરિયાદી પોતે પણ ઈજાગ્રસ્ત થયેલ હતો તથા તેનો ભાઈ ગંભીર રીતે ઘાયલ હાલતમાં હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ હતો. આવી પરિસ્થિતિમાં હોસ્પિટલમાં આપવામાં આવતી પ્રાથમિક હિસ્ટ્રીનો મુખ્ય હેતુ તાત્કાલિક સારવાર આપવાનો હોય છે, વિગતવાર ગુનાની નોંધ કરવાનો હોતો નથી. માત્ર મેડિકલ હિસ્ટ્રીમાં સંપૂર્ણ નામોનો ઉલ્લેખ ન હોવાના આધારે ફરિયાદમાં પાછળથી આરોપીઓના નામ ઉમેરવામાં આવેલા હોવાનું અનુમાન કરી શકાય નહીં. વધુમાં, ફરિયાદી ઈજાગ્રસ્ત સાહેદ છે અને રેકર્ડ ઉપર એવો કોઈ વિશ્વસનીય પુરાવો ઉપલબ્ધ નથી કે તેણે કોઈ નિર્દોષ વ્યક્તિને ખોટી રીતે ફસાવવાના હેતુથી આરોપીઓના નામ પાછળથી દાખલ કરાવ્યા હોય. તેથી બચાવપક્ષની આ દલીલ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

**(૩૨)** વધુમાં બચાવપક્ષ દ્વારા તેમની રજુઆતના સમર્થનમાં નામ. સુપ્રીમ કોર્ટના ચુકાદાઓ રજુ કરેલા છે. તે પૈકી 2022 LawSuit (SC) 938, Khema @ Khem Chandra Etc. Vs. State of Uttar Pradesh : ના ચુકાદામાં સર્વોચ્ચ અદાલતે એવું ઠરાવેલ છે કે, ઈજાગ્રસ્ત સાહેદની જુબાનીમાં મોટો વિરોધાભાસ હોય, તબીબી પુરાવા સાથે ન મેળ ખાતી હોય, તપાસમાં મોટી ભૂલ હોય અને અન્ય કોઈ પુરાવાનું સમર્થન ન હોય તો આરોપીને શંકાનો લાભ મળી શકે. પરંતુ હાલના કેસમાં એવું નથી. અહીં ફરિયાદી ઈજાગ્રસ્ત સાહેદની જુબાનીને સ્વતંત્ર સાહેદ, તબીબી પુરાવા, એફ.એસ.એલ. રિપોર્ટ અને અન્ય દસ્તાવેજી પુરાવાનું પૂરતું સમર્થન મળેલ છે. બચાવપક્ષે બતાવેલી વિસંગતતાઓ પણ નજીવા પ્રકારની છે. તેથી ઉપરોક્ત ચુકાદાની હકીકતો અને હાલના કેસની હકીકતો અલગ છે. આથી આ ચુકાદો હાલના કેસમાં આરોપીપક્ષને મદરૂપ થતો નથી.

તેજ રીતે નામ. સુપ્રીમ કોર્ટનો ચુકાદો 2023 LawSuit (SC) 1280 – Chandrasekhar Patel v. Suresh & Ors. બચાવપક્ષે આ ચુકાદાનો આધાર લઈ એવી દલીલ કરેલ છે કે, સ્વતંત્ર

સાહેદોની તપાસ ન થઈ હોય, નજરે જોનાર સાહેદોની જુબાનીમાં શંકા હોય અને સાહેદોની ઉલટતપાસ કરવાની પૂરતી તક ન મળી હોય તો આરોપીને શંકાનો લાભ આપવો જોઈએ. પરંતુ હાલનો કેસ આ ચુકાદાથી અલગ છે. અહીં ફરિયાદી પોતે ઈજાગ્રસ્ત છે અને નજરે જોનાર સાહેદ પણ છે. તેની જુબાનીને બીજા નજરે જોનાર સાહેદ અને તબીબી પુરાવાથી સારું સમર્થન મળે છે. વધુમાં, બચાવપક્ષને સાહેદોની ઉલટતપાસ કરવાની પૂરેપૂરી તક આપવામાં આવેલ હતી. રેકોર્ડ પર એવી કોઈ મોટી પ્રક્રિયાની ભૂલ પણ નથી કે જેનાથી ફરિયાદપક્ષનો આખો કેસ શંકાસ્પદ બને. તેથી ઉપરોક્ત ચુકાદાનો સિદ્ધાંત હાલના કેસની હકીકતોમાં બચાવપક્ષને મદદ કરતો નથી.

તેજ રીતે નામ. સુપ્રીમ કોર્ટનો ચુકાદો 2024 LawSuit (SC) 375 – Suresh @ Unni @ Vadi Suresh Vs. State of Kerala, બચાવપક્ષે આ ચુકાદાનો આધાર લઈ એવી દલીલ કરેલ છે કે, જો આરોપીની ઓળખ પહેલીવાર કોર્ટમાં જ થાય, પહેલા ઓળખપરેડ ન લેવાયેલ હોય અને ઓળખ અંગે શંકા હોય તો માત્ર કોર્ટમાં થયેલી ઓળખના આધારે આરોપીને દોષિત ઠરાવી ન શકાય. પરંતુ હાલનો કેસ તે ચુકાદાથી તદ્દન અલગ છે. અહીં ફરિયાદી અને બીજા નજરે જોનાર સાહેદોની જુબાની વિશ્વસનીય છે અને એકબીજાને સમર્થન આપે છે. તેમની જુબાની મૌખિક પુરાવા અને તબીબી પુરાવા સાથે પણ મળતી આવે છે. વધુમાં, હાલના કેસમાં આરોપીઓની ઓળખ અંગે ઉપરોક્ત ચુકાદા જેવી કોઈ શંકા ઉભી થતી નથી. તેથી ઉપરોક્ત ચુકાદાનો સિદ્ધાંત હાલના કેસની હકીકતોને લાગુ પડતો ન હોવાથી બચાવપક્ષને તેનાથી કોઈ મદદ મળતી નથી.

તેજ રીતે બચાવપક્ષે Allarakha Habib Memon & Ors. v. State of Gujarat, Criminal Appeal Nos. 2828–2829 of 2023 તથા 112 of 2024 ના ચુકાદાનો આધાર લીધો છે. પરંતુ તે ચુકાદામાં નામ. સુપ્રીમ કોર્ટે એફ.આઈ.આર. મોડી નોંધાવી હોય, પહેલાની માહિતી છુપાવી હોય, રોજનામુ રજૂ ન કરેલ હોય, મુખ્ય સાહેદોની હાજરી

શંકાસ્પદ હોય, તપાસમાં મોટી ભૂલો હોય અને એફ.એસ.એલ. તથા મુદ્દામાલની કડી સાબિત ન થતી હોય તેવા ખાસ કારણોસર આરોપીઓને શંકાનો લાભ આપેલ હતો. હાલના કેસમાં તેવી કોઈ હકીકતો કે તપાસની મોટી ભૂલો નથી. તેથી ઉપરોક્ત ચુકાદાનો સિદ્ધાંત હાલના કેસને લાગુ પડતો ન હોવાથી બચાવપક્ષને તેનો લાભ મળી શકે નહીં.

તેજ રીતે બચાવ પક્ષે 2025 LawSuit(SC) 1058, NARAYAN YADAV V/S. STATE OF CHHATISGADH ના ચુકાદાનો આધાર લીધેલ છે. નામ. સર્વોચ્ચ અદાલતે આ ચુકાદામાં એવું ઠરાવેલ છે કે, આરોપીએ પોલીસને આપેલી કબૂલાતવાળી એફ.આઈ.આર.- કન્ફેશનલ એફ.આઈ.આર. પુરાવા અધિનિયમની કલમ-૨૫ હેઠળ પુરાવામાં ગણી શકાય નહીં. માત્ર તબીબી પુરાવાના આધારે અને બીજા કોઈ સ્વતંત્ર પુરાવા વગર કોઈને દોષિત ઠરાવી શકાય નહીં. કલમ-૨૭ હેઠળની મુદ્દામાલની ડિસ્કવરી કાયદેસર રીતે સાબિત કરવી જરૂરી છે.તેમજ આઈ.પી.સી. ની કલમ-૩૦૦ નો અપવાદ-૪ ત્યારે જ મળે જયારે પહેલેથી કાવતરુ ન હોય, આરોપીએ ગેરવાજબી ફાયદો ન લીધો હોય અને ક્રૂર વર્તન કરેલુ ન હોય.પરંતુ હાલના કેસમાં પ્રોસિક્યુશનનો આધાર આરોપીની કબૂલાતવાળી એફ.આઈ.આર. પર નથી. તેમજ માત્ર તબીબી પુરાવાના આધારે પણ આરોપીઓને દોષિત ઠરાવવામાં આવેલા નથી. કલમ-૨૭ નો મુદ્દો પણ હાલના કેસમાં મુખ્ય મુદ્દો નથી. વધુમાં, હાલના કેસમાં પુરાવાથી સાબિત થાય છે કે આરોપીઓએ જીવલેણ હથિયારથી વડે ગંભીર હુમલો કરેલો હતો. તેથી આઈ.પી.સી.- કલમ-૩૦૦ ના અપવાદ-૪ નો લાભ પણ હાલના કેસમાં મળી શકે નહીં. આથી ઉપરોક્ત ચુકાદાના સિદ્ધાંતો હાલના કેસની હકીકતોને લાગુ પડતા ન હોવાથી બચાવપક્ષને તેનો કોઈ લાભ મળતો નથી તેવું મારુ નમ્રપણે માનવું છે.

આમ, આ અદાલતે રજુ તમામ ચુકાદાઓનો અભ્યાસ તથા વિચારણા કરતા જણાઈ આવે છે કે આરોપીઓ તરફે રજુ કરવામાં આવેલ ચુકાદા માનસહ વંચાણે લેતા પ્રસ્તુત ચુકાદા, તેની હકીકત તથા તેમાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સિદ્ધાંત સાથે હાથ ઉપરના કેસની હકીકત

ધ્યાને લેતા પ્રસ્તુત ચુકાદા આરોપીઓના કેસને મદદરૂપ બનતા નહીં હોવાનું અત્રેની કોર્ટનું નમ્રપણે માનવું છે.

**(૩૩)** આમ, સમગ્ર મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનુ એકસાથે મુલ્યાંકન કરતાં જણાઈ આવે છે કે ફરિયાદપક્ષે રજૂ કરેલ દરેક મહત્વપૂર્ણ કડી એકબીજાને સ્વતંત્ર રીતે સમર્થન આપે છે. નજરે જોનાર PW−10 સમર્થસિંહ તથા PW−12 ઋતુરાજસિંહે સમગ્ર ઘટનાક્રમનું સ્વાભાવિક અને વિશ્વસનીય વર્ણન કરેલ છે. PW−11 ડૉ. અલ્પાબેન જેઠવાના મેડિકલ પુરાવાથી મરણજનારને થયેલી જીવલેણ ઈજા તથા મૃત્યુનું કારણ નિઃશંકપણે પુરવાર થાય છે. પંચસાહેદોના પુરાવાથી સ્થળ પંચનામું, મુદ્દામાલની જપ્તી તથા ડિસ્કવરીની કાર્યવાહી સ્થાપિત થાય છે. બાયોલોજી તથા સીરોલોજી વિભાગના અહેવાલો વૈજ્ઞાનિક રીતે સમગ્ર ઘટનાક્રમને સમર્થન આપે છે. તપાસ અધિકારીના પુરાવાથી તપાસની કાયદેસરની કાર્યવાહી પૂર્ણ થયેલ હોવાનું પણ સાબીત થાય છે. ઉપરોક્ત તમામ પુરાવા એકબીજાને સમર્થન આપે છે અને સમગ્ર પુરાવાની સાંકળ આરોપી નં.૧ અને આરોપી નં.૨ તરફ જ નિર્દેશ કરે છે. આ સાંકળમાં કોઈ તૂટ કે રેકર્ડ પર વાજબી શંકા ઊભી થાય તેવી કોઈ બાબત જણાઈ આવતી નથી.

ઉપરોક્ત સમગ્ર ચર્ચા, ફરિયાદપક્ષે રજૂ કરેલ મૌખિક, દસ્તાવેજી, તબીબી તથા વૈજ્ઞાનિક પુરાવાના સંકલિત મુલ્યાંકન તેમજ બંને પક્ષકારોની દલીલો અને તેઓ દ્વારા રજૂ કરાયેલા ચુકાદાઓને ધ્યાને લેતા આ કોર્ટ એવા નિષ્કર્ષ ઉપર પહોંચે છે કે તા.૨૯/૧૨/૨૦૧૭ના રોજ એરપોર્ટની દીવાલ પાછળ પુનિતનગર ગોળાઈ પાસે વાહન અથડાવવાની સામાન્ય બાબતને લઈને થયેલ તકરારમાં આરોપી નં.૧ અજયસિંહ પ્રદ્યુમનસિંહ વાળાએ પોતાની પાસે રહેલ ધારદાર છરી વડે મરણજનાર જયરાજસિંહ ભુપતસિંહ જાડેજાના પેટના ડાબા ભાગે જીવલેણ ઘા મારી ગંભીર ઈજા પહોંચાડેલ, જેના પરિણામે વધુ રક્તસ્ત્રાવ થવાથી તેનું મૃત્યુ નીપજેલ હોવાનું ફરિયાદપક્ષે વાજબી શંકાથી પર સાબીત કરેલ છે. તે જ સમયે ફરિયાદી ઋતુરાજસિંહ જાડેજાને પણ છરી વડે ઈજાઓ પહોંચાડવામાં આવેલ હોવાનું તથા આરોપી નં.૨

ધનરાજસિંહ બલવંતસિંહ જાડેજાએ સમગ્ર બનાવ દરમ્યાન આરોપી નં.૧ને સક્રિય મદદગારી કરી, ફરિયાદી તથા અન્ય વ્યક્તિઓને વચ્ચે પડતા અટકાવી સમાન આશયથી ગુનો કરવામાં મદદગારી કરી ગુનાને સફળ બનાવવામાં સહયોગ આપેલ હોવાનું પણ ફરિયાદપક્ષના પુરાવાઓ પરથી નિઃશંકપણે સ્થાપિત થાય છે. ફરિયાદપક્ષના નજરે જોનાર સાહેદોની જુબાની સ્વાભાવિક, વિશ્વસનીય તથા પરસ્પર સમર્થનકારી છે આ સાહેદોની જુબાનીને પોસ્ટમોર્ટમનો તબીબી પુરાવો, એફ.એસ.એલ. ના બાયોલોજી તથા સીરોલોજી અહેવાલો, પંચસાહેદોના પુરાવા, તપાસ અધિકારીની જુબાની તથા અન્ય દસ્તાવેજી પુરાવાથી સંપુર્ણ સમર્થન પ્રાપ્ત થાય છે. બચાવપક્ષે દર્શાવેલ વિસંગતિઓ સામાન્ય અને ગૌણ સ્વરૂપની છે, જે ફરિયાદપક્ષના મુળ કેસ અંગે કોઈ વાજબી શંકા ઉભી કરતી નથી. પરિણામે, આ કોર્ટ એવા સ્પષ્ટ નિષ્કર્ષ ઉપર પહોંચે છે કે ફરિયાદપક્ષ આરોપી નં.૧ અજયસિંહ પ્રદ્યુમનસિંહ વાળા તથા આરોપી નં.૨ ધનરાજસિંહ બલવંતસિંહ જાડેજા વિરુદ્ધ મૂકવામાં આવેલ આરોપો વાજબી શંકાથી પર સાબીત કરવામાં સફળ રહેલ છે.

વધુમાં હાલના કેસમાં તપાસનીશ અમલદારે કેસની યોગ્ય તપાસ કરેલ ન હોય કે આરોપીઓને તદ્દન ખોટી રીતે ફીટ કરી દિધેલ હોય તેવુ પણ જણાઈ આવતુ નથી કે તપાસમાં કોઈ બેદરકારી દાખવેલાનું પણ રેકર્ડ જોતા જણાતુ નથી. ઉલટુ સમગ્ર પુરાવાથી ગુનો માત્ર અને માત્ર આરોપીઓએ જ કરેલ હોવા તરફ સ્પષ્ટ દોરી જાય છે ત્યારે ફરીયાદપક્ષે અન્ય કોઈ સાહેદ તપાસેલ ન હોવા માત્રથી આરોપીઓને કોઈ પૂર્વગ્રહ થતો હોય તેવુ પણ જણાઈ આવતુ નથી.

ન્યાયતંત્રના સ્થાપિત સિધ્ધાંત મુજબ "પુરાવાનું મુલ્યાંકન" શબ્દને પુરાવાના કાયદામાં કયાંય વ્યાખ્યાબધ્ધ કરવામાં આવેલ નથી કે તે માટે કાનૂન સમર્થિત કોઈ નિયમ નથી, પુરાવાનુ મુલ્યાંકન કેવી રીતે કરવુ તે દરેક કેસની હકીકતો અને સંજોગો પર આધારીત હોય છે. પુરાવાના મુલ્યાંકનનો આધાર પુરાવાના કાયદાની કલમ-૩ માં કરવામાં આવેલી સાબીત અને નાસાબીતની વ્યાખ્યા પર આધારીત છે. સાબીત થયેલી હકીકતો કોને કહેવાય તે જોવામાં આવે તો અદાલત સમક્ષ પડેલી બાબતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતી

વ્યક્તિ જે તે સંજોગોમાં જે તે હકીકતનુ અસ્તિત્વ હોવાનુ માને તો તેવી હકીકત સાબીત થયેલી ગણાય.

ફોજદારી ન્યાયશાસ્ત્રના સ્થાપિત સિધ્ધાંત મુજબ એવુ અનુમાન કરવાનુ હોય છે કે જયારે સાહેદ સોગંદ ઉપર જુબાની આપે છે ત્યારે તેઓ પોતાના જ્ઞાન અને માહીતી મુજબ સાચુ જ બોલતા હોય છે, સિવાય કે તેનાથી વિરૂધ્ધની હકીકતો સાબીત કરવામા આવે, જયાં સુધી એવી હકીકત સાબીત કરવામાં ના આવે કે સાહેદને ખોટું બોલવા કોઈ કારણ છે ત્યાં સુધી તેમની જુબાની વિશે શંકા કરવા કોઈ કારણ રહેતુ નથી. ક્રિમીનલ જસ્ટીસ સીસ્ટમમા સત્ય શું છે તેનો નિર્ણય કરવા માટે ફરિયાદપક્ષ દ્ધારા પ્રસ્તુત કરવામાં આવેલ પુરાવાની છણાવટ ઉપર આધાર રહેલ છે, પુરાવાની છણાવટ કેવી રીતે કરવી તે માટેના કોઈ ચોકકસ નિયમો ઘડવામા આવેલા નથી કારણ કે દરેક કેસની હકીકતો, પુરાવો, આજુબાજુના પરીબળો તે તમામે તમામ હકીકતો ભીન્ન ભીન્ન પ્રકારના હોય છે.

**નામદાર સર્વોચ્ચ અદાલતે ૨૦૧૦ ક્રિમીનલ લો જર્નલ પાના નં.૩૮૮૯ સ્ટેટ ઓફ યુ.પી. વિરૂધ્ધ ક્રિષ્ના માસ્તર**ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ જયારે કોઈ ફોજદારી કેસમાં કેસની પરીસ્થિતિ, તમામ પરીબળો તેમ જ ફરિયાદપક્ષ તરફથી રજૂ કરવામાં આવેલ પુરાવાનુ મુલ્યાંકન કરવાનુ હોય ત્યારે તેમાં વિરોધાભાષ, અતિરેકના કારણે ફરિયાદ પક્ષના સમગ્ર કેસને અસર થતી ના હોય તો તેવો પુરાવો સ્વીકારી શકાય છે, કારણ કે કયારેક આવી વિસંગતતા, વિરોધાભાષ અગર તો અતિરેકતા સાહેદ એવા ભય સાથે ઉત્પન્ન કરતા હોય છે કે અદાલત તેઓના ઉપર અવિશ્વાસ કરી ના બેસે. તેમજ સાહેદોની દિવસો સુધી લાંબી લાંબી ઉલટ તપાસ કરવામા આવતી હોય ત્યારે સ્વાભાવીક રીતે જ તેઓના પુરાવામાં થોડો વિરોધાભાષ, અતીરેક આવે તો તેટલા માત્રથી સમગ્ર પુરાવો ફેંકી દઈ શકાય નહીં. વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતે સદર ચુકાદામાં વધુમાં એવુ પણ જણાવેલ છે ફરિયાદપક્ષ દ્ધારા રજૂ કરેલ પુરાવાનું જીવનની વાસ્તવીકતાને નજર સમક્ષ રાખીને મુલ્યાંકન કરવું જોઈએ, માત્ર ટેકનીકલ કારણોસર આખોય પુરાવો "ડીસકાર્ડ" કરવો જોઈએ નહીં. સાહેદે આપેલી જુબાની કઈ

પરીસ્થિતિમા આપેલ છે, કઈ પરીસ્થિતિમા બનાવ બનેલ છે, બનાવ બન્યા બાદની સ્થિતિ, સાહેદનું જ્ઞાન, બનાવ વખતના પરીબળો, કેવા સંજોગોમાં જુબાની આપેલ છે તે હકીકતોને અનુલક્ષીને જ પુરાવાનુ મુલ્યાંકન કરવુ જોઈએ.

આમ પુરાવાના મુલ્યાંકનના સંદર્ભમાં કાયદાના ઉપરોકત પ્રસ્થાપિત સિધ્ધાંતોના પરીપેક્ષમાં ફરીયાદી તેમજ ઈજાપામનાર બનાવ નજરે જોનાર સાહેદનો પુરાવો જોતા ફરીયાદી તથા સાહેદનો પુરાવો અકુદરતી કે અવાસ્તવિક કે ખોટો હોય તેવુ માની શકાય તેમ નથી અને તેમના પુરાવાને ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરીયાદપક્ષના તમામ સાહેદોના પુરાવાથી સ્પષ્ટપણે સમર્થન મળે છે. તેવી જ રીતે તપાસ દરમ્યાન આરોપીઓએ બનાવ વખતે પહેરેલ કપડા ઉપર મરણજનારના જુથનુ લોહી મળી આવેલ છે અને તે હકીકત આરોપીઓના અટક પંચનામા તેમજ એફ.એસ.એલ.ના મુદ્દામાલ પૃથ્થકરણ અહેવાલ પરથી પુરવાર થાય છે ત્યારે આ વૈજ્ઞાનીક પુરાવાથી પણ ફરીયાદીના પુરાવાને સમર્થન મળે છે તેમજ ડોકટરની જુબાની તેમજ ઈન્કવેસ્ટ પંચનામાની હકીકતો પરથી હોમીસાઈડલ ડેથ હોવાનું જણાઈ આવેલ છે ત્યારે ફરિયાદપક્ષના કેસની હકીકત મુજબ આ કામના આરોપી નં.૧ નાઓએ જ મરણજનારને ગંભીર ઈજા કરી મોત નીપજાવેલ હોવાની હકીકત ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરવામાં સફળ રહેલ હોય તેસંજોગોમાં આરોપીઓએ ઈ.પી.કો.કલમ ૩૦૨ મુજબ ગુનો કરેલાનું સ્પષ્ટ પુરવાર થાય છે. તેજ રીતે ભારતીય દંડ સંહિતાની કલમ–૧૧૪ અંગે સમગ્ર મૌખિક, દસ્તાવેજી, તબીબી તથા વૈજ્ઞાનિક પુરાવાનું સંયુકત મુલ્યાંકન કરતાં જણાય આવે છે કે આરોપી નં.૨ ધનરાજસિંહ સમગ્ર બનાવ દરમ્યાન આરોપી નં.૧ અજયસિંહ સાથે સ્થળ પર હાજર હતો. ફરિયાદપક્ષના નજરે જોનાર સાહેદો PW–10 સમર્થસિંહ તથા PW–12 ઋતુરાજસિંહની વિશ્વસનીય જુબાની પરથી સ્પષ્ટ થાય છે કે જયારે તેઓ મરણજનાર તથા ફરિયાદીને બચાવવા વચ્ચે પડ્યા ત્યારે આરોપી નં.૨એ પથ્થર ઉગામી તેમને અટકાવેલા હતા, જેથી આરોપી નં.૧ નિરાંતે ધારદાર છરી વડે હુમલો કરી શકે. ત્યારબાદ બંને આરોપીઓ એકસાથે સ્થળ પરથી નાસી ગયેલા હોવાનું પણ વિશ્વસનીય રીતે પુરવાર થયેલ છે.

આમ, આરોપી નં.૨ની ભૂમિકા માત્ર સ્થળ પર હાજર રહેવા પૂરતી મર્યાદિત નથી રહી, પરંતુ તેણે મુખ્ય આરોપીને ગુનો આચરવામાં સક્રિય મદદગારી તથા પ્રોત્સાહન પૂરું પાડેલ હોવાનું પુરવાર થાય છે. તેથી આરોપી નં.૨ ભારતીય દંડ સંહિતાની કલમ–૧૧૪ના અર્થમાં મુખ્ય ગુનાની અમલવારી સમયે હાજર રહેલ મદદગાર તરીકે જવાબદાર ઠરે છે અને પરિણામે ફરિયાદપક્ષે તેની વિરુદ્ધ કલમ–૧૧૪ હેઠળનો આરોપ પણ વાજબી શંકાથી પર પુરવાર કરવામાં સફળતા મેળવેલ હોવાનું આ કોર્ટનું માનવું છે. આમ, બન્ને આરોપીઓ વિરૂદ્ધ **આઈ.પી.સી. કલમ–૩૦૨, ૩૦૭ સાથે વાંચતા કલમ–૧૧૪** મુજબનો ગુનો પુરવાર કરવામાં ફરિયાદપક્ષ સફળ રહેલ છે.

**<u>જી.પી.એક્ટની કલમ–૧૩૫(૧) ની ચર્ચા</u>:**

**(૩૪)** વધુમાં આ કેસમાં આરોપીઓ વિરુદ્ધ જી.પી.એક્ટની કલમ–૧૩૫(૧) મુજબ પણ ગુનો નોંધાયેલો છે. ગુજરાત પોલીસ અધિનિયમની કલમ–૧૩૫ અંગે ફરિયાદપક્ષે પૂરતો અને વિશ્વસનીય પુરાવો રજૂ કરેલ હોવાનું જણાઈ આવે છે. આંક–૧૪૭ થી રેકર્ડ પર રહેલ જાહેરનામું તથા અન્ય દસ્તાવેજી પુરાવા પરથી બનાવના દિવસે સંબંધિત પ્રતિબંધાત્મક જાહેરનામું અમલમાં હોવાનું નિઃશંકપણે પુરવાર થાય છે. વધુમાં, ફરિયાદપક્ષના બનાવ નજરે જોનાર સાહેદોની જુબાની, મેડિકલ પુરાવો, ડિસ્કવરી પંચનામું તથા મુદ્દામાલની ઓળખ પરથી આરોપી નં.૧ અજયસિંહ પાસે ધારદાર છરી હોવાનું તેમજ તે જ છરી વડે હુમલો કરવામાં આવેલ હોવાનું નિઃશંકપણે પુરવાર થાય છે. તે જ રીતે ફરિયાદી તથા નજરે જોનાર સાહેદોની વિશ્વસનીય જુબાની પરથી આરોપી નં.૨ ધનરાજસિંહના હાથમાં પથ્થર હતો અને તેણે તે પથ્થર ઉગામી મરણજનારને બચાવવા આવતા સાહેદોને ધમકાવી રોકતો હોવાનું પણ પુરવાર થાય છે. રેકર્ડ પરના જાહેરનામામાં પથ્થર જેવા ઘાતક સાધન ધારણ કરવા ઉપર પણ પ્રતિબંધ મુકવામાં આવેલ હોવાથી આરોપી નં.૨ દ્વારા પણ તે જાહેરનામાનો ભંગ થયેલ હોવાનું સ્પષ્ટ થાય છે. આમ, બન્ને આરોપીઓએ પ્રતિબંધાત્મક જાહેરનામાનો ભંગ કરી પ્રતિબંધિત હથિયાર/ઘાતક સાધન સાથે જાહેર સ્થળે હાજર રહી ગુનો આચર્યો

હોવાનું ફરિયાદપક્ષે વાજબી શંકાથી પર પુરવાર કરેલ હોવાથી બન્ને આરોપીઓ વિરુદ્ધ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ–૧૩૫(૧) હેઠળનો આરોપ પણ પુરવાર કરવામાં ફરિયાદપક્ષ સફળ રહેલ છે.

**(૩૫)** આમ, ઉપરોકત કરેલ સમગ્ર ચર્ચા, મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનું મૂલ્યાંકન તેમજ ફરિયાદપક્ષ દ્વારા રજૂ કરાયેલ વિશ્વસનીય નજરે જોનાર સાહેદોની જુબાની, તબીબી પુરાવો, વૈજ્ઞાનિક પુરાવો તથા અન્ય સંજોગો ધ્યાને લેતા ફરિયાદપક્ષે આરોપીઓ વિરુદ્ધ આંક–૨ મુજબના તહોમતનામા અનુસાર ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨, ૩૦૭ સાથે વાંચતા કલમ–૧૧૪ મુજબના ગુનાઓ તથા જી.પી.એક્ટની કલમ–૧૩૫(૧) મુજબનો ગુનો વાજબી શંકાથી પર નિઃશંકપણે પુરવાર કરવામાં સફળતા મેળવેલ હોવાનું આ કોર્ટનું માનવું છે. રેકર્ડ પરના પુરાવા પરથી આરોપી નં.૧ દ્વારા ધારદાર છરી વડે જીવલેણ હુમલો કરવામાં આવેલ હોવાનું તથા આરોપી નં.૨ સમગ્ર બનાવ દરમિયાન પથ્થર ધારણ કરી મરણજનારને બચાવવા આવતા સાહેદને પથ્થર ઉગામીને રોકી મુખ્ય આરોપીને સક્રિય મદદગારી કરેલ હોવાનું અને તે રીતે સમાન આશયથી ગુનામાં સહભાગી બન્યાનું પુરવાર થાય છે. વધુમાં, અમલમાં રહેલ પ્રતિબંધાત્મક જાહેરનામામાં છરી તેમજ પથ્થર જેવા ઘાતક સાધન ઉપર પણ પ્રતિબંધ હોવાને કારણે બન્ને આરોપીઓ દ્વારા જાહેરનામાનો ભંગ થયેલ હોવાનું પણ પુરવાર થાય છે અને તે સંજોગોમાં બન્ને **આરોપીઓને ભારતીય દંડ સંહિતા ની કલમ– ૩૦૨, ૩૦૭ સાથે વાંચતા કલમ–૧૧૪ તેમજ જી.પી.એક્ટની કલમ–૧૩૫(૧) મુજબના ગુના માટે દોષીત ઠરાવવામાં આવે છે** અને **મુદ્દા નં.૨ અને ૩** નો નિર્ણય **"હકારમાં"** આપી અને સજા અંગે સાંભળવા **મુદ્દા નં.૪** ના નિર્ણય માટે મુલતવી રાખવામાં આવે છે.

રાજકોટ.

**તા. ૦૪/૦૮/૨૦૨૬.**

**(ઈકરામખાન બશીરખાન પઠાણ)**
**ત્રીજા** અધિક સેશન્સ જજ,
રાજકોટ.
(UIC NO.GJ00614)

<u>સજા અંગે</u>–

(૩૬) ત્યારબાદ આ કામમાં વિ.પી.પી.શ્રી તથા આરોપીઓના વિ.વ.શ્રીને તેમજ આરોપીઓને સજાના મુદ્દે સાંભળ્યા.

(૩૭) આરોપીઓ તરફે મુખ્યત્વે દલીલ કરવામાં આવેલ છે કે, આરોપી નં.૧ ઘણાં સમયથી જેલમાં છે, તેમનું જેલમાં વર્તન ઘણું સારુ છે. આરોપી નં.ર જામીન મુક્ત છે પરંતુ સમગ્ર ટ્રાયલ દરમ્યાન નિયમીત હાજર રહેલા છે, તેમનું વર્તન સારુ રહેલુ છે કોઈ ગુનાહીત ભુતકાળ નથી. આરોપીઓ નાની ઉંમરના છે. આરોપીઓ કુટુંબ પરિવાર ધરાવે છે. આરોપીઓ તેમના ઘરમાં કમાનાર એક માત્ર જવાબદાર વ્યકિત છે અને આરોપીઓ ઉપર તેમના સમગ્ર પરિવારના ભરણ પોષણની જવાબદારી રહેલી છે. આરોપીઓનો આ પ્રથમ ગુનો છે, અગાઉ કોઈ ગુના નોંધાયેલા નથી. આરોપીઓએ ટ્રાયલ દરમ્યાન કોર્ટની કાર્યવાહીમાં સંપૂર્ણ સહકાર આપ્યો છે તથા ન્યાયપ્રક્રિયામાં કોઈ અડચણ ઊભી કરેલી નથી. આરોપીઓ છેલ્લા લાંબા સમયથી કેસની ટ્રાયલને કારણે માનસિક અને આર્થિક તણાવ સહન કરી રહ્યા છે સજાનો હેતુ માત્ર પ્રતિકાર નહીં પરંતુ સુધારણા પણ છે, તેથી આરોપીઓની ઉંમર, પારિવારિક પરિસ્થિતિ, વર્તણુંક તથા કેસની સમગ્ર હકીકતો ધ્યાનમાં લઈ તેમની સાથે ઉદાર અભિગમ દાખવી કાયદામાં જોગવાઈ મુજબ શક્ય તેટલી હળવી સજા કરવા તેમજ દંડની રકમ પણ વાજબી રાખવા વિનંતી કરવામાં આવેલ છે.

(૩૮) વિ.સ્પે. પી.પી.શ્રી દ્વારા મુખ્યત્વે એવી રજુઆત કરવામાં આવેલ છે કે, હાલનો ગુનો અત્યંત ગંભીર, જઘન્ય તથા સમાજવિરોધી સ્વરૂપનો છે. આરોપીઓએ અકસ્માત જેવી સામાન્ય બાબતમાં કોપણ પ્રકારની ઉશ્કેરણી વગર મરણજનાર સાથે ઝઘડો કરી ફરિયાદી તેમજ મરણજનાર ઉપર હુમલો કરી મરણજનારને પ્રાણઘાતક ઈજા પહોંચાડી તેનું મોત નીપજાવી અને ત્યારબાદ પણ ફરિયાદી ઉપર હુમલો કરવા ધસી જઈ શરીરના મહત્વના ભાગોમાં છરીના ઘા મારી ગંભીર પ્રકારની ઈજા પહોંચાડેલ

છે. આ કામે ગુજરનાર નાની ઉંમરના હતા. ફરિયાદપક્ષે પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરેલ છે. આવા પ્રકારના ગુનાઓ સમાજમાં ભય અને અસુરક્ષાની લાગણી પેદા કરે છે તથા કાયદા અને વ્યવસ્થા ઉપર લોકોનો વિશ્વાસ ડગમગી શકે છે. આરોપીઓએ પોતાના વર્તન દ્વારા માનવજીવન પ્રત્યે સંપૂર્ણ નિર્દયતા દર્શાવી હોવાનું પુરાવાઓ પરથી સ્પષ્ટ થાય છે. આવા ગંભીર ગુનાઓમાં માત્ર વ્યક્તિગત સંજોગોને પ્રાધાન્ય આપી ઉદારતા દાખવવી યોગ્ય નથી. ગુનાની ગંભીરતા, બનાવની રીત, હુમલાની ક્રૂરતા, સમાજ પર તેની અસર, સજાનો ડર અને સજા ગુનાના પ્રમાણમાં હોય તે સિદ્ધાંતોને ધ્યાનમાં રાખીને, આરોપીઓને કાયદા અન્વયેની શક્ય તેટલી સખત સજા કરવા રજુઆત કરેલ છે.

(૩૯) બન્ને પક્ષકારોની રજુઆતો તથા કેસની હકીકત ધ્યાનમાં લેતા જણાઈ આવે છે કે ફરીયાદપક્ષ આરોપીઓ વિરુધ્ધ ઈ.પી.કોડ કલમ-૩૦૨, ૩૦૭, ૧૧૪ મુજબનો ગુનો સાબીત કરવામાં સફળ રહેલા છે. આઈ.પી.સી. કલમ-૩૦૨ મુજબના ગુનામાં આજીવન કેદની સજાની જોગવાઈ કરવામાં આવેલી છે. આરોપીઓ વિરૂદ્ધ ઉપરોકત કલમ મુજબનો ગુન્હો પુરવાર થયેલો છે. તે સંજોગોમાં આરોપીઓ વિરૂદ્ધના ગુનાની ગંભીરતા જોતા આરોપીઓને કાયદામાં ઠરાવેલી મહતમ સજા તેમજ દંડ કરવામાં આવશે તો ન્યાયનો હેતુ જળવાશે જેથી ન્યાયના હિતમાં **મુદા નંબરઃ ૪** અન્વયે નીચે મુજબનો **આખરી હુકમ** કરવામાં આવે છે.

## :: આ ખ રી હુ ક મ ::

/૧/ આ કામના **આરોપી નં.૧ અજયસિંહ પ્રદ્યુમનસિંહ વાળા,** ઉ.વ.૨૬, રહે. બજરંગવાડી પાસે, પુનિતનગર શેરી નં.૨, નવલશેરી, "નાગબાઈ કૃપા", શીતલપાર્ક રોડ, જામનગર રોડ, રાજકોટ તથા **આરોપી નં.૨ ધનરાજસિંહ ઉર્ફે ઠેડો બલવીરસિંહ જાડેજા,** ઉ.વ.૨૧, રહે. આશાપુરાનગર શેરી નં.૨, શ્રી રામ કુટીરની બાજુમાં, કોઠારીયા રોડ, રાજકોટ વાળાને **ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૨ તથા ૩૦૭ સાથે વાંચતા કલમ-૧૧૪ તેમજ જી.પી.એક્ટની કલમ-૧૩૫(૧)** મુજબના શિક્ષાપાત્ર ગુનાઓમાં **ક્રીમીનલ પ્રોસીજર કોડ, કલમ-૨૩૫(૨) [ભારતીય નાગરિક**

**સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૨૫૮(૨)]** અન્વયે તકસીરવાન ઠરાવવામાં આવે છે.

/૨/ આ કામના આરોપીઓ નં. **૧. અજયસિંહ પ્રધુમનસિંહ વાળા** તેમજ આરોપી નં. **૨. ધનરાજસિંહ ઉર્ફે ઠેડો બલવીરસિંહ જાડેજા નાઓને બન્ને**ને **ભારતીય દંડ સંહિતાની કલમ –૩૦૨ સાથે વાંચતા કલમ–૧૧૪** મુજબના ગુનાના કામે **આજીવન સખત કેદ** ની સજા ભોગવવાનો તથા દરેક આરોપીએ રૂપીયા **૨૫,૦૦૦/– (અંકે રૂપિયા પચીસ હજાર પુરા)** દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. આરોપીઓ દંડ ની રકમ ભરપાઇ ન કરે તો વધુ ૦૩(ત્રણ) માસની સાદી કેદ ની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

/૩/ આ કામના આરોપીઓ નં. **૧. અજયસિંહ પ્રધુમનસિંહ વાળા** તેમજ આરોપી નં. **૨. ધનરાજસિંહ ઉર્ફે ઠેડો બલવીરસિંહ જાડેજા નાઓને બન્નેને ભારતીય દંડ સંહિતાની કલમ –૩૦૭ સાથે વાંચતા કલમ–૧૧૪** મુજબના ગુનાના કામે ૧૦ વર્ષની સખત કેદ ની સજા ભોગવવાનો તથા દરેક આરોપીએ રૂપીયા ૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પુરા) દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. આરોપીઓ દંડ ની રકમ ભરપાઇ ન કરે તો વધુ ૦૧(એક) માસની સાદી કેદ ની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

/૪/ આ કામના આરોપીઓ નં. **૧. અજયસિંહ પ્રધુમનસિંહ વાળા** તેમજ આરોપી નં. **૨. ધનરાજસિંહ ઉર્ફે ઠેડો બલવીરસિંહ જાડેજા નાઓને બન્નેને જી.પી.એક્ટની કલમ–૧૩૫(૧)** મુજબના શિક્ષાપાત્ર ગુનામાં આરોપીએ ૦૪ (ચાર) માસની સાદી કેદની સજા ભોગવવાનો તથા રૂ.૧૦૦૦/– (અંકે રૂપિયા એક હજાર પુરા)નો દંડ ભરવાનો અને દંડની રકમ ભરવામાં કસુર કર્યેથી વધુ–૧૦(દસ) દિવસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

/૫/ આ કામના ઉપરોકત તકસીરવાન ઠરાવેલ આરોપીઓને આઈ.પી.સી. કલમ–૧૧૪ મુજબના ગુનાના કામે અલગથી કોઈ સજા કરવામાં આવતી નથી.

/૬/ આ કામના દોષિત ઠરેલ ઉપરોક્ત આરોપીઓએ ઉપરોક્ત તમામ સજા એક સાથે ભોગવવાની રહેશે.

/૭/ આરોપી ૨. **ધનરાજસિંહ ઉર્ફે ઠેડો બલવીરસિંહ જાડેજા,** ચુકાદા સમયે જામીન મુકત હોય, આરોપી નં.૨ ના જામીન રદ કરવા તેમજ આરોપીને જયુડીશ્યલ કસ્ટડીમાં લેવા.

/૮/ ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ–૪૨૮ (ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૪૬૮) મુજબ આરોપીઓ જેટલો સમય કાચા કામના કેદી તરીકે રહ્યા હોય તે તમામ સમય ઉપરોક્ત સજા માંથી મજરે આપવો.

/૯/ ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૩૬૩, (ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૪૦૪) અન્વયે આ ચુકાદાની ખરી નકલ આરોપીઓને તાત્કાલિક વિના મુલ્યે પુરી પાડવી.

/૧૦/ આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ પૈકી મુદ્દામાલ હીરો હોન્ડા સ્પ્લેન્ડર મોટરસાઈકલ મીલ્ટ્રી કલરનું જેના રજી. નં. GJ–3–BQ–9349 છે તે પરત કરવા અંગે જો કોઈ વચગાળાનો હુકમ કરેલ હોય તો તે અપીલ સમય વિત્યા બાદ કાયમ રાખવો અને શરતો રદ કરવી અને જો કોઈ વચગાળાનો હુકમ કરવામાં આવેલ ન હોય તો સદરહુ મુદ્દામાલ જે તે મુદ્દામાલના મુળ માલીકને તેની માલીકીપણાની ખરાઈ કરીને અપીલ સમય વિત્યા બાદ પરત કરવો. જ્યારે બાકીનો કબજે કરવામાં આવેલ મુદ્દામાલ પાવતી મુજબનો નોન વેલ્યુએબલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યેથી નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**/૧૧/** ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૩૬૫ (ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૪૦૬) ની જોગવાઈ મુજબ આ ચુકાદાની એક નકલ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, રાજકોટ નાઓને મોકલી આપવી.

**/૧૨/** ક્રી.પ્રો.કોડ કલમ–૩૫૭(એ) મુજબ આ કામના ફરિયાદી ઋતુરાજસિંહ ભુપતસિંહ જાડેજાને યોગ્ય રકમનું વળતર ચુકવી આપવા માટે વિક્ટીમ કમ્પેન્સેશન સ્કીમ અંતર્ગત જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ (ડી.એલ.એસ.એ.) રાજકોટને ભલામણ કરવામાં આવે છે અને સદરહુ હુકમની પ્રમાણીત નકલ જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ, રાજકોટને મોકલી આપવી.

– આરોપીઓ નુ સજા વોરંટ ભરવુ.

– આ આખર હુકમની જાણ નાઝરશ્રી, ડિસ્ટ્રીક્ટ કોર્ટ, રાજકોટને કરવી.

– હુકમ અંગેની જરૂરી યાદીઓ કરવી.

આ હુકમ આજરોજ તા.**૦૪**થી, માહે–**ઓગસ્ટ,** સને–**૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

રાજકોટ.

**તા.૦૪/૦૮/૨૦૨૬.**

**(ઈકરામખાન બશીરખાન પઠાણ)**
**ત્રીજા** અધિક સેશન્સ જજ,
રાજકોટ.
(UIC NO.GJ00614)